મેટ્રિક સંસ્કૃત-૧૯૪૦

ગુજરાતી તથા અંગ્રેજી
ભાષાંતર સહિત.

૧૯૪૦ ના મેટ્રિકના
સંસ્કૃત સીલેકશનની
સંપૂર્ણ નોટ્સ.

જ. મ. આશર

editor of કાદમ્બરી
કુમારસંભવ
રત્નાવલી
વગેરે.

Students' Publishing Co., Junagadh.

पद्यविभाग:

८

मत्स्योपाख्यानम्

આ પાઠ મહાભારતના વનપર્વના અધ્યાય ૧૮૭નો બનેલો છે. મહાભારતમાં અઢાર પર્વ છેઃ-(૧) આદિ, (૨) સભા, (૩) વન (૪) વિરાટ (૫) ઉદ્યોગ, (૬) ભીષ્મ (૭) દ્રોણ (૮) કર્ણ (૯) શલ્ય (૧૦) સૌપ્તિક (૧૧) સ્ત્રી (૧૨) શાન્તિ (૧૩) અનુશાસન (૧૪) અશ્વમેધ (૧૫) આશ્રમ (૧૬) મૌશલ (૧૭) મહાપ્રસ્થાનિક ને (૧૮) સ્વર્ગારોહણ.

મહાભારત ને રામાયણ સંસ્કૃત ભાષામાં બે મોટામાં મોટા મહાકાવ્યો છે. તેના ગુણ પણ કદને અનુરૂપ જ છે. રામાયણમાં સૂર્યવંશી રામચંદ્રની વાત છે. જ્યારે મહાભારતમાં ચંદ્રવંશી પાંડવ કૌરવની વાત છે. પણ આ મુખ્ય વાતની આસપાસ એટલી બધી બીજી બાબતો ગોઠવાઈ ગઈ છે કે મહાભારત એક મોટો Encyclopedia બની ગયેલ છે. તેના વિષે કહેવાય છે કે 'જે અહીં નથી તે બીજે ક્યાંય મળવાનું નથી.' વાંચો :-

यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ।
अर्थशास्त्रमिदं प्रोक्तं धर्मशास्त्रमिदं महत् ।
कामशास्त्रमिदं प्रोक्तं व्यासेनामितबुद्धिना ।

इतिहासः प्रधानार्थः श्रेष्ठ सर्वागमेष्वयम् ।
इदं कविवरैः सर्वैराख्यानमुपजीव्यते ॥

ઘણા કવિઓએ મહાભારતમાંથી પોતાનું વસ્તુ લીધેલ છે. મહાભારતના મૂળ કર્તા કૃષ્ણદ્વૈપાયન વ્યાસ મનાય છે. વ્યાસે તે પોતાના શિષ્ય વૈશમ્પાયનને શીખવ્યું અને વૈશમ્પાયને તે કથા અર્જુનના પ્રપૌત્ર જનમેજય પાસે ગાઈ બતાવી. પણ મૂળ મહાભારતમાં પાછળથી ઘણા ઉમેરા થયા હશે તેમ લાગે છે. મૂળ મહાભારતનું નામ જય હતું ને તેમાં ૮૦૦૦ શ્લોક હતા; પછી તેનું ૨૪,૦૦૦ શ્લોકનું 'ભારત' થયું ને હાલ ઉપલબ્ધ 'મહાભારત'માં ૧૦૦,૦૦૦ શ્લોક છે. નલાખ્યાન, સાવિત્રી આખ્યાન, વિ. મોટાં મોટાં ઉપાખ્યાનો પણ આપણા મહાભારતમાં મળી આવે છે. આમ મહાભારત ગ્રન્થ ઘણા લેખકોની કૃતિ હોઈ તેને લખાતાં ઘણા સૈકાઓ વીત્યા હશે એમ વિદ્વાનો માને છે. મૂળ મહાભારત ઇ. સ. પૂર્વે પાંચમાં સૈકામાં લખાયું હશે ને હાલનું મહાભારત ઇ. સ. પછીના બે સૈકાઓમાં તૈયાર થઈ ગયું હશે એમ હાલ મનાય છે.

મહાભારતની શૈલી સરળ છતાં વેગવતી છે: તેનો જુસ્સો કોઈ ઓર જ છે. તેનાં પાત્રો તેજસ્વી છે ને તેમની ભાષા પણ તેજ છે. બહુ જૂના કાળમાં લખાયું હોવાને લીધે તેમાં આર્ષ રૂપો (વ્યાકરણની દૃષ્ટિએ ખામીવાળાં રૂપો) ઘણાં મળી આવે છે.

આપણા પાઠમાં પ્રલયકાળ વખતે બ્રહ્માએ મત્સ્યનું રૂપ લઈને મનુ વિ. ને કેવી રીતે બચાવી લીધા અને પછી મનુએ કેવી રીતે પ્રજાને ઉત્પન્ન કરી તેની વાત છે. આ વાતને મહાભારતની મૂળ વાત સાથે કાંઈ સંબંધ નથી. આવાં નાનાં મોટાં આખ્યાનો મહાભારતના દરેક પર્વમાં મળી આવે છે; અને પાછળથી ઉમેરાયાં હોય તેમ લાગે છે. નળોપાખ્યાન જેવાં કેટલાંક આખ્યાનો તો એક સ્વતંત્ર

મહાકાવ્ય જેટલાં જ મોટાં છે. આ પાઠમાં આવેલ મત્સ્યોપાખ્યાન, તેનું નામ સૂચવે છે તેમ (उपाख्यान—નાનું આખ્યાન, પેટા આખ્યાન), સાવ નાનું છે.

સાર :—(૧–૫) મનુ બદ્રિકાશ્રમમાં ઘોર તપ કરતા હતા. (૬–૯) એક માછલું મનુને શરણે આવ્યું. (૧૦–૧૧) તેના ઉપર દયા આવવાથી મનુએ તેને કુંજામાં રાખ્યું, (૧૨–૧૫) તે મોટું થવાથી કુંજામાં સમાયું નહિ તેથી મનુએ તેને મોટા હોજમાં રાખ્યું. (૧૬–૨૧) હોજ પણ નાનો પડવાથી, મનુ માછલાંને ગંગાનદીમાં મૂકી આવ્યા, (૨૨–૨૫) ગંગામાંથી માછલાંને મનુ સમુદ્રમાં લઈ ગયા. (૨૬—૩૪) ત્યારે માછલાંએ મનુને પ્રલયકાળ નજીક આવ્યાની વાત કરી; અને કહ્યું, "તું સપ્તર્ષિ સાથે બધી જાતનાં બી લઈને, હોડીમાં બેસીને અહીં આવજે અને મારી રાહ જોજે, એટલે હું આવીશ ને તને સમુદ્ર પાર ઉતારીશ. મારાં શીંગડાંથી તું મને ઓળખી શકશે." (૩૫–૩૬) મનુએ તેને તે પ્રમાણે કરવા વચન આપ્યું અને બંને છૂટા પડ્યા. (૩૬–૪૩) મનુ હોડી સાથે સમુદ્રમાં ગયા અને માછલાનાં શીંગડા સાથે હોડી બાંધી દીધી. માછલું તે હોડીને ખેંચી ને સમુદ્ર પાર લઈ ગયું. (૪૪–૪૫) બધું જળમય બની ગયું. (૪૬–૫૧) ઘણાં વર્ષો સુધી હોડી ખેંચીને તે માછલું તેને હિમાલયના શિખરે લઈ ગયું અને ત્યાં માછલાના કહેવાથી ઋષિઓએ હોડી બાંધી. આ શિખરને नौबन्धनं કહે છે. (૫૧–૫૫) પછી માછલાંએ બધાંને કહ્યું, "હું પ્રજાપતિ બ્રહ્મા છું અને મત્સ્યરૂપ ધરીને મેં તમને બચાવી લીધા છે. હવે મનુએ બધી પ્રજાને ઉત્પન્ન કરવાની છે. તપથી તેને આ શક્તિ પ્રાપ્ત થશે અને મારી કૃપાથી તેને મોહ નહિ થાય." આમ કહીને તે માછલું જતું રહ્યું. (૫૫–૫૭) મનુએ ખૂબ તપ કરીને પ્રજાને ઉત્પન્ન કરી. આ

મત્સ્યાખ્યાન પૂરું થાય છે. (૫૮) ફલશ્રુતિ:– આ આખ્યાન સર્વ પાપનો નાશ કરનાર છે. જે કોઈ આ સાંભળે તે સુખી થશે, તેના બધા મનોરથ સિદ્ધ થશે અને તે સ્વર્ગમાં જશે.

ઉપર આપેલ સાર પરથી જણાશે કે આ વાત મત્સ્યાવતારની છે. વિષ્ણુના દશ મુખ્ય અવતાર ગણાય છે:– મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, નૃસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી. તેમાં પહેલા નવ થઈ ગયા છે અને કલ્કી અવતાર કળિયુગના અંતમાં થવાનો છે.

આમાં આવતી પ્રલયની વાત શતપથ નામના બ્રાહ્મણ ગ્રંથમાં પણ વર્ણવેલી છે. શતપથની વાત અને મહાભારતની વાતમાં થોડો ફરક છે. આ ફરક યોગ્ય ઠેકાણે નોટ્સમાં બતાવેલ છે.

આવી પ્રલયની વાતો દુનિયાની બધી પ્રજાના સાહિત્યમાં મળી આવે છે. દા. ત. બાઈબલમાં Noah's Ark ની વાત આવે છે.

અનુવાદ :

મત્સ્યોપાખ્યાન

વૈશમ્પાયન બોલ્યા:–

પછી તે પાંડવે માર્કંડેય (નામના) બ્રાહ્મણને કહ્યું, "વિવસ્વતના પુત્ર મનુની વાત (મને) કહો." (૧)

માર્કંડેય બોલ્યા:–

હે રાજા, વિવસ્વતનો પુત્ર (મનુ) મહર્ષિ, સારા પ્રતાપવાળો, માણસોમાં શ્રેષ્ઠ અને બ્રહ્માના જેવા તેજવાળો હતો. (૨)

વીર્યમાં, તેજમાં, લક્ષ્મીમાં, અને ખાસ કરીને તપમાં મનુ પોતાના પિતા તથા પિતામહને પણ વટી ગયો. (૩)

હે રાજા, વિશાળ બદ્રિકાશ્રમમાં હાથ ઊંચા કરી, એક પગે ઊભા રહી તેણે ઘણું જ મોટું અને તીવ્ર તપ કર્યું. (૪)

પછી ઊંધે માથે રહીને, આંખનું મટકું પણ માર્યા વિના, તેણે દૃઢતાથી દશ હજાર વર્ષ સુધી ભયંકર તપ કર્યું. (૫)

કોઈક દિવસે, ચીરિણી (નદી)ના કાંઠે આવીને, એક માછલાંએ તપ કરતા, અને ભીનાં વલ્કલ તથા જટા ધારણ કરનાર તેને કહ્યું. (૬)

હે ભગવાન, હું એક ક્ષુદ્ર માછલું છું; મને (બીજાં) બળવાન માછલાંની, ખરેખર, બીક લાગે છે. માટે હે સારાં વ્રતવાળા, તું મારું રક્ષણ કર. (૭)

કારણ કે બળવાન નબળાને—ખાસ કરીને (બળવાન) માછલાં (નબળાં) માછલાંને—ખાઈ જાય છે; (આ જાતની પોષણ) કરવાની રીત હમેશાં અમારા માટે સનાતન કાળથી નક્કી કરવામાં આવે છે. (૮)

માટે ખાસ કરીને ડૂબી જતા એવા મને (આ) મોટા ભયના પ્રવાહમાંથી તારે ઉગારી લેવો જોઈએ; તારા માટે હું બદલામાં એક કાર્ય કરીશ. (૯)

માછલાનું કહેવું સાંભળીને, કૃપાથી પૂર્ણ થયેલ તે વૈવસ્વત મનુએ તે માછલાને પોતાના હાથે જ (પાણીમાંથી બહાર) લીધું. (૧૦)

તે માછલાને કિનારા પાસે લાવીને વૈવસ્વત મનુએ તેને ચન્દ્રના કિરણ જેવા તેજવાળા કુંજામાં નાખ્યું. (૧૧)

હે રાજા, તે મહાન સત્કાર પામેલ માછલું વધવા માંડ્યું. મનુએ તેના ઉપર ખાસ કરીને પુત્રના જેવો સ્નેહ રાખ્યો. (૧૨)

પછી ઘણા કાળ પછી, તે માછલું એટલું બધું મોટું થયું કે તે કુંજામાં ખરેખર સમાઈ શક્યું નહિ. (૧૩)

પછી મનુને જોઇને માછલાંએ ફરીવાર કહ્યું, "હે ભગવાન, મારા માટે હવે કોઈ બીજું સારૂં સ્થાન શોધી કાઢો."

પછી તે કુંજામાંથી (તેને) ખેંચીને, તે મનુ ભગવાન તે માછલાંને મોટા હોજમાં (અથવા કૂવામાં) લઈ ગયા. (૧૫)

હે દુશ્મનના નગરને જીતનાર, મનુએ તેને ત્યાં નાખ્યું. પછી ઘણા વર્ષો સુધી તે માછલું વધ્યે ગયું. (૧૬)

તે હોજ બે યોજન લાંબો અને એક યોજન પહોળો હતો. હે કમળ જેવી આંખવાળા રાજા, હે કૌન્તેય, તે માછલું તે હોજમાં ક્રીડા કરવા શક્તિમાન થયું નહિ. પછી મનુને જોઇને તે માછલાંએ એક બીજીવાર (તેને) કહ્યું, (૧૭–૧૮)

"હે ભગવાન, સાધુ પુરુષ, મને સમુદ્રની પ્રિય પટરાણી ગંગા પાસે લઈ જાઓ; ત્યાં હું રહીશ, અથવા હે પિતાશ્રી તમે ઇચ્છો તેમ (કરું). (૧૯)

કારણ કે જરા પણ ખોટું લગાડ્યા વિના મારે તમારા હુકમમાં રહેવું જોઇએ, કારણ કે નિષ્પાપ, તમારા માટે જ (हि) મેં આ મહાન વૃદ્ધિ પ્રાપ્ત કરી છે." (૨૦)

જેને આમ કહેવામાં આવ્યું હતું તે સંયમી, દૃઢ, મનુ ભગવાન તે માછલાને ગંગા નદીમાં લઈ ગયા અને તેને ત્યાં નાખ્યું. (૨૧)

હે દુશ્મનનું દમન કરનાર, તે માછલું ત્યાં થોડો વખત વધ્યું. પછી ફરીને મનુને જોઈને તે માછલાંએ (આ) શબ્દો કહ્યા, (૨૨)

"હે પ્રભુ, (બહુ) મોટો હોવાને લીધે, ગંગામાં હું ફરી શકતો નથી. (માટે) હે ભગવાન મને એકદમ સમુદ્રમાં લઈ જાઓ, કૃપા કરો." (૨૩)

પછી, હે પાર્થ, માછલાંને ગંગાના પાણીમાંથી ઊંચકીને મનુ પોતે તે સમુદ્રમાં લઈ ગયા: અને ત્યાં તેને છોડી દીધું. (૨૪)

જો કે તે માછલું બહુ મોટું હતું છતાં પણ જ્યારે મનુ તેને લઈ જતા હતા ત્યારે તે સહેલાઈથી ઊંચકી શકાતું હતું અને તેનો સ્પર્શ તથા ગન્ધ પણ આનંદદાયક હતાં. (૨૫)

જ્યારે તે માછલાંને મનુએ સમુદ્રમાં ફેંક્યું ત્યારે તે (માછલાંએ) તેને (મનુને) મોં મલકાવીને નીચે પ્રમાણે વચન કહ્યું, (૨૬)

ભગવાન, તમે ખાસ સંભાળપૂર્વક મારી બધી રક્ષા કરી છે, યોગ્ય સમય આવ્યે તમારે જે કરવાનું છે તે હું (કહું છું), સાંભળો. (૨૭)

હે ભગવાન, હે મહાભાગ, ટૂંક સમયમાં આ બધી સ્થાવર અને જંગમ ભૂમિનો પ્રલય થઈ જશે. (૨૮)

આ દુનિયાને સાફ કરીને પવિત્ર કરવાનો આ સમય આવી પહોંચ્યો છે; માટે તારું જે પરમ હિત છે તે તને કહું છું. (૨૯)

જંગમ અને સ્થાવર, જે ચલનશક્તિવાળાં છે અને જે તે વિનાનાં છે, તે બધાને માટે અત્યંત ભયંકર સમય આવી પહોંચ્યો છે. (૩૦)

તારા માટે એક લાંબા દોરડાથી યુક્ત મજબૂત હોડી બનાવજે. તેમાં હે મહામુનિ, તું સપ્તર્ષિઓની સાથે ચઢી બેસજે. (૩૧)

તારી સાથે તું અગાઉ બ્રાહ્મણોએ ગણાવેલ બધાં બીયાંઓ હોડીમાં લેજે અને જાતવાર સંભાળપૂર્વક સાચવજે. (૩૨)

હે મુનિલોકોને પ્રિય, હોડીમાં બેસીને મારી રાહ જોજે, પછી હું શીંગડાવાળા (પ્રાણીના રૂપમાં) આવીશ. તે (શીંગડા)થી, હે તપસ્વી, મને ઓળખી કાઢજે. (૩૩)

આ પ્રમાણે તારે આ કરવાનું છે; મેં તને શિખામણ આપી દીધી છે; (હવે) હું જઈશ. મારી (મદદ) સિવાય તે મહાન પૂર (આપ:)ને તરી શકાય તેમ નથી. (૩૪)

તે (મનુએ) તે માછલાંને નીચે પ્રમાણે જવાબ આપ્યો :—"હે વિભુ, તારા વચનમાં શંકા લાવી શકાય તેમ નથી: હું આ પ્રમાણે કરીશ." (૩૫)

એક બીજા પાસેથી વિદાય મેળવીને તે બંને પોતાની ઇચ્છા પડે ત્યાં ગયા. પછી હે વીર, હે શત્રુનું દમન કરનાર, હે મહારાજા, પછી માછલાંના કહેલા પ્રમાણે બધાં બીયાંઓ લઈને મનુએ ઉત્તમ હોડીમાં બેસીને સમુદ્રમાં ઝંપલાવ્યું. (૩૬—૩૭)

અને મનુએ, હે પૃથિવીપતિ, તે માછલાંનું ધ્યાન ધર્યું: અને મનુનું ચિંતન જાણી લઈને તે શીંગડાવાળું માછલું પણ, હે શત્રુના નગરને જીતનાર, હે ભરતકુળમાં જન્મેલાઓમાં ઉત્તમ, ત્યાં એકદમ આવ્યું. હે મનુષ્યમાં ઉત્તમ, તે શીંગડાવાળા માછલાને ઉપર કહેલ આકારમાં ખડકની જેમ સમુદ્રમાં નીકળતું જોઈને, મનુએ તે માછલાના માથા ઉપર આવેલ શીંગડાં ઉપર, હે મનુષ્યમાં ઉત્તમ, લાંબા દોરડાથી બનાવેલ પાશ નાખ્યો. તે પાશથી બંધાયેલ તે માછલું, હે શત્રુના નગરને જીતનાર, ખૂબ વેગથી તે હોડીને ખારા સમુદ્રમાં ખેંચવા લાગ્યું. પછી, હે મનુજેશ્વર, તે (માછલું) તેમને હોડી વડે મોજાંઓથી જાણે કે નાચતા હોય તેવા અને પાણીથી જાણે ગર્જતા હોય તેવા સમુદ્રની પાર લઈ ગયું. હે દુશ્મનના નગરને જીતનાર, તે મહાસાગરમાં પ્રચંડ પવનોથી ક્ષુભિત થયેલી તે હોડી કોઈ પીધેલ વેશ્યાની જેમ ચકડોળે ચડી ગઈ. (અને) ભૂમિ, દિશાઓ, અને ખૂણાઓ દેખાતા બંધ થયા. (૩૮—૪૪)

હે મનુષ્યોમાં શ્રેષ્ઠ, આકાશ અને પૃથ્વી (વિ) બધું જળમય બની ગયું. હે ભરતર્ષભ, જ્યારે પૃથ્વી આવી રીતે (પાણીથી) વ્યાપ્ત થઈ ગઈ, ત્યારે સપ્તર્ષિઓ, મનુ તથા માછલું દેખાયાં. એ પ્રમાણે ઘણા વર્ષો સુધી તે માછલાંએ સાવચેતીપૂર્વક (अतन्द्रितः) તે હોડીને તે સમુદ્ર (અથવા પાણીના પૂર) ઉપર ખેંચ્યા કરી. પછી હે ભરતર્ષભ, હે કુરુનન્દન, તે માછલું તે હોડીને હિમાલયના ઊંચા શિખર તરફ ખેંચી ગયું. પછી તે માછલાંએ તે ઋષિઓને સ્મિતપૂર્વક ધીમેથી કહ્યું, (૪૫–૪૮).

"જરા પણ વખત ગુમાવ્યા વિના (मा चिरम्), આ હિમાલયના આ શિખરે હોડીને બાંધી દો." માછલાનું વચન સાંભળીને તે ઋષિઓએ, હે ભરતર્ષભ, તે હોડીને એકદમ હિમાલયના તે શિખરે બાંધી દીધી. તે દિવસથી તે હિમાલયનું શિખર 'નૌબન્ધન' નામથી હજુ પણ (હે કૌન્તેય) ઓળખાય છે. હે ભરતર્ષભ, તે તું જાણી લે. પછી તે માછલાંએ (अनिमिषः) તે ભેગા થયેલ ઋષિઓને કહ્યું, (૪૯–૫૧)

"હું પ્રજાપતિ બ્રહ્મા છું, મારાથી પર કોઈ નથી. અને માછલાનું રૂપ લઈને મેં તમને આ ભયમાંથી ઉગારી લીધા છે. (૫૨)

મનુએ દેવ, અસુર અને માનવો વિ. બધી પ્રજા અને બધા દુનિયાઓ–સ્થાવર જંગમ–ઉત્પન્ન કરવાની છે. (૫૩)

અને તીવ્ર તપ કરવાથી તેનામાં આ શક્તિ આવશે. અને મારી કૃપાને લીધે પ્રજા ઉત્પન્ન કરવામાં તે મોહી પડશે નહિ." (૫૪)

આ શબ્દો કહીને તે માછલું એક ક્ષણમાં અદૃશ્ય થયું. પછી પ્રજાને ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળો મનુ પોતે પ્રજોત્પત્તિમાં મોહ પામ્યો; (અને) તેથી તેણે મહાન તપ આદર્યું. મહાન તપથી યુક્ત થયેલા તેણે પોતે જ પછી, હે ભરતર્ષભ, આગળની જેમ બધી પ્રજા ઉત્પન્ન કરવાની

શરૂઆત કરી. આ પ્રમાણે 'માત્સ્યક' નામનું પુરાણ મેં (તારી પાસે) વર્ણવ્યું છે. (૫૫–૫૭)

મેં બધા પાપનો નાશ કરનાર એવું આ આખ્યાન વર્ણવ્યું છે. જે પહેલેથી માંડીને મનુનું આ ચરિત્ર હમેશાં સાંભળે તે માણસ સુખી (થાય છે), તેના બધા મનોરથો પૂર્ણ થાય છે અને તે સ્વર્ગમાં જાય છે. (૫૮)

—મહાભારતમાં વન પર્વનો અધ્યાય ૧૮૭.

Vaishampayana said :—

Then that Pandava (son of Paudu) said to Brahmin Markandeya, "Tell (me) the story of Manu, the son of Vivasvat" (1)

Markandeya said :—

O King, the son of Vivasvat, a saint of great valour and the best among men, was as lustrous as Brahma. (2)

Manu surpassed his father and the grand father by power, lustre, wealth and especially by penance. (3)

O King, he, standing on one foot, (and) with hands raised up. practised very severe Penance in the vast Badrikashram. (4)

Then he, having the head hung downwards and with unwinking eyes firmly practised severe penance for ten thousand years. (5)

Once, a fish, having come to the bank of the (river) chirini, said (these) words to him, who practising penance, (and) who had put on wet bark garments and matted hair. (6)

Revered one, I am a poor fish; I am afraid of powerful fishes; then O one observing good vows, it behoves you to save me. (7)

Because the powerful eat the weak; especially the strong fish eat the weak fish; this mode of maintenance is always prescribed for us from eternal times. (8)

So it behoves you all the more (विशेषत:) to save, from the great current of fear, me who am sinking. I shall do return action (i. e. good turn) for your sake. (9)

Hearing the word of that fish, Manu, the son of Vivasvat, overfloored by mercy, took himself that fish by (his) hand. (10)

Manu, the son of Vivasvat, bringing that fish near shore, placed it in a water-jar the beauty of which was as much as that of moon-beams. (11)

O king, there the fish that had received hearty (great) welcome, grew. Manu, especially showed affection to him as towards a son. (12)

Now after a long time, that fish became so big that it could not, indeed (किल), be contained in the jar. (13)

Now, the fish, seeing Manu, told again, "Revered one, find another good place for me now (अद्य)." (14)

Then, lifting him out of that well, that revered Manu took him to a big reservoir (or well). (15)

O the conqueror of the cities of the enemy, Manu threw him there; then again that fish grew for a great number of years. (16)

That reservoir (or well) was two YOJANAS long, was a YOJANA wide also; O lotus-eyed king, son of Kunti, that fish was not able to play in that reservoir (or well); then, the fish, seeing Manu, again said, (17-18)

"O revered good man, take me to the Ganges, the beloved Queen of the sea; I shall stay there or, O father, (I shall live) as you think. (19)

Because I must abide by your order without any ill will; because, O sinless one, I have grown greatly for your sake alone (हि)" (20)

The firm self-controlled revered Manu, who was thus addressed took the fish to the river Ganges and himself threw it there. (21)

O restrainer of foes, that fish grew there for some time; then, seeing Manu again, said: (22)

"O Lord, owing to (my) bigness I am not able to move (lit. play) in the Ganges; take me to the sea quick; O revered one, be pleased." (23)

O son of prutha, then Manu, himself lifting out the fish from the water of the Ganges, took him to the sea and left him there. (24)

Notwithstanding its huge size, Manu easily carried it and its touch and smell were also pleasant to him. (25)

When that fish was thrown into the sea by Manu, it smilingly spoke these words to Manu, (26)

"O revered one, you have protected me with special care; hear what you should do in the fulness of time. (27)

O revered one, O greatly blessed one, these earthly (things), movable and immovable, will in a short time, be destroyed. (28)

The proper time for purging off this earth is almost come; therefore I tell you what will be good for you. (29)

The terrible doom has now come to the movable and immovable things (of the creation), those that have locomotion and those that have not. (30)

You should build a strong boat, furnished with a rope; O great sage, get into it with the seven sages. (31)

Take with you all the different seeds which were enumerated in the days of yore by the Brahmanas preserved separately and carefully. (32)

O belove of sages, while remaining in the boat wait for me; and I shall appear to you in the shape of a horned animal; O ascetic, recognize me by that. (33)

I now depart. You must act according to my instructions; for, without my help, it is not possible (for you) to swim the huge flood." (34)

He (Manu), then, thus replied to that fish, "O lord, I do not doubt all that you have said. I shall do so." (35)

Taking leave of each other, they both went away as they pleased. O great King, then Manu as told by the fish, O Chastizer of foes, O hero, procured all different seeds and set sail in an excellent vessel on the surging sea. (36-37)

O lord of the earth, O conqueror of hostile cities, he thought of that fish and that fish also knowing his thought, O best among Bharats, quickly went there with horns. O foremost of men, seeing in the ocean that fish with the horn emerging like a rock in the form as he was told before, he (Manu) threw the noose made by a rope round the horn on the head of that fish; O best of men, O conqueror of hostile cities, fastened by that noose, the fish carried the boat in the salt sea, with great speed. O lord of men, it dragged them in that vessel over the sea which was as if dancing by the waves and roaring by the water. Tossed by the tempest on the great ocean, that ship reeled about like a drunken harlot. O corpueror of hostile cities, land, direction, or corners (of direction) could not be seen. (38-44)

O best among men, every thing- the heaven and the sky- was covered with water. O best of

the Bharatas, when the world was thus flooded, Manu, the seven sages, and the fish were seen. O king, for many years that fish diligently dragged the boat on the flood of water. O best among Bharatas, O descendant of Kuru, it dragged the boat to the peak of the Himalyas. Then that fish slowly spoke thus to those sages with a smile, (45--48)

"Without delay, tie the boat to this peak of the Himalayas." O best of Bharatas, they soon tied the vessel there, on the peak of the Himalayas on hearing the words of the fish. Since that day that Himalaya-peak has become famous as नौबन्धन even upto this day. O son of Kunti, O best of Bharatas, know this. Then that fish thus spoke to those sages assembled together. (49-51)

"I am the lord of creatures, Brahma; none is greater than I. And in the form of a fish I have saved you from this fear. (52)

Manu should create all beings–gods, demons and men; and all the worlds– the movable and the immovable (things). (53)

And will get this power by severe penance.

By my blessings infatuation will have no power (on him) in creating projeny. (54)

Having said this, the fish disappeared in a moment. Manu, the son of Vivasvat, himself became desirous of creating creatures. (55)

In this work of creation, infatuation overtook him; he ·therefore, performed great penance. Endowed with great penance, O best of Bharatas Manu himself again began to create all people in proper and exact order. I have thus narrated to you the old story called the Legend of the Fish. (56-57)

I have narrated this legend, which removes all sins. He, who everyday hears this old history of Manu from the beginning, obtains all happiness, all (other) objects, of desire and goes to heaven. (58)

मत्स्यस्य उपाख्यानम् मत्स्योपाख्यानम्- (ष. त.) માછલાંનું ઉપાખ્યાન. પ્રાસ્તાવિક લખાણ જુઓ. वैशम्पायनः અર્જુનના પ્રપૌત્ર જનમેજયને મહાભારતની કથા કહેનાર. सःपाराडवः- યુધિષ્ઠિર. पांडोः अपत्यं पुमान् पांडवः कथयस्व---

૧. અન્વયઃ ततः स पांडवः विप्रं मार्कराडेयं उवाच, "मनोः वैवस्वतस्य चरितं कथयस्व" इति च । કહો. विवस्वतः अपत्यं पुमान् वैवस्वतः- વિવસ્વતનો પુત્ર मनुः-મનુ આદિ પુરુષ ગણાય છે; અને

બધી પ્રજાનો પિતા કહેવાય છે. તેના વંશજો 'માનવ' કહેવાય છે. મનુ એક ધારાશાસ્ત્રી પણ હતો. તેણે 'મનુસ્મૃતિ' લખેલ છે.

मार्कण्डेयः—ઋષિનું નામ છે.

૨. અન્વયઃ हे राजन्, नरशार्दूल, विवस्वतः सुतः सुप्रतापवान् प्रजापतिसमद्युतिः बभूव ।

नरशार्दूल—માણસોમાં ઉત્તમ. शार्दूल, व्याघ्र, पुंगव વિ. શબ્દો ઉમેરવાથી 'ઉત્તમ' નો અર્થ આવે છે. આ વાત માર્કણ્ડેય ઋષિ યુધિષ્ઠિરને કરે છે, એટલે અંદર આવતાં સંબોધનો યુધિષ્ઠિરને ઉદ્દેશીને લખાયેલ છે. विवस्वतः विवस्वत् નું ૫. એ. વ. વિવસ્વત્નો. ટીકાકાર નીલકંઠ विवस्वत् શબ્દની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે આપે છેઃ—"विशेषेण वस्ते (=आच्छादयति) चित्प्रकाशम् इति. विवः (अज्ञान) तद्वान् मायावी ईश्वरः !" सुप्रतापवान्—સારા પ્રતાપ વાળો, प्रजानाम् पतिः प्रजापतिः (ष. त.) तेन समा द्युतिः यस्य सः प्रजा...द्युतिः—પ્રજાપતિ (=બ્રહ્મા) ના જેવું જેનું તેજ છે તે. बभूव—भू. ગ. ૧. ૫. નું પરોક્ષ ભૂત. ત્રી પુ. એ. વ. હતો.

૩. અન્વયઃ—ओजसा तेजसा लक्ष्म्या विशेषतः च तपसा मनुः स्वं पितरं पितामहं च अतिचक्राम ।

ओजसा બળ વડે, विशेषतः—ખાસ કરીને. पितामहं—બ્રહ્મા. अतिचक्राम्—अति+क्रम् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. ચઢી ગયો, ટપી ગયો, વધ્યો.

૪. અન્વયઃ—हे नराधिप, विशालायां बदर्यां स ऊर्ध्वबाहुः एकपादस्थितः तीव्रं सुमहत् तपं चकार । नराधिप—રાજા. विशालायां—વિશાળ, મોટી. बदर्यां—બદ્રિકાશ્રમમાં, ગામનું નામ છે. હજુ પણ આ બદ્રિકાશ્રમ પવિત્ર સ્થળ મનાય છે. ऊर्ध्वौ बाहू यस्य सः ऊर्ध्वबाहुः (બહુ.) હાથ

ઉંચા રાખીને. एकेन पादेन स्थितः एकपादस्थितः (તૃ. ત.) એક પગે ઉભા રહીને. तीव्रं–ભયંકર, તીવ્ર. सुमहत्–ખૂબ મહાન, ઘણું જ મોટું तपः चकार–તપ કર્યું. चकार–कृ નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. કર્યું

૫. અન્વય:–तदा सः अवाक्शिराः तथा नेत्रैः अनिमिषैः अपि इदं घोरं च तपः वर्षाणां अयुतं अतप्यत ।

अवाक्–નીચે. अवाक् शिरः यस्य सः अवाक्शिराः (બહુ.) ઉંધે માથે. अनिमिषः–પલકારા વિના, મટકું પણ માર્યા વિનાના. अयुतं–દશ હજાર तपः अतप्यत–તપ કર્યું. अतप्यत–तप्नुं હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ.

૬. અન્વય :–कदाचित् चीरिणीतीरं आगम्य मत्स्यः : आर्द्रचीरजटाधरम् तपस्यन्तम् तं वचनम् अब्रवीत् ।

चीरिणी–નદીનું નામ છે. आर्द्र–ભીનાં चीरं–વલ્કલ, आर्द्राणि चीराणि आर्द्रचीराणि (કર્મ) तेषां च जटायाः च धरः आर्द्र...धर : (ષન્ત) तम् ભીનાં વલ્કલ અને જટાને ધારણ કરનાર. तपस्यन्तम्–तप् ના ભવિષ્ય કૃદંતનું દ્વિ. એ. વ. તપ કરતા. અહીં માછલું પોતાની મેળે મનુ પાસે આવે છે. જ્યારે શતપથ બ્રાહ્મણની વાતમાં જ્યારે મનુએ હાથ ધોવા ખોબામાં પાણી લીધું ત્યારે માછલું અચાનક તેમાં આવી ગયેલું, એમ આવે છે.

૭. અન્વય : हे भगवन् क्षुद्रमत्स्यः : अस्मि; मम बलवद्भ्य : भयं (अस्ति) तत : मां मत्स्येभ्यः त्रातुं अर्हसि, हे सुव्रत.

बलवद्भ्य : भय :–બળવાન (માછલાં)ની બીક. "In the case of words implying 'fear' and 'protection from danger,' that from which the fear or danger

proceeds is put in the ablative case." apte. शोभनं व्रतं यस्य सः सुव्रतः (બહુ) तस्य संबोधनम् સારાં વ્રતવાળો.

૮. અન્વય:, दुर्बलं बलवन्तः, विशेषतः मत्स्याः मत्स्यं; आस्वदन्ति (इयं) सनातनी वृत्तिः नः सदा विहिता ।

दुर्बलं बलवन्तः आस्वदन्ति–બળવાન દુર્બળને ખાઈ જાય છે. विशे...स्यं–ખાસ કરીને (બળવાન) માછલાં (નબળાં) માછલાંને (ખાઈ જાય છે.) સરખાવો :– 'मत्स्य एव मत्स्यं गिलति'–શતપથ. આ 'બળિયાના બે ભાગ' (Might is right અથવા Survival of the fittest)ના ન્યાયને સંસ્કૃતમાં मात्स्यन्याय કહેવામાં આવે છે. सनातनी–શાશ્વત કાળથી. वृत्तिः–ભરણપોષણ કરવાની રીત. नः–અમારે માટે–विहिता–કરી મૂકી છે.

૯. અન્વય:–तस्मात् विशेषतः मज्जन्तं मां महतः भयौघात् त्रातुं अर्हसि; तव कृते प्रतिकृतं कर्तास्मि ।

मज्जन्तं–मस्ज् ગ. ૬. પ. નો પુ. વ. કૃ. નું દ્વિ. એ. વ ડૂબી જતા. भयं एव ओघः भयौघः (કર્મ.) तस्मात् ભય રૂપી પ્રવાહમાંથી तवकृते–તારા માટે. for your sake. कृते પછી લે છે प्रतिकृतं–બદલામાં કરેલ કાર્ય. कर्तास्मि–कृ નું શ્વસ્તન ભવિષ્ય ૧. પુ. એ. વ. કરીશ

૧૦. અન્વય: मत्स्यवचनं श्रुत्वा कृपया अभिपरिप्लुतः स : मनु : वैवस्वतः स्वयं तं मत्स्य पाणिना अगृह्यत ।

अभि+परि+प्लु નું કર્મણિ ભૂ. કૃ. अभिपरिप्लुत–ભરપૂર થયેલો. स्वयं–પોતાની જાતે જ. पाणिना–હાથ વડે. अगृह्यात्–ग्रह् નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. લીધું.

૧૧. અન્વય:–तं. उदकात् उपानीय मनुः वैवस्वतः तं मत्स्यं चन्द्रांशुसदृश प्रभे आलिंजरे प्राक्षिपत् । उदकात् उपानीय પાણીમાંથી

(બહાર) લાવીને उपानीय—उप+आ+नी નું સંબંધક ભૂ. કૃ. લાવીને चन्द्रस्य अंशवैः सदृशी प्रभा यस्य सः चन्द्रां...प्रभः (બહુ.) तस्मिन् (आलिंजरे નું વિશેષણ છે) જેનું તેજ ચંદ્રના કિરણો જેવું છે તે. आलिंजरे—કુંભમાં. प्राक्षिपत्—प्र+क्षिप् ગ. ૪. પ. નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. નાખ્યું.

૧૨. અન્વયઃ— हे राजन् परमसत्कृतः स मत्स्यः तत्र ववृधे; विशेषतः मनु तस्मै पुत्रवत् भावं स्वीकरोत्।

परमसत्कृतः— ખૂબ સત્કાર પામેલ. ववृधे—वृध् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. વધવા લાગ્યું. पुत्रवत् भावं—પુત્રના જેટલો સ્નેહ. स्वीकरोत्—રાખવા લાગ્યા. પુત્રના ઉપર જેટલો સ્નેહ હોય તેટલો જ સ્નેહ આ માછલાં ઉપર મનુએ રાખ્યો.

૧૩. અન્વયઃ— अथ महता कालेन स मत्स्यः सुमहान् अभूत्, यथा च आलिंजरे एव असौ किल न समभवत्।

महता कालेन—ઘણા વખત પછી, લાંબા કાળ પછી. આ વાક્પ્રચાર ધ્યાનમાં રાખો, સરખાવો :—गच्छता कालेन—as the time rolled on. अभूत्—भू નું અદ્યતન ભૂત ત્રી. પુ. એ. વ. થયું. किल ખરેખર. પરિશિષ્ટ જુઓ. न समभवत्—માયું નહિ. માછલું એટલું બધું મોટું થયું કે કુંભો તેને નાનો પડવા લાગ્યો.

૧૪. અન્વય :— अथ मनुं दृष्ट्वा मत्स्यः पुनः एव अभ्यभाषत "हे साधु भगवन्, अद्य मे अन्यत् स्थानं संप्रतिपादय"।

पुनः—ફરીવાર, બીજીવાર. अभ्यभाषत—अभि+भाष् ગ. ૧. આ.નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. કહ્યું. अद्य—હવે. मे—મારા માટે. संप्रतिपादय—सम्+प्रति+पद् ગ. ૪. આ.ના પ્રેરકનું પરસ્મૈ, આજ્ઞાર્થ બી. પુ. એ. વ. શોધી કાઢો, મેળવી આપો.

૧૫. અન્વય :- ततः सः मनुः भगवान् तस्मात् अलिजरात् (तं) उद्धृत्य सः मनुः तदा तं मत्स्यं महतीं वापीं अनयत्।

उद्धृत्य-उद्+हृ નું સંબંધક ભૂ. કૃ. બહાર કાઢીને, ઉપાડીને. महती-મોટા वापी-હોજ, કુવો. नी બે કર્મ લે છે. વાંચો:-"In the case of the roots दुह्, याच्, पच्, दण्ड् रुध्, प्रच्छ्, चि, ब्रू शास्, मन्थ्, मुष्, and also in the case of, नी, हृ, कृष्, and वह् all meaning 'to take' or 'carry' and others having the same significance, the noun which, besides the direct object, is affected by the verb, is put in the Accusative case." Apte.

૧૬. અન્વય:-हे परपुरंजय, तत्र मनुः च अपि तं प्राक्षिपत्। अथ सः मत्स्यः पुनः बहून् वर्षगणान् अवर्धत।

पर :- દુશ્મન. पराणां पुराणां जेता परपुरंजय : (પ. ત.) तस्य संबोधनम्-દુશ્મનના નગરોને જીતનાર. बहून् वर्षगणान्-ઘણાં વર્ષો સુધી. अवर्धत-वृध्‌નું હ્યસ્તનભૂત ત્રી. પુ. એ. વ. વધ્યા કર્યું.

૧૭. અન્વય : वापीद्वियोजनायता योजनं विस्तृता च अपि (आसीत्)। हे राजीवलोचन तस्यां असौ मत्स्यः न समभवत्।

द्वियोजनायता-બે યોજન લાંબો. योजन = ચાર ગાઉ, આઠ માઇલ. योजनं विस्तृता-એક યોજન પહોળો. राजीवम्-કમળ. राजीवे इव लोचने यस्य स : राजीवलोचन : (બહુ.) तस्य संबोधनम्-કમળ જેવી આંખોવાળો. સરખાવો :-कमलनयन, कमलाक्ष.

૧૮. અન્વય :-हे विशांपते, मत्स्यः वाप्यां विचेष्टितुं (न समभवत्) ततः मत्स्यः मनुं दृष्ट्वा पुनः अभ्यभाषत।

विशांपतिः—રાજા. विचेष्टितुं—वि+चेष्ट् ગ. ૧. આ.નું હેત્વર્થ કૃદંત, હલનચલન કરવાને; રમવાને, तत.....भाषत. શ્લોક ૧૪ જુઓ આ શબ્દો તેની પુનરુક્તિ જ છે.

૧૯. અન્વય:—हे भगवन् साधो मां समुद्रमहिषीं प्रियां गंगां नय; तत्र निवत्स्यामि; हे तात, यथा वा मन्यसे।

समुद्रस्य महिषी समुद्रमहिषी (ष. त.) ताम्. સમુદ્રની પટરાણી. નદીઓને સમુદ્રની પત્ની કહેવામાં આવે છે. प्रियाम्—સમુદ્રને પ્રિય. निवत्स्यामि-नि+वस् ગ. ૧, પ.નું સામાન્ય ભવિષ્ય ૧. પુ. એ. વ. રહીશ. यथा वा मन्यसे—અથવા તમે ધારો તેમ (રહીશ).

૨૦. અન્વય:—हि मया अनसूयता तुम्यं निदेशे स्थातव्यम् । हि हे अनघ मया त्वत्कृते परमा वृद्धिः प्राप्ता ।

हि. કારણ કે. यथा वा मन्यसे ના સમર્થનમાં આ શ્લોક કારણ આપે છે अनसूयता मया—જરા પણ વિચાર કર્યા વિના; મારાથી જરા પણ માઠું લગાડયા વગર तुम्यं—પૂરી રીતે तव જોઈએ. निदेशे स्थातव्यम्—આજ્ઞા પાળવી જોઈએ. स्थातव्यम्-स्थाનું વિધ્યર્થ કૃદંત, રહેવું જોઈએ. न विद्यते अघं यस्य स : अनघ : (બહુ) तस्य. संबोधनम्—હે નિષ્પાપ. तव कृते त्वत्कृते (ष. त.) તારા ખાતર, તારા માટે.

૨૧. અન્વય : एवं उक्तः वशी, अच्युतः, भगवान् मनु मत्स्यं गंगां नदीं अनयत्, तत्र च एनं स्वयं प्राक्षिपत्।

वशी—સંયમી, अच्युतः—૬૭. अनयत्—नी નું હ્યસ્તન ભૂત. ત્રી. પુ. એ. વ. લઈ ગયો. ટીકાકાર નીલકંઠ अच्युतः ને ૨૨ મા શ્લોકમાં આવતા मत्स्यः શબ્દના વિશેષણ તરીકે લે છે; પણ આ ખોટું છે. શતપથની વાતમાં ગંગાનો ઉલ્લેખ નથી.

૨૨. અન્વય :—हे अरिंदम, तत्र कंचित् कालम् स मत्स्यः ववृधे। ततः पुनः मनुं दृष्ट्वा मत्स्यः वचनम् अब्रवीत् ।

अरिंदम—अरीन् दाम्यति सः अरिंदमः (ઉપપદ સ.) तस्य संबोधनम्, દુશ્મનનું દમન કરનાર. रिं ઉપર અનુસ્વાર છે ધ્યાનમાં રાખો. સરખાવો:— शत्रुंजय कंचित् कालम् કાળ બતાવનાર શબ્દો દ્વિતીયામાં મૂકવામાં આવે છે. સરખાવો:— बहून् वर्षगणान् (શ્લોક ૧૬.)

૨૩. અન્વયઃ (हे) प्रभो बृहत्वात् हि गंगायां चेष्टितुं न शक्नोमि। आशु मां समुद्रं नय, (हे) भगवन् प्रसीद ।

बृहत्वात्—બહુ મોટો હોવાને લીધે. आशु—જલદી. प्रसीद—કૃપા કર.

૨૪. અન્વયઃ— ततः गंगासलिलात् उद्धृत्य मनुः स्वयम् मत्स्यं समुद्रं अनयत्, हे पार्थ तत्र च एनम् अवासृजत्।

ततः— પછી. पार्थः— पृथायाः अपत्यं पुमान्. अवासृजत्—अव+सृज् ગ. ૬. પ. નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. છોડી દીધું.

૨૫. અન્વયઃ— तदा तु नयतः मनोः स मत्स्यः सुमहान् अपि यथेष्टहार्यः स्पर्शगन्धसुखः च आसीत् ।

કોઈને એમ શંકા થાય કે ગંગામાં પણ ન સમાઇ શકે તેવાં માછલાંને મનુ કેવી રીતે ઉપાડી શક્યા હશે અને આવાં માછલાંની ગંધ કેમ સહન કરી શક્યા હશે. આ બે શંકાનું નિવારણ આ શ્લોકમાં કરેલ છે. नयतः मनोः—લઈ જનાર મનુને. सुमहान् अपि—ઘણું મોટું હતું છતાં પણ. इष्टम् अनतिक्रम्य यथेष्टं (અવ્યયી) यथेष्टं हार्यः यथेष्टहार्यः (કર્મ) ઇચ્છા પ્રમાણે લઈ જવાય તેવું स्पर्शः गन्धश्च स्पर्शगन्धौ (द्वन्द्व) तौ सुखौ यस्य सः स्पर्शगन्धसुखः (બહુ) જેનો સ્પર્શ તથા ગન્ધ આનંદદાયક છે તે. ટીકાકાર નીલકંઠ स्पर्शगंधसुखस्य પાઠ લે છે

અને મનુ સાથે લે છે તે લખે છે:–"मत्स्यस्य स्पर्शगंधजं चिदाभाससंपर्कजं सुखं यस्य अस्तीति तस्य मनोः"

२६. અન્વય:–यदा सः मत्स्यः मनुना समुद्रे पक्षिप्तः (आसीत्) तदा ततः (सः) स्मयमानः इव एनं इदं वाक्यं अब्रवीत् ।

स्मयमानः–સ્મિ ગ. ૧. આ. નું. વ. કૃ. પ્ર. એ. વ. હસતાં હસતાં. स्मयमानः इव–હસતો હોય તેવી રીતે, મોં મલકાવીને, આછું સ્મિત કરીને. अब्रवीत् કહ્યું.

२७. અન્વય:–हे भगवन्, त्वया हि मम सर्वा रक्षा विशेषतः कृता। त्वया यत् प्राप्तकालं कार्यं तत् मम श्रूयताम् ।

विशेषतः–સંભાળપૂર્વક, સાવચેતીથી प्राप्तकालं–યોગ્ય સમયે. मम श्रूयताम्–મારી પાસેથી સાંભળ. श्रूयताम्–श्रु ના કર્મણિ આજ્ઞાર્થનું ત્રી. પુ. એ. વ. સાંભળ.

२८. અન્વય:–हे भगवन्, हे महाभाग, अचिरात् इदं स्थावरजंगमं सर्वं एव भौमं प्रलयं गमिष्यति ।

महान् भागः यस्य सः महाभागः (બહુ.) જેનું ભાગ્ય મોટું છે તે. अचिरात्–ટૂંક સમયમાં. स्थावर. સ્થિર जंगम–ચાલી શકે તેવું, ફેરવી શકાય તેવું. भूमे इदम् भौमम्–પૃથ્વી ઉપરનું; પૃથ્વીને લગતું. प्रलयं गमिष्यति–નાશ પામશે, નો પ્રલય થશે. गमिष्यति–गम्નું સામાન્ય ભવિષ્ય ત્રી. પુ. એ. વ.

२९. અન્વય:–अयं लोकानां संप्रक्षालनकालः समुपस्थितः । तस्मात् अद्य यद् (तत्र) अनुत्तमं हितं तद् बोधयामि ।

लोकानां–બધા લોકનો; બધી દુનિયાનો. संप्रक्षालन–પાણીથી સાફ કરવું તે. અહીં સંસાર પ્રપંચરૂપી મળનો નાશ થવાની વાત છે.

"संप्रक्षालनम् एकीभावेन शुक्तिरजतस्य इव प्रपंचमलस्य दूरीकरणम्" નીલકંઠ. समुपस्थितः–આવી પહોંચ્યો છે. अनुत्तमं સાથી સારું, ઉત્તમ. बोधयामि–કહું છું, જણાવું છું.

૩૦. त्रसानां स्थावराणां च यत् च इंगं यत् च न इंगति–तस्य सर्वस्य परमदारुणः कालः संप्राप्तः ।

त्रसानां :–જંગમ પદાર્થોનો. इंगं–ચલન કરી શકે તે. यत न इंगति–જે ન ચાલી શકે તે. દા. ત. પત્થર, પર્વત. तस्य–ખરી રીતે तेषाम् જોઈએ. परमदारुण :–ખૂબ ભયંકર. संप्राप्तः–આવી પહોંચ્યો છે. પ્રલયકાળે બધું નાશ પામે છે માટે તેને परमदारुण કહ્યો છે.

૩૧. અન્વય :– तं दृढा युक्तवटारका नौः कारयितव्या । तत्र (हे) महामुने, सप्तर्षिभि : सार्धं आरुहेथाः ।

वटारका–દોરડું. वटारकेण युक्ता युक्तवटारका (તૃ. ત.) દોરડાંવાળી. कारयितव्या–कृ ગ. ૮. ના પ્રેરકનું વિધ્યર્થ કૃદંત, સ્ત્રી. પ્ર. એ. વ. બનાવરાવવી. महांश्चासौ मुनिश्च महामुनि : (કર્મ.) મહાનમુનિ. सप्तर्षिभि : सार्धं–સપ્તર્ષિઓ સાથે. सह, सार्धं वि. શબ્દો તૃતીયા સાથે વપરાય છે. સપ્તર્ષિમાં નીચેના સાત ઋષિઓ ગણાય છે :–मरीचि, अत्रि, अंगिरस्, पुलस्त्य, पुलह, क्रतु, અને वसिष्ठ. आरुहेथा :–आ+रूह् ગ. ૧. આત્મને–નું વિધ્યર્થ બી. પુ. એ. વ. ચડી જજે. ખરી રીતે आ+रूह् પરસ્મે. ધાતુ છે. માટે आरुहेथाः આર્ષ રૂપ છે.

૩૨. અન્વય :–पुरा द्विजै : यथोक्तानि सर्वाणि भागश : सुसंगुप्तानि बीजानि च एव तस्यां नावि आरोहयेः ।

पुरा–અગાઉના વખતમાં. द्विजै : બ્રાહ્મણોએ उक्तं अनतिक्रम्य यथोक्तम् (અવ્યયી.) तानि यथोक्तानि–જે પ્રમાણે કહ્યું હોય તે પ્રમાણે

भागशः = विभागशः—જાતવાર. सुसंगुप्तानि—સારી રીતે સચવાયેલ; કાળજી પૂર્વક સાચવીને. ટીકાકાર નીલકંઠ सुसंगुप्तानि નો અર્થ अदृष्टानि (અદૃશ્ય) લે છે. नावि—नौ નું સ. એ. વ. હોડીમાં आरोहयै :—आ+रुह् ના પ્રેરકનું વિધ્યર્થ બી. પુ. એ. વ. ચડાવજે, સાથે લેજે, શતપથમાં સમર્ષિ અને બીજાનો ઉલ્લેખ નથી.

૩૩. અન્વય :—ततः हे मुनिजनप्रिय, नौस्थः मां प्रतीक्षेथाः; शृंगी अहम् आगमिष्यामि। हे तापस तेन (अहं त्वया) विज्ञेयः।

मुनिजनानां प्रियः मुनिजनप्रियः (ષ. ત.) મુનિ લોકોને પ્રિય. આ મનુને ઉદ્દેશીને કહેવાયું છે. नावि स्थितः नौस्थः (સ. ત.) હોડીમાં રહીને. मां प्रतिक्षेथाः—મારી રાહ જોજે. प्रतीक्षेथाः— प्रति+ईक्ष ગ, ૧. આ. નું વિધ્યર્થ બી. પુ. એ. વ. રાહ જોજે, शृंगी—શીંગડાવાળું. શતપથમાં માછલું પોતે આ શીંગડાનો ઉલ્લેખ કરતું નથી. तापस—તપ કરનાર, તપસ્વી. तेन—શીંગડાને લીધે; શીંગડાથી. विज्ञेयः—वि+ज्ञा નું વિધ્યર્થ કૃદંત જાણવો.

૩૪. અન્વય :— एवम् त्वया एतत् कार्यम्। आपृष्टः असि। अहम् व्रजामि। मया विना ताः महत्यः आपः तर्तुं न शक्या।

आपृष्टः असि—મેં તને બધું કહી દીધું છે. मया विना—મારી મદદ વિના. ताः—પ્રલયકાળ વખતનું. महत्यः—મહાન आपः—પાણી, પાણીનાં પૂર. अप् સ્ત્રી. હંમેશાં બહુવચનમાં વપરાય છે. वर्षा, सिकता, अक्षता, असु, प्राण, दारा વિ. શબ્દો પણ બહુવચનમાં જ વપરાય છે. तर्तुं —तॄ નું હેત્વર્થ, તરવાને.

૩૫. અન્વય :— सः (मनुः) तं मत्स्यं प्रत्यभाषत "हे विभो मे त्वया च अपि इदं वचनं न अभिशंकनीयं, एवं करिष्ये" इति।

प्रत्यभाषत–प्रति+भाष् નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. જવાબ આપ્યો. त्वया–त्व ના અર્થમાં વપરાયું છે. न अभिशंकनीयं– શંકા ન લવાય તેવું. अभिशकनीयं–अभि+शंक् ગ. ૧. આ. નું વિધ્યર્થ કૃદંત. एवं करिष्ये– તારા કહેવા પ્રમાણે હું કરીશ.

૩૬–૩૭ અન્વય :– परस्परं अनुज्ञाप्य यथाकामं जग्मतुः च। ततः (हे) महाराज, (हे) वीर, (हे) अरिंदम, मत्स्यकेन यथा उक्तं (तथा) मनुः सर्वाणि बीजानि आदाय, तदा शुभया नौकया महोर्मिणं सागरं पुप्लुवे।

अनुज्ञाप्य–अनु+ज्ञा નું વિધ્યર્થ કૃદંત. વિદાય લઈને. परस्परं अनुज्ञाप्य એક બીજાની વિદાય લઈને. कामम् अनतिक्रम्य यथाकामं (અવ્યયી) જ્યાં મરજીમાં આવે ત્યાં, ફાવે ત્યાં, ઇચ્છા હોય ત્યાં. जग्मतुः–गम् ના પરોક્ષ ભુત. નું ત્રી. પુ. દ્વિ. વ. ગયા. महान्तः उर्मयः यस्य सः महोर्मिन् (બહુ) तम् મહાન મોજાંવાળો. પ્રલયકાળ હોવાથી સમુદ્રનાં મોજાં પણ પ્રચંડ બની ગયા હતાં. ऊर्मिः પુ. અથવા સ્ત્રી. સમુદ્રનું મોજું. पुप्लुवे–प्लु ગ. ૧. આ. નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. તરવા લાગ્યો.

૩૮–૪૪. અન્વય:–हे पृथिवीपते, मनुः च तं मत्स्यं चिन्तयामास। हे परपुरंजय सः मत्स्यः च तत् चिन्तितं ज्ञात्वा शृंगी तत्र तदा आशु आजगाम। हे भरतसत्तम, हे मनुजव्याघ्र, मनुः तं शृंगिणं यथोक्तेन रूपेण अद्रिम् इव उच्छ्रितं मत्स्यं जलार्णवे दृष्ट्वा, हे मनुजशार्दूल, मनुः मत्स्यस्य मूर्धनि तस्मिन् शृंगे वटारकमयं पाशं अथ न्यवेशयत्। हे परपुरंजय, तेन पाशेन संयतः मत्स्यः हे मनुजेश्वर, सः च नावा तान् उर्मीभिः नृत्यमानम् इव अम्भसा गर्जमानम् इव समुद्रं तारयन्, महता वेगेन लवणाम्भसि नावं प्राकर्षत। हे परपुरंजय,

महावातैः क्षोभ्यमाणा ता नौः मत्ता चपला स्त्री इव तस्मिन् महोदधौ घूर्णते । न भूमिः, न च दिशः प्रदिशः वा चकाशिरे ।

पृथिवीपति–રાજા **चिन्तयामास**-વિચાર કર્યો, યાદ કર્યું, ધ્યાન ધર્યું. **चिन्तितं**–વિચાર, ધ્યાન. **ज्ञात्वा**–જાણીને **आजगाम**–**आ+गम्**નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. આવી પહોંચ્યું. **भरतसत्तम**-ભરતકુળમાં ઉત્તમ **उच्छ्रितं** –**उद्+श्रि** ગ. ૧. ઉ. નું કર્મણિ ભૂ. કૃ. ઉંચું આવેલું. **अद्रिम इव उच्छ्रितं**–ખડકની જેમ ઉંચું આવેલું. **जलार्णवे**–પાણીનો સાગર. **मूर्धनि**-**मूर्धन्** નું સ. એ. વ. માથામાં. **वट्टारकमयं**–દોરડાનો બનેલ **पाशं**–**पाश** **न्यवेशयत्**–**नि+विश्** ના પ્રેરકનું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. નાખ્યો. મનુએ માછલાંના શીંગડાંમાં દોરડું નાખ્યું. એટલે માછલું તે વહાણને ખેંચવા લાગ્યું. **संयतः**.:બંધાયેલ.

ऊर्मिभि : नृत्यमानम् इव મોજાંથી જાણે નાચતો હોય તેવો. **नृत्यमान**–**नृत्** ગ. ૪. કર્મણિ વ. કૃ. **अम्भसा गर्जमानं इव**–પાણીથી જાણે કે ગાજતો હોય તેવો **गर्जमान**–**गर्ज** ગ. ૧. નું આ. વ. કૃ. ખરી રીતે **गर्ज** પરસ્મૈ છે. તેથી **गर्जन्तं** વપરાવું જોઈએ. **गर्जमानं** આર્ષ પ્રયોગ છે. **तान् समुद्रम् तारयन्**–તેમને સમુદ્ર પાર ઉતારતાં **तारयन्**–**तॄ** ગ. ૧. ૫. ના. પ્રેરકનું વ. કૃ. પુ. એ. વ. પાર ઉતારતું.

महता वेगेन–ખૂબ વેગથી, ખૂબ ઉતાવળી ગતિથી **लवणं अम्भः यस्य सः लवणाम्भाः** •(બહુ) **तस्मिन्**–ખારા પાણીવાળા સાગરમાં **नावं प्राकर्षत** હોડીને ખેંચવા લાગ્યું.

महीवातैः–પ્રચંડ પવનોથી, મોટાં વાવાઝોડાંથી. **क्षोभ्यमाणा**–**क्षुभ** ગ. ૧. આ. અથવા ગ. ૪ કે ૯. ૫.ના કર્મણિ. વ. કૃ.નું સ્ત્રી. પ્ર. એ. વ. ક્ષુભિત થયેલી, વંટોળે ચડેલ. **मत्ता**–જેણે દારૂ પીધેલ છે તે, પીધેલ **चपला स्त्री**–વેશ્યા. **मत्ता चपला स्त्री इव**–પીધેલ વેશ્યાના જેમ. **घूर्णते**–આમતેમ ડોલવા લાગી. **महोदधौ**–મોટાં સમુદ્રમાં **महान् उदधिः**

महोदधिः (કર્મ.) तस्मिन् दिशा–દિશાઓ–પૂર્વ પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ. प्रदिशः–ખૂણાઓ ઇશાન, અગ્નિ, નૈઋત્ય, ને વાયવ્ય. चकाशिरे–चकास् ગ. ૨. ઉ.ના આત્મને.નું પરોક્ષ ભૂત ત્રી. પુ. બ. વ. દેખાયા નહિ, પ્રકાશ્યા નહિ, એટલો બધો પવન અને અંધકાર હતો કે જેથી બધું દેખાતું બંધ થઈ ગયું.

૪૫. ૪૮. અન્વયઃ–हे नरपुंगव, सर्वं–खं द्यौः च–आम्भसम् एव आसीत् । हे भरतर्षभ तदा एवंभूते संकुले लोके सप्तर्षयः मनुः मत्स्यः यतथा एव अदृश्यन्त । इ इजन् एव अथ सः अतन्द्रितः मत्स्यकः तस्मिन् सलिलसंचये तां नावं बहून् वर्षगणान् चकर्ष । ततः हे भरतर्षभ इकुरुनन्दन, यत् परं हिमवतः श्रृंग तत्र सः मतस्यः नावं अकर्षत् । अथ तदा मत्स्यः प्रहसन् तान् ऋषीन् शनैः अब्रवीत् ।

नरपुंगव–માણસોમાં શ્રેષ્ઠ. खं. અને द्यौः બંનેનો અર્થ 'આકાશ અથવા સ્વર્ગ' થાય છે. કદાચ અહીં તે 'સ્વર્ગ' અને 'પૃથિવી'ના અર્થમાં વપરાયાં હોય. અથવા 'અંતરિક્ષ અને સ્વર્ગ' પણ લઈ શકાય. आम्भसम्–પાણીથી વ્યાપ્ત થયેલ, જળમય. एवंभूते संकुले लोके–(સતિ સપ્તમી) જ્યારે પૃથિવી આવી રીતે વ્યાપ્ત થઈ ગઈ. तथा एव–તેવી જ રીતે, હોડીમાં જ બેઠેલ. अदृश्यन्त–दृश् નું કર્મણિ હ્યસ્તન ભૂત ત્રી. પુ. બ. વ. દેખાયા, દૃષ્ટિગોચર થયા. अतन्द्रितः–જરા પણ બેદરકાર રહ્યા વિના, કાળજીપૂર્વક, સાવચેતીથી सलिलानां संचयः–सलिलसंचय. (ष. त.) तस्मिन्–सलिलसंचये–પાણીના જથ્થામાં, સમુદ્રમાં. (च) हिमवतः श्रृंगं–હિમાલયનું શિખર. नावं अकर्षत्–હોડીને ખેંચી ગયું. प्रहसन्–प्र+हस નું વ. કૃ. પુ. પ્ર. એ. વ. હસીને. शनैः–ધીમેથી अब्रवीत्–કહ્યું.

૪૯–૫૧ અન્વય : हिमवत : अस्मिन् श्रृंगे मा चिरम् नावं बध्नीत। हे भरतर्षभ, मत्स्यस्य वच; श्रुत्वा तत्र हिमवत : श्रृंगे तदा तै :

ऋषिभिः सा नौः तूर्णं बद्धा। हे कौन्तेय हिमवतः शृंगे परं तत् नौबन्धनं नाम अद्यापि ख्यातम्, हे भरतर्षभ तद् विद्धि। अथ तदा अनिमिषः तान् ऋषीन् सहितः अब्रवीत्।

मा चिरम् એકદમ. बध्नीत बन्ध् ગ. ૯. પ. નું વિધ્યર્થ બી. પુ. બ. વ. બાંધો (અહીં આજ્ઞાર્થમાં વપરાયું છે). वचः श्रुत्वा–વચન સાંભળીને. तूर्णं–એકદમ नौबन्धनं' नाम अद्यापि ख्यातम् ૯૭ પણ તે नौबन्धन' નામથી ઓળખાય છે. નૌકા જ્યાં બાંધવામાં આવી તેને યોગ્ય રીતે જ नौबन्धन કહ્યું છે. શતપથમાં આ જગ્યાને 'मनोः अवसर्पणम्' કહેલ છે.

विद्धि–विद्–ગ. ૨. પ. નું આજ્ઞાર્થ બી. પુ. એ. વ. જાણી લે. न विद्यते निमिषः यस्य सः अनिमिषः (બહુ.) જે આંખનો પલકારો મારતું નથી તે, માછલું. तान् ऋषीन् अब्रवीत् તે ઋષિઓને કહ્યું. શતપથમાં માછલું કાંઈ કહેતું નથી.

પર. અન્વય:– अहं ब्रह्मा प्रजापतिः (अस्मि); मत्परं (किंचित्) न अधिगम्यते। अस्मात् भयात् यूयं च मया मत्स्यरूपेण मोक्षिताः।

ब्रह्मा प्रजापतिः–બધા પ્રાણીઓને ઉત્પન્ન કરનાર બ્રહ્મા ખરી રીતે मत्स्य વિષ્ણુનો અવતાર ગણાય છે. मत्परं–મારાથી પર. न अधिगम्यते– મળી શકતું નથી. मत्प...ते–મારાથી પર બીજું કાંઈ નથી. अधिगम्यते– अधि+गम् નું કર્મણિ વર્ત. ત્રી. પુ. એ. વ. मत्स्यरूपेण–માછલાનું રૂપ ધરેલ. मोक्षिताः–मोक्ष् ગ. ૧. પ. અથવા ગ. ૧૦ ઉ. નું કર્મણિ ભૂ. કૃ. પુ. પ્ર. બ. વ. છોડાવ્યા, બચાવી લેવા.

પ૩. मनुना स्रष्टव्याः–મનુએ ઉત્પન્ન કરવાની છે. स्रष्टव्य–सृज् નું વિધ્યર્થ કૃદંત, सर्जनीय અને सर्जितव्य પણ થાય. देवाश्चासुराश्च मानु-

षाश्च देवा...षाः (કર્મ) देवा...षैः सह सदे...षाः (સહ બહુ) દેવ, અસુર અને મનુષ્ય સાથે. यच्चेगं यच्च नेंगति–શ્લોક ૩૦ જુઓ.

૫૪. अपि च तीव्रेण तपसा अस्य प्रतिभा भविष्यति । मत्प्रसादात् च प्रजासर्गे (सः) मोहं न गमिष्यति ।

तीव्रेण तपसा–તીવ્ર તપ કરવાથી प्रतिभा–શક્તિ, પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ. मम प्रसादः मत्प्रसादः (ષ. ત.) तस्मात्–મારી કૃપાને લીધે. प्रजानां सर्गः प्रजासर्गः (ષ. ત.) तस्मिन् પ્રજા ઉત્પન્ન કરવામાં मोहं...ति–તે મોહ નહિ પામે. મનુ પ્રજા ઉત્પન્ન કરશે ત્યાં પણ તે મોહમાં નહિ પડે.

૫૫–૫૬. અન્વયઃ–इति वचनं उक्त्वा मत्स्यः क्षणेन अदर्शनं गतः । वैवस्वतः मनुः अपि प्रजाः स्रष्टुकामः स्वयं प्रजासर्गे प्रमूढः अभूत् । ततः महत् तपः तेपे । अथ हे भरतर्षभ मनुः साक्षात् यथावत् सर्वाः प्रजाः स्रष्टुं प्रचक्रमे । इति एतत् मात्स्यकं नाम पुराणं परिकीर्तितम् ।

क्षणेन–એક ક્ષણમાં, તુરત જ. अदर्शनं गतः અદૃશ્ય થયું. प्रजाः–પ્રજાનું દ્વિ. બ. વ. स्रष्टुं कामः यस्य सः स्रष्टुकामः (બહુ.) ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળો સરખાવો: गन्तुकामः, वक्तुकामः प्रमूढः प्र+मुह् નું કર્મણિ ભૂ. કૃ. મોહ પામેલ. अभूत–भू ગ. ૧. પ. નું અદ્યતન ભૂત ત્રી પુ. એ. વ. થયો. प्रमूढः अभूत–મોહ પામ્યો. ततः– પછી, महत् तपः तेपे–મહાન તપ કર્યું. तेपे–तप् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. તપ કર્યું. अथ–પછી, તપ કર્યા પછી साक्षात्–પોતે જાતેજ. यथावत्–પ્રલયકાળ પહેલાં જેવી પ્રજા હતી તેના જેમ. स्रष्टुं–सृज् નું હેત્વર્થ ઉત્પન્ન કરવાની प्रचक्रमे–प्र+क्रम्‌નું આ પરોક્ષભૂત ત્રી. પુ. એ. વ. શરૂઆત કરી. इति–વાત પૂરી થઈ છે. એમ બતાવવા માટે વપરાયું છે. मत्स्यकस्य इदं मात्स्यकम्–માછલાંને લગતુ पुराणं–આખ્યાન; જૂની

વાત; જૂનો ઈતિહાસ. અહીં पुराण શબ્દ તેના 'પારિભાષિક' અર્થમાં નથી વપરાયો. परिकीर्तित–परि+कृत् ગ. ૧૦. ઉ. નું કર્મણિ ભૂ. કૃ. વર્ણવ્યું છે; સંપૂર્ણ રીતે કહ્યું છે.

૫૮. અન્વય :–मया इदं सर्वपापहरं आख्यानं आख्यातम् । यः इदं मनोः चरितम् आदितः श्रुणुयात् सः नरः सुखी सर्वपूर्णार्थः (च भवेत्) सर्वलोकम् इयात् ।

सर्वाणि पापानि हरति तद् सर्वपापहरं (ઉપ. ત.) બધા પાપનો નાશ કરનાર. आख्यानं–આખ્યાન, કથા, आख्यातम्–કહ્યું, વર્ણવ્યું. હવે ફલશ્રુતિ શરૂ થાય છે. आदितः–શરૂઆતથી જ પહેલેથી જ. અથથી ઇતિ સુધી.

श्रणुयात्–श्रु ગ. ૫. નું વિધ્યર્થ ત્રી. પુ. એ. વ. સાંભળે. पूर्ण–पृ ગ. ૯. ૫, નું કર્મણિ ભૂ. કૃ. सर्वपूर्णार्थः ખરી રીતે આ સમાસ पूर्णसर्वार्थः થવો જોઈએ पूर्णाः सर्वार्थाः यस्य सः– (બહુ.) જેના બધા મનોરથ સંપૂર્ણ થયા છે તે. सर्वलोक=स्वर्गलोक. इयात्.–इ નું વિધ્યર્થ ત્રી. પુ. એ. વ. જાય. દરેક આખ્યાનને અંતે આવી ફલશ્રુતિઓ આપવામાં આવે છે. આ ફલશ્રુતિઓ કેટલે અંશે ફળે છે તે શંકાસ્પદ છે. વિદ્યાર્થીએ એમ ન માનવું કે આ પાઠ વાંચ્યાથી તે પરીક્ષામાં પાસ થઈ જશે.

Questions:–

(1) Solve:– प्रजापतिसमद्युतिः, ऊर्ध्वबाहुः, एकपादस्थितः, अवाकशिराः, आर्द्रचीरजटाधरम्, भयोघात्, चन्द्रांशुसमप्रभे, परपुरंजय, राजीवलोचन, अनघ, अरिंदम, यथेष्टहार्यः, स्पर्शगन्धसुखः, यथाकामम्, महोर्मिणाम्, सदेवासुरमानुषाः, स्रष्टुकामः, सर्वपापहरं, सर्वपूर्णार्थः.

(2) Recognise:-अतिचक्राम, अतप्यत, मज्जन्तं, कर्तास्मि, अभूत्, समभवन्, अभ्यभाषत, संप्रतिपादय, निवर्त्स्यामि, स्मयमान, कारयितव्या, आरुहेथाः, आरोहयेः, प्रतीक्षेथाः, जग्मतुः, पुप्लुवे, तारयन्, नृत्यमान, गर्जमान, क्षोभ्यमाणा, चकाशिरे, अदृश्यन्त, प्रचक्रमे, तेपे.

(3) Write notes on:- आख्यान, संप्रक्षालनकाल, सप्तर्षि, नौबन्धनम्, मात्स्यकपुराण.

(4) Change the voice of:- (1) तं मत्स्यमनयद्वापीं महतीं स मनुः (2) कृता रक्षा त्वया (3) नौश्च कारयितव्या ते दृढा (4) ता न शक्या महत्यो वै आपस्तर्तुं मया विना. (5) सा बद्धा तत्र तैस्तूर्णमृषिभिः ।

(5) Remember:--अतिचक्राम पितरं मनुः, त्वं त्रातुमर्हसि, कालेन महता, वर्षगणान् बहून्, न मोहं गमिष्यति, क्षणेन अदर्शनं गतः.

(6) Translate into Sanskrit:- There lived in a certain forest a jackal. Once it came across a dead elephant. It began to wander about that dead body; but was unable to cut the hard skin of that dead elephant. Now, at this time, a lion, wandering here and there, came at that very place.

(7) Translate into English:-

स एवमुक्तस्तमुपाध्यायं प्रत्युवाच । भो एतासां गवां पयसा वृत्तिं कल्पयामीति । तमुवाचोपाध्यायो नैतदन्याय्यं पय उपयोक्तुं भवतो मया नाभ्यनुज्ञातमिति । स तथेति प्रतिज्ञाय गा रक्षित्वा पुनरुपाध्यायगृहमेत्य गुरोरग्रतः स्थित्वा नमश्चक्रे ।

૧

दु:खमतो वनम् ।

આ પાઠ રામાયણમાંથી લેવામાં આવ્યો છે. રામાયણ આદિ કાવ્ય કહેવાય છે ને તેના કર્તા વાલ્મીકિ આદિકવિ કહેવાય છે. રામાયણમાં સાત કાંડ છે:–બાલકાંડ (સર્ગ ૭૭), અયોધ્યાકાંડ (સર્ગ ૧૧૯), અરણ્યકાંડ (સર્ગ ૭૫), કિષ્કિન્ધાકાંડ (સર્ગ ૬૭), સુંદરકાંડ (સર્ગ ૬૮), યુદ્ધકાંડ (સર્ગ ૧૫૮) ને ઉત્તરકાંડ (સર્ગ ૧૧૧). આમાં બાલકાંડ તથા ઉત્તરકાંડ બીજા કાંડોની અપેક્ષાએ પાછળથી રચાયા હશે તેમ માનવામાં આવે છે. મૂળ રામાયણ ઈ. સ. પૂર્વે પાંચમાં સૈકામાં રચાયું હશે એમ હાલના વિદ્વાનો માને છે.

વાલ્મીકિની શૈલી સરળ ને સંસ્કૃત છે. તેની વર્ણનશક્તિ અદ્‌ભુત ને અજબ છે. તેમાં કુદરતનું નિરીક્ષણ ને કલ્પનાશક્તિનો સુમેળ સધાયો છે.

આપણો પાઠ અયોધ્યાકાંડના સર્ગ ૨૯ નો બનેલ છે. (ગૂજરાતી પ્રીન્ટીંગ પ્રેસની તથા બીજી આવૃત્તિઓમાં આ સર્ગને ૨૮ માં ગણેલ છે.) સર્ગનો છેલ્લો શ્લોક છોડી દેવામાં આવ્યો છે. રામ જ્યારે કૈકયીના કહેવા પ્રમાણે વનમાં જવા તૈયાર થયા ત્યારે નવોઢા સીતાએ પણ તેમની સાથે જ જવા તૈયારી બતાવી. તેથી રામે તેને વનમાં ન આવવા કહ્યું, કારણકે વનમાં ઘણાં અસહ્ય દુઃખો સહન કરવાનાં હોય છે. વનવાસનાં દુઃખોનાં વર્ણન આ પાઠમાં છે. આ વર્ણન રામ સીતા પાસે કરે છે

અનુવાદ:—

માટે વન દુ:ખકર છે.

(૧) તે ધર્મને જાણનાર અને ધર્મ ઉપર પ્રીતિ રાખનાર (રામે) વનમાં પડતાં દુ:ખોનો વિચાર કરીને તે પ્રમાણે બોલતી સીતાને (વનમાં સાથે) લઈ જવાનો વિચાર ન કર્યો.

(૨) આંસુથી પૂર્ણ આંખોવાળી તેને સાંત્વન આપીને, ધર્માત્મા (રામે) તેને અટકાવવા માટે ફરીથી નીચેના શબ્દો કહ્યા:-

(૩) હે સીતા, તું મહાન ઉત્તમ કુળમાં જન્મેલી છે, વળી હંમેશાં ધર્મમાં મશગુલ રહે છે. (માટે) તું અહીં જ ધર્મ આચર, તેથી મારા મનને સુખ થશે.

(૪) હે સીતા, હે અબલા, જે પ્રમાણે હું તને કહું છું તેમ તારે કરવું જોઈએ, કારણ કે વનમાં ઘણાં દુ:ખો હોય છે; તે (દુ:ખો) હું ગણાવું છું, તે તું જાણી લે.

(૫) હે સીતા, આ વનવાસ કરવાનો વિચાર છોડી દે, કારણ કે બીચ વન ઘણી મુશ્કેલીઓવાળું હોય છે એમ કહેવાય છે.

(૬) ખરેખર (તારું) હિત કરવાના વિચારથી આ શબ્દો હું કહું છું. હંમેશાં વનમાં દુ:ખ જ હોય છે, સુખ નથી હોતું તેમ હું જાણું છું. (માનું છું)

(૭) પર્વતની બખોલોમાં (અથવા ખીણોમાં) રહેનાર સિંહોની પર્વતમાંથી વહેતી નદીઓના (પડવાના અવાજ સાથે ભળવાથી) ખૂબ વધી ગયેલી ગર્જનાઓ સાંભળવાથી (ઘણું) દુ:ખ થાય છે; માટે વન દુ:ખકર છે.

(૮) શૂન્ય (જંગલમાં) બીક વગર ફરનાર (અને તેથી જ) મસ્ત બનેલ મોટાં પ્રાણીઓ (મનુષ્યને) જોઈને (મારવા માટે) સામાં આવે છે; માટે, હે સીતા, વન દુઃખકર છે.

(૯) હંમેશ મગરો—અને કાદવવાળી નદીઓ મસ્ત હાથીઓ પણ મહામુશ્કેલીએ તરી શકે છે; માટે વન ઘણું દુઃખકર છે.

(૧૦) લતાઓ અને કાંટાઓથી ભરપૂર, જંગલી કુકડાઓના (અવાજથી) ગાજી રહેલ, (અને) જ્યાં પાણી ન મળી શકે તેવા (વન) માર્ગો ઉપર મહામુશ્કેલીએ પસાર થઈ શકાય છે. માટે વન દુઃખકર છે.

(૧૧) મહેનત કરવાથી થાકી ગયેલ (વનવાસીને) પોતાની મેળે ખરી પડેલ પાંદડાની પથારી બનાવીને રાત્રે જમીન ઉપર સુવું પડે છે. માટે વન ઘણું દુઃખકર છે.

(૧૨) વળી મનને અંકુશમાં રાખનાર (વનવાસીને) સવાર સાંજ (અહોરાત્ર) (પોતાની મેળે જ) ઝાડ ઉપરથી ખરી પડેલ ફળો (ખાઈને) સંતોષ રાખવો પડે છે. માટે, હે સીતા, વન દુઃખકર છે.

(૧૩) વળી હે સીતા, યથાશક્તિ ઉપવાસ (પણ) કરવા પડે છે. અને વલ્કલ વસ્ત્રો ધારણ કરીને જટાનો ભાર પણ (સહન) કરવો પડે છે.

(૧૪) દેવતા, પિતૃ તથા આવી પડેલ અતિથિઓનું હંમેશ વિધિપૂર્વક પૂજન કરવું પડે છે.

(૧૫) વળી વ્રત આચરનાર (વનવાસીને) હંમેશાં વખત પ્રમાણે (સવારે, બપોરે અને સાંજે એમ) ત્રણ વાર નહાવું પડે છે. માટે વન ઘણું દુઃખકર છે.

(૧૬) પોતાની જાતે જ લવાયેલ ફૂલો વડે (પોતાની જાતે બનાવેલ) વેદીમાં વેદવિહિત (આર્ષ) વિધિથી પૂજા કરવી પડે છે; માટે હે બાળા, વન દુઃખકર છે.

(૧૭) આહારમાં નિયમિત રહેનાર વનવાસીઓએ હે સીતા, જ્યારે જે (ખોરાક) મળી આવે તેનાથી હંમેશ સંતોષ રાખવો પડે છે. માટે વન દુઃખકર છે.

(૧૮) અહીં (વનમાં) હંમેશ પ્રચંડ પવનો (ફૂંકાય છે), (રાત્રે) ગાઢ અંધકાર (પ્રવર્તે છે) અને ખૂબ ભૂખ લાગે છે; વળી મહાન ભયો (પણ આવી પડે છે.) માટે વન દુઃખકર છે.

(૧૯) વળી જુદીજુદી જાતના પર્વતમાં રહેનાર સર્પો, હે ભામિનિ, (વનમાં) અભિમાનથી રસ્તા ઉપર ફરતા હોય છે; માટે વન ઘણું દુઃખકર છે.

(૨૦) નદીમાં રહેનાર, અને નદીના જેવી વાંકીચૂંકી ગતિ વાળા સર્પો (વનમાં) માર્ગ રોકીને ઉભા હોય છે. માટે વન ઘણું દુઃખકર છે.

(૨૧) હે અબલા, (વનમાં) હંમેશાં તીડો, વીંછીઓ, કીડાઓ, ડંખવાળી વનની માખીઓ (दंशाः), અને મચ્છરો હેરાન કરે છે. માટે વન ઘણું દુઃખકર છે.

(૨૨) હે ભામિનિ, વનમાં ઝાડો કાંટાવાળાં હોય છે અને કુશ અને કાશ નામના ઝાડોની શાખાના અગ્ર ભાગો (ખૂબ ગીચ હોવાના કારણે) એક બીજા સાથે સંકળાયેલા હોય છે; તેથી વન ઘણું દુઃખકર છે.

(૨૩) જંગલમાં વાસ કરી રહેનારને જુદી જુદી જાતના ભયો અને શરીરનાં ઘણાં દુઃખો (આવી પડે છે); માટે વન દુઃખકર છે.

(૨૪) (વનમાં રહેનારે) ક્રોધ અને લોભ છોડી દેવા જોઈએ, (અને) તપમાં બુદ્ધિ પરોવવી જોઈએ. તથા ભય ઉત્પન્ન કરનાર વસ્તુથી (પણ) બીવું ન જોઈએ; માટે હંમેશાં વન દુઃખકર છે.

(૨૫) માટે તું વનમાં જવાનો વિચાર છોડી દે; વન તારે માટે યોગ્ય નથી. અહીંથી જ વિચાર કરતાં મને લાગે છે કે વન ખૂબ દુઃખકર છે.

(1) He (Rama) who knew duty and who was attached to religion thinking of the difficulties, did not make up his mind to take to forest Sita who was thus speaking.

(2) But having consoled her, whose eyes were thoroughly overpowered with tears, the religious one again spoke these words to stop her.

(3) Sita, you are born of a great family; (you) are always vent on duty; do you follow your duty here so that my mind may be happy.

(4) Sita, O weak one, you must act as I say; there are many difficulties in the forest, know them as I tell you.

(5) Sita, abandon this determination to stay in the forest; it is said that the dense forest is full of calamities.

(6) These words are said by me through a

desire to do good. I know the forest, not always happy, (but) always full of difficulties.

(7) The roars of lions, living in the valleys of the mountains, which (roars) are enhanced by the streams and the mountains, are terrible to hear; hence is the forest full of difficulties.

(8) The intoxicated big animals, who play confidently, (in the forest), come (to kill us) at the sight (of us); hence is the forest full of difficulties.

(9) And the rivers are full of crocodiles, full of mud, and difficult to cross even by the intoxicated elephants; hence the forest is always full of more difficulties.

(10) The paths are covered with creepers and briars, resounding by the (sound of) cocks, without water and very difficult; hence the forest is full of difficulties.

(11) (The foresters), tired with fatigue, sleep on beds of leaves, fallen of their own accord, on the ground at night; hence the forest is full of difficulties.

(12) Day and night, (one), controlling one's self, has to be satisfied by fruits fallen from the

trees; hence, O Sita, the forest is full of difficulties.

(13) O daughter of Mithila, (a forester) must fast as far as he can, must put on bark-clothes and must have a load of matted hair.

(14) The worship of deities, manes and of the guests who come, must be done from day to day, according to the rites.

(15) Daily at proper time, a triple bath must be taken, following the strict rule; hence the forest is full of more difficulties.

(16) Offering must be given on the altar by the rite of the sages, with flowers, brought by oneself, hence, O girl, the forest is full of difficulties.

(17) O daughter of Mithila, the foresters, who have restrained their diet, must be satisfied with whatever (food) they get; hence the forest is full of difficulties.

(18) There are always fierce winds, darkness, and hunger; and the dangers are many; hence the forest is full of difficulties.

(19) O young woman, there are many snakes

living on earth and of many kinds which, out of pride, move on the earth; hence the forest is full of more difficulties.

(20) Serpents living in rivers, which move crookedly like a river, stand obstructing the path; hence the forest is full of more difficulties.

(21) O weak one, locusts, scorpions, worms, wild flies, along with mosquitoes, always trouble; hence the forest is full of more difficulties.

(22) O beautiful woman, in the forest, the trees abound in thorns; and the tops of branches of Kusha and Kasha are complicated; hence the forest is full of more difficulties.

(23) To one living in a forest-abode, these are various dangers; and troubles to the body; hence the forest is full of difficulties.

(24) Anger and covetousness must be given up; mind should be bent on penance; one should not be afraid of dangerous (things); hence the forest is always full of difficulties.

(25) So away with your going to the forest; forest life is not fit for you; (even) here, while thinking, I see that the forest is full of many dangers.

૧. અન્વયઃ—सः धर्मज्ञः धर्मवत्सलः (रामः) वने दुःखानि चिन्तयन् एवं ब्रुवतीं सीतां वने नेतुं बुद्धिं न कुरुते ।

धर्मस्य ज्ञाता धर्मज्ञः (ष. त.) ધર્મને જાણનાર. धर्मे वत्सलः धर्मवत्सलः (स. त.) ધર્મ ઉપર પ્રીતિ રાખનાર. वने दुःखानि चिन्तयन्—વનમાં પડતાં દુઃખોનો વિચાર કરીને. આ દુઃખોનું વર્ણન આ પાઠમાં આવે છે. चिन्तयन्—चिन्त् ગ. ૧૦. ઉ.નું પરસ્મૈ. વર્ત. કૃ. પ્ર. એ. વ. વિચાર કરતો. ब्रुवतीं—ब्रू.નું વ. કૃ. સ્ત્રી. દ્વિ. એ. વ. બોલતી. वने नेतुं—વનમાં લઈ જવાનો. बुद्धिं न कुरुते—વિચાર ન કર્યો. कुरुते—અહીં ભૂતકાળના અર્થમાં વપરાયું છે.

૨. सान्त्वयित्वा—सान्त्व् ગ. ૧૦. ઉ.નું સંબંધક ભૂ. કૃ. સાંત્વન આપીને, દિલાસો આપીને. बाष्पैः पर्याकुले ईक्षणे यस्याः सा बाष्प...णा (બહુ.) તામ જેની આંખો આંસુથી પૂર્ણ છે તે. अक्ष पु, अक्षि न. અને ईक्षण न. આ ત્રણેય શબ્દો આંખ માટે વપરાય છે. निवर्तनार्थे—અટકાવવા માટે. धर्मे आत्मा यस्य सः धर्मात्मा. (બહુ.)

૩. महाकुलीना—મહાન ઉત્તમ કુળમાં જન્મેલી. સીતા પાંચાલગોત્રમાં જન્મી હતી. તેના પિતાનું નામ જનક હતું. निरता—મશગુલ, તલ્લીન. इह—અહીં, અયોધ્યામાં. आचरस्व—आ + चर्નું આજ્ઞાર્થ બી. પુ. એ. વ. આચરણ કર. રામ કહે છે, "તું અહીં જ રહીને ધર્મનું આચરણ કર. આથી મને સુખ થશે."

૩. वक्ष्यामि—वच्‌નું, સામાન્ય ભવિષ્ય, ૧ પુ. એ. વ. કહીશ, કહું છું. तथा कार्यं—તેમ કરવું જોઈએ. दोषा—દુઃખો. वदतः—वद्‌નું, વ. કૃ. ષ. એ. વ. वदतः मे तान् निबोध—હું ગણાવું છું, તે તું જાણી લે. निबोध—नि+बुध् નું આજ્ઞાર્થ, બી. પુ. એ. વ. જાણી લે.

૫. विमुच्यताम्—वि+मुच ગ. ૬. ઉ. નું કર્મણિ આજ્ઞાર્થ ત્રી. પુ.

એ. વ. છોડી દે. एषा वनवासकृता मतिः–આ વનવાસ કરવાનો વિચાર. બીજી લીટી આનું કારણ આપે છે. बहवः दोषाः अस्मिन् तद् बहुदोषम् (બહુ) ખૂબ મુશ્કેલીઓવાળું. कान्तारं–ધીચ, ગહન વન. (अभिज्ञैः) अभिधीयते–(જાણકારો) કહે છે. अभिधीयते–अभि+धा ગ. ૩. નું કર્મણિ ત્રી. પુ. એ. વ. કહેવાય છે.

૬. કદાચ સીતાને લાગે કે રામની ઇચ્છા પોતાને વનમાં લઇ જવાની નથી તેથી જ 'વનમાં ઘણાં દુઃખો છે' એવું તે કહે છે. આ શંકાનું નિવારણ કરવા માટે રાજા કહે છે :– "તારું હિત કરવાના વિચારથી જ (बुद्धया) આ શબ્દો (वचः) હું તને કહું છું (मया अभिधीयते)" सुखं–સુખદાયી.

૭. અન્વય :– गिरिकन्दरवासिनां सिंहानां गिरिनिर्झरसंभूताः निनदाः श्रोतुं दुःखा (सन्ति ।) अतः वनं दुःखम् (अस्ति).

कन्दर :– બખોલ, ખાણ, ગુફા. गिरेः कन्दरेषु वासः येषां तेषां गिरिकन्दर वासिनाम् (બહુ.) પર્વતની ગુફાઓમાં રહેનાર. निर्झर:–પર્વતમાંથી વહેતી નદી. संभूत–વધી ગયેલ, પ્રવૃદ્ધ થયેલ. गिरिनिर्झरसंभूताः– નદીઓ પર્વત ઉપરથી પડતી હોય છે, ત્યારે તેનો ઘણો અવાજ થાય છે. આ અવાજ સિંહોની ગર્જનાઓ (निनदाः) સાથે ભળે છે એટલે સ્વાભાવિક રીતે ગર્જનાનો અવાજ ખૂબ વધી જાય છે. (संभूतः); એટલે આ અવાજ સાંભળવાનું (श्रोतुं) ઘણું દુઃખકર થઇ પડે છે. માટે (अतः) વન દુઃખકર છે.

૮. शून्ये (वने) विस्रब्धाः क्रीडमानाः मत्ताः महामृगाः (अस्मान्) दृष्ट्वा समभिवर्तन्ते । (हे) सीते, अतः वनं दुःखकरम् ।

शून्ये–નિર્જન. विस्रब्धा :– બીક વગર. क्रीडमाना :– क्रीड् ગ. ૧. નું વ. કૃ. પ્ર. બ. વ. ફરતાં, આનંદ કરતાં. ખરી રીતે क्रीड् પરસ્મૈ.

છે એટલે क्रीडन्तः થવું જોઈએ. क्रीडमानाः આર્ષ પ્રયોગ છે. मत्ताः– મસ્ત. બીક વગર ફરવાથી પ્રાણીઓ, મસ્ત થઈ ગયેલ હોય છે. महामृगाः– મોટાં હિંસક પ્રાણીઓ, સિંહ, વાઘ વિ. दृष्ट्वा–જોઈને. समभिवर्तन्ते–सम्+अभि+वृत् ગ. ૧. આ. નું વર્તમાન ત્રી. પુ. બ. વ. (આપણને મારવા માટે) સામા આવે છે. વનના પ્રાણીઓ મનુષ્યને જવલ્લેજ દેખે છે એટલે જ્યારે તેઓની નજરે મનુષ્ય પડે છે ત્યારે તેઓ તેને મારવા માટે તુરત જ સામા દોડે છે.

૯. सग्राहाः पंकवत्यः च सरितः मत्तैः गजैः अपि नित्यं सुदुस्तराः, अतः वनं दुःखतरम् ।

ग्राहैः सहिताः सग्राहाः (સહ બહુ.) મગરોવાળી. पंकवत्यः– કાદવવાળી. सरितः–सरित् સ્ત્રીનું પ્ર. બ. વ. નદીઓ. सुदुस्तराः=तरितुं अशक्याः– મહામુશ્કેલીએ તરી શકાય તેવી. મદમસ્ત હાથીઓ પણ નદીઓ ન તરી શકે ત્યારે મનુષ્યોનું શું ગજું ?

૧૦. કદાચ સીતા કહે કે નદી આડી ન આવે તેવાજ માર્ગે આપણે જશું, એટલા માટે રામ કહે કે સ્થળમાર્ગોમાં પણ ઘણી અડચણો હોય છે. लताभिः कण्टकैश्च संकीर्णाः लता...र्णाः લતાઓ અને કાંટાઓથી ભરપૂર. લતાઓના ઝૂંડમાં કપડાં ભરાઈ જાય; અને કાંટાથી પગ વીંધાઈ જાય છે. कृकवाकु–જંગલી કુકડો. कृकवाकुभिः उपनादिताः कृक...ताः– જંગલી કુકડાઓના (અવાજથી) ગાજી રહેલ. જંગલી કુકડાઓનો અવાજ ઘણો કર્કશ હોય છે. निर्गताः आपः येभ्यः ते निरपाः (પ્રાદિ બહુ.) પાણી વિનાના. જળરહિત. सुदुर्गाः– મુશ્કેલીથી પસાર કરી શકાય તેવા. સરખાવો. सुदुस्तराः (શ્લોક ૯.)

૧૧. श्रमखिन्नेन भूतले स्वयंभग्नासु पर्णशय्यासु रात्रिषु सुप्यते । तस्माद् वनं दुःखतरम्.

श्रमखिन्नेन–વનમાં ફળ વગેરે લાવવામાં ખૂબ રખડવાથી થાક લાગે છે. भूतले–જમીન ઉપર. स्वयंभ्रमासु પોતાની મેળે ખરી પડેલ. વનમાં તપસ્વી જીવન ગાળવાનું હોય છે એટલે ઝાડ ઉપરથી ફલ, ફૂલ, કે પાંદડા ખેરવાથી હિંસા થઈ ગણાય છે. पर्णशय्यासु–પાંદડાની પથારી ઉપર सुप्यते–स्वप् ગ. ૨. પ.નું કર્મણિ વર્તમાન ત્રી. પુ. એ. વ. સુવું પડે છે.

૧૨. च नियतात्मना वृक्षावपतितैः अहोरात्रं संतोषः कर्तव्यः हे सीते अतः वनम् दुःखम् । नियतः आत्मा यस्य सः नियतात्मा (બહુ.) तेन જેણે પોતાની જાતને સંયમમાં રાખી છે તે. વનવાસમાં સંયમ પાળવો પડે છે, वृक्षावपतितैः– ઝાડો ઉપરથી (પોતાની મેળેજ) પડેલાં. अहश्च रात्रिः च अहोरात्रम् (સમાહાર દ્વન્દ્વ) રાત્રિ અને દિવસ, હંમેશ.

૧૩. (हे) मैथिलि वल्कलाम्बरधारिणा यथाप्राणेन उपवासः च जटाभारः च कर्तव्यः ।

मैथिलि– હે સીતા. સીતાનો પિતા જનક મિથિલાનો રાજા હતો એટલે સીતાને मैथिली કહી છે. वल्कलाम्बरधारिणा–ઝાડની છાલમાંથી બનાવેલ કપડાં પહેરનારે. વનમાં વલ્કલ ધારણ કરવાં પડે છે. यथा-प्राणेन–યથાશક્તિ. जटाभारः–જટાનો ભાર. વનમાં તપ કરનારે જટા ધારણ કરવી પડે છે. ઘણા जटाभार ને जटा+अभार: લે છે અને તેનો અર્થ ' વાળનું છેદન ' કરાવવું પડે છે તેમ લે છે. પણ આ ખોટું છે.

૧૪. विधिपूर्वकम् देवतानां पितॄणां प्राप्तानां अतिथीनां च नित्यशः प्रतिपूजनम् कर्तव्यम् ।

विधिपूर्वकम्– વિધિસર. अतिथीनां–અતિથિઓનું, મહેમાનોનું. नित्यशः–રોજેરોજ, હંમેશ. એક દિવસનું હોય તો વાંધો ન આવે

પણ આ તો હંમેશનું થયું એટલે સ્વાભાવિક રીતે જ ખૂબ દુઃખકર થઈ પડે. प्रतिपूजनम्–પૂજા. વિધિસર પૂજા કરવા માટે બધાં સાધનો ભેગા કરવામાં વનમાં ઘણી મુશ્કેલી નડે છે.

૧૫. त्रिः– ત્રણ વાર, સવારે, બપોરે અને સાંજે. अभिषेकः–સ્નાન. नियमेन एव चरता= નિયમ પાળતા, સંયમ રાખતા.

૧૬. आर्षेण विधिना वेद्यां स्वयम् आहृतैः कुसुमैः उपहारः च कर्तव्यः । (हे) बाले, अतः वनं दुःखम् ।

ऋषेः अयम् आर्षः (પ. त) आर्षेण विधिना–ઋષિઓએ (વેદમાં કહેલ) વિધિ પ્રમાણે. वेद्यां–(પોતે જ બનાવેલ) વેદીમાં. स्वयम्–પોતાની મેળે જ. उपहारः–પૂજા. વનમાં પૂજા કરવા માટેની વેદી પણ જાતે બનાવવી પડે છે; પૂજા માટે જોઈતાં ફૂલ પણ હાથે જ વીણી લાવવાં પડે છે; અને વિધિપૂર્વક પૂજા કરવી પડે છે. તેથી વનવાસ દુઃખકર છે.

૧૭. यताहारैः वनचरैः नित्यं तेन यथालब्धेन संतोषः कर्तव्यः । (हे) मैथिलि, अतः वनं दुःखम् ।

यतः आहारः येषां ते यताहारा (બહુ.) तैः જેમણે ખોરાક ઉપર અંકુશ રાખ્યો છે તેવા, મિતાહારી. वनचरैः–વનવાસીઓએ. यथा–लब्धेन–જે મળી શકે તે (ખોરાકથી).

૧૮ अतीव वाताः, तिमिरं, बुभुक्षा, महान्ति भयानि च अत्र नित्यशः (सन्ति); ततः वनं दुःखतरम् ।

अतीव–वाताः વિ. બધા શબ્દો સાથે લેવાનું છે. अतीव वाताः–પ્રચંડ પવનો. अतीव तिमिरं–અંધકાર. अतीव बुभुक्षा–તીવ્ર ભૂખ. भुक्षा–भोक्तुमिच्छा–भुज् ગ. ૭. ઉ. નું ઇચ્છાદર્શક નામ. ખાવાની ઇચ્છા, ભૂખ.

૧૯. (हे) भामिनि, बहवः बहुरूपाः सरीसृपाः दर्पात् पृथिवीं चरन्ति । ततः वनं दुःखतरम् ।

बहुरूपाः–જુદી જુદી જાતના. सरीसृपाः–પર્વતમાં અથવા જમીન ઉપર રહેનાર સર્પો. दर्पात्. અભિમાનથી–"અમને મારનાર કોઈ નથી" એમ માનીને તેઓ અભિમાની બની ગયા હોય છે.

૨૦ नदीकुटिलगामिनः नदीनिलयनाः सर्पाः पन्थानं आवृत्य तिष्ठन्ति । ततः वनं दुःखतरम् ।

ઉપર પર્વત અથવા સ્થળમાં રહેનાર સર્પની વાત કરી છે. આ શ્લોકમાં જળસર્પોની વાત છે.

नदीकुटिलगामिनः–નદીના જેવી વાંકીચૂંકી ગતિ વાળા. સર્પો હંમેશાં વાંકાચૂંકા ચાલે છે. नदीनिलयनाः–નદીમાં રહેનારા. पन्थानं आवृत्य–(ચાલવાના) માર્ગને ઘેરીને.

૨૧. मशकः–મચ્છર; ડાંસ. बाधन्ते–હેરાન કરે છે.

૨૨. वने द्रुमाः कण्टकिनः कुशकाशाः च व्याकुलशाखाग्राः, तेन, हे भामिनि, वनम् दुःखतरम् ।

द्रुमाः–વૃક્ષો. कण्टकिनः–કાંટાવાળાં. कुशकाशाः–કુશ અને કાશ નામનાં વૃક્ષો. व्याकुलाः शाखानां अग्राः येषां ते व्याकुलशाखाग्राः–(બહુ) જેમની ડાળીઓના ઉપલા ભાગ વ્યાકુલ (એક બીજા સાથે સંડોવાઇ ગયેલા) છે તે. આથી ચાલવાનો માર્ગ રૂંધાઈ જાય છે ને તેથી ચાલવામાં મુશ્કેલી પડે છે.

૨૩. આ શ્લોકમાં આગલા શ્લોકોમાં કહેલ વાતનો સાર આવે છે. कायक्लेशाः–શરીરનાં દુઃખો.

૨૪. આમાં વનમાં કેવું દુષ્કર તપ કરવું પડે છે તેની વાત છે. क्रोधलोभौ विमोक्तव्यौ–ક્રોધ તથા લાભ છોડી દેવાં પડે છે. विमोक्तव्यौ वि+मुच्‌નું વિધ્યર્થ કૃદંત પ્ર. દ્વિ. વ. तपसे मति: कर्तव्या–તપમાં મશગુલ રહેવું પડે છે, તપ કરવાની બુદ્ધિ રાખવી પડે છે. भेतव्य–भी નું વિધ્યર્થ કૃદંત બીવા યોગ્ય; જેવાં કે સિંહ, સર્પ, વિ. બીક લાગે તેવી વસ્તુઓથી પણ બીવું ન જોઈએ (न भेतव्यम्) આને અભય વ્રત કહે છે.

૨૫. આ શ્લોકમાં રામના કહેવાનું તાત્પર્ય દર્શાવ્યું છે. अलं ते वनं गत्वा તું વનમાં જવાનો વિચાર માંડી વાળ. अलं નો સંબંધક ભૂ. કૃ. સાથેનો આ ઉપયોગ ધ્યાનમાં રાખો. वनं तव क्षमं न (अस्ति) વન તારે માટે યોગ્ય નથી. સીતા બહુ કોમળ છે અને વન ક્લેશથી ભરપૂર છે એટલે સીતાને માટે વન યોગ્ય નથી. વન તો કઠોર શરીર-માટે જ યોગ્ય છે.

विमृशन्–वि+मृश् ગ. ૬–પનું વ. કૃ. પુ. પ્ર. એ. વિચાર કરતાં. बहुदोषकरं–ઘણાં દુઃખો લાવનારું, ખૂબ દુઃખકર.

Questions:—

(1) Solve:–धर्मवत्सल:, बाष्पपर्याकुलेक्षणाम्, धर्मात्मा, सग्राहा:, लताकंटकसंकीर्णा, कृकवाकूपनादिता:, निरपा:, अहोरात्रम्, नियतात्मना, जटाभार:, यताहारै:, व्याकुलशाखाग्रा:.

(2) Recognise:–सान्त्वयित्वा, आचरस्व, वक्ष्यामि, विमुच्यताम्, अभिधीयते, क्रीडमाना:, सुप्यते, बुभुक्षा, विमृशन्.

(3) Describe in your own words the hardships of forest-life.

(4) Remember:–न नेतुं कुरुते बुद्धिं, धर्मे निरता, कर्तव्या तपसे मतिः, मेतव्यं न मेतव्ये.

(5) Translate into English:—

सा नूनं तरुणी श्यामा सुकुमारी सुखोचिता ।
कथमुष्णं च शीतं च मैथिली विसहिष्यते ॥

भुक्त्वाशनं विशालाक्षी सूपदंशान्वितं शुभम् ।
वन्यं नैवारमाहारं कथं सीतोपभोक्ष्यते ॥

गीतवादित्रनिर्घोषं श्रुत्वा शुभसमन्विता ।
कथं क्रव्यादसिंहानां शब्दं श्रोष्यत्यशोभनम् ॥

पद्मवर्णं सुकेशान्तं पद्मनिःश्वासमुत्तमम् ।
कदा द्रक्ष्यामि रामस्य वदनं पुष्करेक्षणम् ॥

वज्रसारमयं नूनं हृदयं न मे न संशयः ।
अपश्यन्त्या न तं यद्वै फलतीदं सहस्रधा ॥

(6) Translate into Sanskrit:—

Whatever may be the hardships of a forest life, I will surely accompany you; for as long as you are with me, even the forest is as good as a palace; and as soon as you will depart, this palace will be a veritable forest to me.

૧૦

આ પાઠ અશ્વઘોષના બુદ્ધચરિત્રના પાંચમા સર્ગમાંથી લીધેલ છે. અશ્વઘોષ વિષે પણ બહુ જાણવાનું મળતું નથી. તે ઇ. સ. ની લગભગ

શરૂઆતમાં થઇ ગયો છે એમ મનાય છે. અશ્વઘોષ પહેલાં બ્રાહ્મણ હતો પણ પાછળથી વસુમિત્રે તેને બૌદ્ધ ધર્મની દીક્ષા આપેલી. બૌદ્ધ થયા પછી બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે તે ખૂબ ફર્યો અને છેવટે કાશ્મીરમાં રહ્યો. તેણે બુદ્ધચરિત, સૌંદરનન્દ તથા સૂત્રાલંકાર નામના ત્રણ કાવ્યો લખ્યાં છે.

બુદ્ધચરિત્રમાં મૂળ ૨૮ સર્ગ હતા પણ હાલ તેના ૧૩ સર્ગજ ઉપલબ્ધ છે (૧૪–૧૭ સર્ગ ૧૯ મી સદીના કોઈ લેખકે લખ્યા છે). આમાં ગૌતમ બુદ્ધનું ચરિત્ર વર્ણવેલું છે. ૧૨ સર્ગ સુધી બુદ્ધના ચરિત્રની વાત આવે છે અને પછી બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનું પ્રતિપાદન આવે છે.

બુદ્ધચરિત્ર એક ઉત્તમ મહાકાવ્ય છે. મહાકાવ્યની બધી ખાસિયતા તેમાં છે. તે એટલું બધું લોકપ્રિય થયેલું કે તેનું ચીની (પાંચમી સદીમાં) અને ટીબેટન (સાતમી સદીમાં) ભાષામાં ભાષાંતર થયેલ. આ ભાષાંતરો હાલ પણ ઉપલબ્ધ છે.

અશ્વઘોષની શૈલી સરળ અને સચોટ છે; છતાં પણ તેમાં કાલિદાસ જેટલી પ્રાસાદિકતા નથી. તેમાં ઘણાંયે શ્લોકોનો અર્થ કિલષ્ટ છે. તેની શૈલીમાં ઓજસ અને વેગ છે. તેનો વ્યાકરણ ઉપરનો કાબુ અપ્રતિમ છે અને કોઈ કોઈ વાર તો અર્થની સરળતાને ભોગે પણ તે અમુક જાતના રૂપો વાપરવા પ્રેરાય છે.

બુદ્ધચરિત્ર અને કાલિદાસનો રઘુવંશ ખૂબ જ મળતા આવે છે તેથી એમ અનુમાન થઈ શકે છે કે એક બીજામાંથી પ્રેરણા મેળવી હશે. પણ આ બેમાંથી વધારે જૂનો લેખક કોણ હશે તે વિવાદાસ્પદ છે.

અનુવાદ :—

સિદ્ધાર્થ (બુદ્ધ) રાજમહેલમાંથી બહાર નીકળે છે.

(૧) પછી તે સુતેલી યુવતીઓને તિરસ્કારતો તે મહેલના માળ ઉપરથી નીચે ઉતર્યો; અને પછી (નીચે) ઉતરીને મહેલના અંદરના પહેલા ઓરડામાં બીક વગર ગયો;

(૨) છન્દક (નામના) વેગવાન અશ્વપાલ ને જગાડીને તેણે (તેને) નીચે પ્રમાણે (इति) કહ્યું, "એકદમ કન્થક (નામના) ઘોડાને લઈ આવ; (કારણ કે) મોક્ષ (अमृत) મેળવવા માટે આજે અહીંથી જવાની મારી ઇચ્છા છે.—

(૩) મારા હૃદયમાં જે સંતોષ થયેલ છે, મનમાં જે દૃઢ વિચાર કરેલ છે, અને એકલતામાં પણ જાણે મારા ઉપર રક્ષક હોય તેમ લાગે છે; તેથી ખરેખર ઈષ્ટપ્રાપ્તિ (મારી) સન્મુખજ છે.

(૪) મારી હાજરીમાં (પણ) લજ્જા અને વિનય છોડી દઈને યુવતીઓ સુતી છે અને બારણાં એની મેળેજ ઉઘડી ગયાં છે તેથી (મને લાગે છે કે) હવે (अद्य) અહીંથી પ્રયાણ કરવાનો સમય ખરેખર આવી પહોંચ્યો છે."

(૫) પછી રાજાનો હુકમ જાણતાં છતાં પણ તેણે (અશ્વપાલે) (માલિકની) (બુદ્ધની) આજ્ઞા માથે ચડાવીને (प्रतिगृह्य), જાણે કે કોઈ તેના મનને પ્રેરતું ન હોય તેમ, ઘોડો લઈ આવવાનો વિચાર કર્યો.

(૬) પછી તે (પોતાના) માલિક માટે જેનું મુખ સોનાની લગામથી ભરાયેલું છે તેવા, જેની પીઠ કોમળ જીન પાથરવાથી ઢંકાઈ

ગયેલ છે તેવા, બળવાન, તેજસ્વી, વેગવાન, ઉત્તમ ઓલાદના, ઉત્તમ ઘોડાને લઈ આવ્યો.

(૭–૮) જેની કરોડનો નીચલો ભાગ, પૂંછડાંનું મૂળ તથા એડીઓ પહોળી હતી, જેના વાળ, પૂંછડું તથા કાન સ્થિર અને ટૂંકા હતા; જેની પીઠ નમી ગયેલ હતી, જેના પેટની બે બાજુઓ ઉન્નત હતી, જેનાં નસકોરાં, લલાટ, કમર તથા છાતી પહોળાં હતાં, તેવા ઘોડાને, જાણે કે લશ્કરના મધ્યભાગમાં પ્રવેશ કરવા ઇચ્છતો હોય તેમ, ભેટીને, (પોતાના) કમળ જેવા હાથથી (તેને) પંપાળીને, તેણે તેને મધુર શબ્દોવાળી વાણીમાં કહ્યું,

(૯) 'તારા ઉપર સવારી કરીને રાજાએ (શુદ્ધોદને) લડાઈમાં ખરેખર ઘણા શત્રુઓને હરાવ્યા છે; હે ઉત્તમ અશ્વ, મને પણ મોક્ષપદની પ્રાપ્તિ થાય તે પ્રમાણે કર.

(૧૦) લડાઈમાં, વિષયોપભોગથી મળતાં સુખમાં કે ધન ઉપાર્જન કરવામાં સહાય કરનાર સહેલાઈથી મળે છે; પણ દુઃખમાં આવી પડેલ પુરુષ માટે કે ધર્મના આચરણમાં સહાય કરનારા દુર્લભ છે.

(૧૧) આ દુનિયામાં ખરાબ કાર્યમાં કે ધર્મના આચરણમાં જે કોઈ મદદ કરે છે તે લોકો પણ ચોક્કસ તેમાં ભાગીદાર થાય છે એમ મારો અન્તરાત્મા કહે છે (અક્ષરશઃ જાણે છે).

(૧૨) માટે હે ઉત્તમ અશ્વ, મારું આ પ્રયાણ ધર્મયુક્ત અને જગતના હિત માટે છે એમ જાણીને તારા વેગ અને પરાક્રમ વડે તારાં પોતાના તેમજ જગતના હિત માટે પ્રયત્ન કર.'

(૧૩) આવી રીતે મિત્રની જેમ (તે ઘોડાને) સત્કાર્યમાં પ્રેરીને (अनुशिष्य) વનમાં જવાની ઇચ્છા વાળા, દેખાવડા અગ્નિના જેવી

કાંતિવાળા, અને મનુષ્યોમાં ઉત્તમ (બુદ્ધ), સૂર્ય જેમ કાળાં શરદઋતુના વાદળાં ઉપર આવે છે તેમ, (તે) ઉત્તમ અશ્વ ઉપર સવારી કરી.

(૧૪) પછી મધ્યરાત્રિ હોવાથી પ્રચંડ બની જાય તેવા અને નોકરોને જગાડી દે તેવા અવાજને દૂર રાખવાની (ઇચ્છાથી) તે સારો ઘોડો જડબાંનો અવાજ કર્યા વિના, અને હણહણાટી શાંત કરીને, ભયપૂર્વક (ચકિત) પગલાં પાડતો પાડતો ચાલ્યો.

(૧૫) પછી નીચા વળેલા યક્ષોએ કમળોને ફેંકી દઈને પોતાના સોનાના કંકણુથી શોભતા હાથની ધ્રુજતી હથેળીઓ વડે તે (ઘોડા)ના દાબડાઓ ઝીલી લીધા.

(૧૬) શહેરની લોઢાના વજનદાર સળીયાવાળાં બારણાંથી ઢંકાયેલ જે શેરીઓને હાથીઓ પણ સહેલાઈથી ઉઘાડી શક્તા ન હતા; તે શેરીઓ રાજાનો કુંવર (બુદ્ધ) નીકળ્યો ત્યારે, પોતાની મેળે અવાજ કર્યા વિના ઉઘડી ગઈ.

(૧૭) પછી નિશ્ચય કરીને, પ્રેમાળ પિતા, બાળક પુત્ર, વહાલાં સંબંધીઓ તથા અપ્રતિમ સંપત્તિનો ત્યાગ કરીને, જેણે બધી તૃષ્ણાઓ જતી કરી છે એવો તે પિતાના નગરમાંથી બહાર નીકળ્યો.

(૧૮) પછી સ્વચ્છ કમળ જેવા વિશાળ આંખો વાળા તેણે શહેરને જોઈને સિંહના જેવા ગર્જના કરી, "જન્મ અને મરણનો પાર પામ્યા વિના હું આ કપિલ ઉપરથી નામ પડેલ (કપિલવસ્તુ) નગરમાં પ્રવેશ કરીશ નહિ."

(૧૯) તેનું આ વચન સાંભળીને કુબેરની સભાના સભાસદો આનંદ પામ્યા; અને જેમના હૃદય આનંદ પામ્યા છે તેવા દેવોના સમૂહે આના નિશ્ચયને સફળતા ઇચ્છી.

(૨૦) આનો નિશ્ચય ઘણો દુષ્કર છે એમ માનીને બીજા અગ્નિ જેવા શરીરવાળા દેવોએ તેના હિમાચ્છાદિત માર્ગમાં, વાદળાંની બખોલમાંથી પ્રસરતા ચન્દ્રના કિરણોની જેમ, પ્રકાશ ફેંક્યો.

(૨૧) (પછી) ઇન્દ્ર (हरितुरग:)ના ઘોડાની જેમ ચાલતા, તે ઘોડાએ, મનમાં પ્રેરણા થઈ આવી હોય તેમ, પ્રાતઃકાળને લીધે ચિત્રવિચિત્ર તારાવાળા આકાશમાં ઘણાયે યોજનો કાપ્યા.

Siddhartha (Buddha) leaves the palace.

(1) Then he came down from the top of the palace, hating the women who were sleeping; and then having descended, he went fearlessly into the palace.

(2) Having awakened the swift groom, Chhandaka, he said thus, "Being quick, bring, the horse, Kanthaka; today I wish to go from here to obtain salvation.

(3) Since contentment is grown in me; as my resolution is confirmed in (my) mind, as I am, even in a lonely place, as though accompanied by a protector, certainly my desired goal is come in front of me.

(4) As young women, giving up shame and respect, slept before me and as the doors opened of their own accord, certainly, therefore, now the time to depart has come for me."

(5) Then, although he knew the king's order, he accepted his master's command; (and) as if impelled in his mind by somebody else, he made up his mind to bring the horse.

(6) Now to his master he brought the excellent horse, whose mouth was filled with golden bridle-bits, whose back was covered with the spreading of the soft saddle and who was endowed with strength, mettle, speed and good breed.

(7-8) The broad-chested one, as if desiring to enter into the centre of the army, embraced him (horse), whose lower spine, root of the tail, and heels were broad; whose hair, tail and ears were short and steady, whose back was depressed; and both sides of whose belly were prominent; and whose nostrils, forehead, waist, and chest were wide; and caressing him with his lotus like hand, he spoke (to him) in sweet-syllabled words.

(9) "the king, mounting you, has, indeed, many a time wiped out his enemies; O best of horses, act in such a way that I, too, may get salvation.

(10) Indeed, it is easy to get helpers in a battle, or in pleasures accruing from sensual

objects, or in earning wealth; but, it is difficult to find companions for a man fallen in adversity, or in resorting to religious practices

(11) As my inner soul understands, those people, who in this world help in an evil act or in resorting to religion, certainly partake of a share therein.

(12) Then, O excellent steed, knowing that this my going out from here is righteous and for the benefit of the world, exert yourself for the good of yourself and of the world by (your) speed and valour."

(13) Thus the best of men, resplendent as fire, (and) possessing a beautiful form (वपुष्मान्) desiring to depart, initiated the best of the horses in duty as a friend, and mounted it as the sun (mounts) an autumnal cloud

(14) Then avoiding (all) noise which, being louder at night, was likely to arouse the attendents, that good horse started with steps paced hesitatingly, without making any noise of its jaws, and silencing its neighing.

(15) Then, having thrown away the lotuses, the yakshas, with their bodies bent, supported

the hoofs of that (horse) by the palms of their hands, the fore-parts of which were decorated with golden bracelets, and the movement of which was confused.

(16) when the prince was going, the streets of the town which were closed with doors having heavy bolts, and which could not be easily opened even by the elephants, became open of their own accord.

(17) Having made up his mind, he, bereft of all desires, abandoning his loving father, the infant son, devoted people and incomparable wealth, then went out of his father's city.

(18) Now he, with his eyes as large as a pure lotus, looking at the town declared in a lion's voice, "I will never enter again the city called after Kapila, without seeing the other end of birth and death."

(19) Hearing these words of his, the members of the assembly of Kubera were pleased; and the hosts of gods, with their minds gladdened, blessed him with the fulfilment of his resolve.

(20) Other gods, with fire-like bodies, knowing his resolution to be difficult to accom-

plish, threw light upon his misty path, like the rays of the moon issuing through the interstices of clouds.

(21) The horse, moving like Indra's (हरितुरग) horse, as if inspired in his mind, went over many yojanas along the sky, possessed of variegated stars due to dawn.

૧. अभिनिष्क्रमणम्–બહાર જવું તે; બૌદ્ધ લોકો સંન્યાસ લેવા માટે ઘર છોડી જાય છે તે. અન્વય:–अथ ताः शयिताः युवतीः विगर्हमाणः सः हर्म्यपृष्ठात् अवततार। अवतीर्य च ततः (सः) निर्विशंकः प्रथमां गृहकक्ष्यां विनिर्जगाम ।

शयिताः–शि ગ. ૨. આ.ના કર્મણિ ભૂ. કૃ. નું સ્ત્રી. દ્વિ. બ. વ. સુતેલી. युवतीः–युवतीनुं દ્વિ. બ, વ. યુવતીઓને, યુવાન સ્ત્રીઓને. विगर्हमाणः–वि+गर्ह् નું વ. કૃ. પુ. પ્ર. એ. વ. તિરસ્કારતો. सः–તે, સિદ્ધાર્થ. हर्म्यपृष्ठात्–મહેલના માળ ઉપરથી. अवततार–अव+तॄ ગ. ૧. પ. નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. નીચે ઉતર્યો. अवतीर्य अव+तॄ નું સંબંધક ભૂ. કૃ. નીચે ઉતરીને. निर्गता विशंका (બીક) यस्य सः निर्विशंकः (બહુ.) બીક વગર. गृहकक्ष्यां–અંદરના ઓરડામાં દરવાજા પાસે આવેલ નોકરોના ઓરડાને कक्ष्या કહે છે. कक्ष्याने અત્યારના 'out-house' સાથે સરખાવી શકાય. कक्ष्यामां જવાનું કારણ અશ્વપાલને ઉઠાડવાનું હતું. विनिर्जगाम–वि+निर्+गम् નું પરોક્ષ ભૂત. ત્રી. પુ. એ. વ. ગયો.

૨. અન્વય :– सः जविनं तुरगावचरं छन्दकं बोधयित्वा इत्थम् उवाच–"त्वरावान् (त्वम्) कंथकं हयम् आनय, अमृतं प्राप्तुं अद्य मे इतः यियासा ।

जव : (वेग) अस्य अस्ति सः जविन् वेगवान. ઉંઘમાંથી જગાડવાથી તે સફાળો ઉઠયો હતો તેથી વેગવાન હતો. अवचरः- નોકર तुरगस्य अवचरः तुरगावचरः (ષ. ત.) ઘોડા સાચવનાર, ખાસદાર, અશ્વપાલ. छन्दकं- અશ્વપાલનું નામ છે. बोधयित्वा-बुध् ગ. ૧. ના પ્રેરકનું સંબંધક ભૂ. કૃ. જગાડીને इत्थम्- નીચે પ્રમાણે. उवाच- કહ્યું. त्वरावान् ત્વરા-ઉતાવળ રાખીને. कंथकं हयम् आनय-કંથક નામના ઘોડાને લઈ આવ. अमृतं-અમરતા, મોક્ષ. प्राप्तुं-प्र+आप् નું હેત્વર્થ, મેળવવાને. यियिसा-यातुमिच्छा-या નું ઇચ્છાદર્શક નામ. જવાની ઇચ્છા.

૩. અન્વય :- अद्य या मम हृदि तुष्टिः जाता, यथा मतौ व्यवसायः च निविष्टः, (यथा)च, विजने (प्रदेशे) अपि नाथवान् इव अस्मि, (तथा) ध्रुवम् इष्टः अर्थः अभिमुखः समेतः ।

तुष्टिः- તૃપ્તિ, સંતોષ. व्यवसायः- નિશ્ચય. નિર્ણય. मतौ निविष्टः મનમાં સ્થિર થયેલ. विगताः जनाः यस्मात् सः विजनः (બહુ.) तस्मिन्- નિર્જન પ્રદેશમાં: नाथवान्-રક્ષક વાળો. ध्रुवम्-નક્કી इष्टः अर्थः- ઇચ્છિત વસ્તુ, મોક્ષપ્રાપ્તિ. मुखम् अभि अभिमुखम् (અવ્યયી.) સામે समेतः-આવેલ છે.

૪. અન્વય :- यथा ह्रियम् संततिं च हित्वा मत्प्रमुखे एव युवत्यः शयिताः, यथा च स्वयं कपाटे विवृते, (तथा तर्कयामि) नियतं इतः यातुं मम अद्य कालः (अस्ति)" ह्रियम्-ह्री સ્ત્રી.નું દ્વિ. એ. વ. લજ્જા. संततिं-વિનયને हित्वा-ત્યાગ કરીને. मत्प्रमुखे एव-મારી હાજરીમાં જ कपाटे विवृते-(ઘરના) બંને બારણાંઓ ઉઘડી ગયાં.

૫. અન્વય : तत नरेन्द्रशासनस्य विदितार्थः अपि सः भर्तुः आज्ञां प्रतिगृह्य, मनसि परेण चोद्यमानः इव, तुरगस्य आनयने मतिं चकार ।

नराणां इन्द्रः नरेन्द्रः (ષ. ત.) રાજા, શુદ્ધોદન, સિદ્ધાર્થનો બાપ. नरेन्द्र शासनः नरेन्द्रशासनः (ષ. ત.) तस्य. विदितः अर्थः येन सः विदितार्थः (બહુ.) જાણનાર. શુદ્ધોદન રાજાએ આજ્ઞા કરી હતી કે સિદ્ધાર્થને રાજમહેલની બહાર ન નીકળવા દેવો. આ આજ્ઞાની અશ્વપાલને ખબર હતી. છતાં પણ તે ઘોડો લાવવા પ્રેરાયો. भर्तुः– બુદ્ધની. प्रतिगृह्य–प्रति+ग्रह् ગ. ૯. ઉ. નું સંબંધક ભૂ. કૃ. માથે ચડાવીને, સ્વીકારીને चोद्यमानः– चुद् ગ. ૧૦. ઉ. ના પ્રેરકનું આ. વર્ત. કૃ. પુ. પ્ર. એ. વ. પ્રેરાયેલ. તેને જાણે કે કોઈ અદૃશ્ય વ્યક્તિએ ઘોડો લાવવા માટે પ્રેરણા કરી હતી. तुरगस्य आनयने–ઘોડો લાવવા માટે. मतिं चकार–વિચાર કર્યો.

૬. અન્વય अथ स भर्त्रे हेम...त्रं, लघु...ष्ठम्, बल...न्नं वराश्वं उपानिनाय ।

अथ–પછી. भर्त्रे–બુદ્ધ માટે. खलीनः–म् લગામ. हेम्नः खलीनेन पूर्णं वक्त्रं (મુખ) यस्य सः हेम...त्रः (બહુ.) तम् (अश्वम्) જેનું મોઢું સોનાની લગામથી ભરપૂર હતું તેવા. આ ઘોડાની લગામ સોનાની હતી. लघु–હલકું, કોમળ. आस्तरणं–પાથરવું તે. उपगूढं–ઢંકાયેલ. पृष्ठ–પીઠ. लघुः शय्या (કર્મ.) तस्याः आस्तरणेन उपगूढं पृष्ठं यस्य सः लघु...ष्ठः (बहु.) तम्. કોમળ જીનના પથરાવાથી જેની પીઠ ઢંકાઈ ગઈ હતી તે. ઘોડાની પીઠ ઉપર કોમળ જીન બિછાવ્યું હતું. बल–બળ, सत्त्व–તેજ. जव–ઝડપ, વેગ. अन्वय–સારી ઓલાદ. उपपन्न–વાળું. बलेन च सत्त्वेन च जवेन च अन्वयेन च उपपन्नः बल....न्नः (બહુ) तम्. वरः (શ્રેષ્ઠ) अश्वः वराश्वः (કર્મ) तम् શ્રેષ્ઠ ઘોડાને. उपानिनाय—उप+आ+नी નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. લઈ આવ્યો.

૭–૮. અન્વયઃ–सः विशालवक्षाः प्रत...र्पिणा, निभृत...णम्, विन

...र्श्वं, विपु...स्कम् तं ध्वजिनीमध्यम् प्रवेष्टुकामः इव, उपगुह्य, कमलाभेन करेण च सान्त्वयन्, मधुराक्षरया गिरा शशास ।

विशालं वक्षः यस्य सः विशालवक्षाः (બહુ.) પહોળી છાતીવાળો, સિદ્ધાર્થ. प्रतत–વિશાળ. त्रिकं–त्रयाणां समाहारः–કરોડની નીચેનો ભાગ. पुच्छमूलं–પૂંછડાનું મૂળ. पार्ष्णिः પુ. ને સ્ત્રી. એડી. प्रतताः त्रिकं च पुच्छस्य मूलं च पार्ष्णिः च यस्य सः प्रत...र्ष्णिः (બહુ.) तम्–ઘોડાનું વિશેષણ છે. निभृत–સ્થિર. ह्रस्व–ટૂંકું. तनूज–तन्वां (શરીરમાં) जायते (ઉ. પ. ત.) વાળ. कर्ण–કાન. निभृताः ह्रस्वाः च तनूजाः पुच्छं कर्णौ च यस्य सः निभृत...र्णः (બહુ.) तम् विनत–નમી ગયેલ. उन्नत–ઊંચું, ઉન્નત. पृष्ठ–પીઠ कुक्षिपार्श्व–પેટની બાજુ. विनतं च उन्नते च विनतोन्नतानि (કર્મ.) पृष्ठं कुक्षेः पार्श्वे च पृष्ठकुक्षिपार्श्वाणि (કર્મ.) विनतोन्नतानि पृष्ठकुक्षिपार्श्वाणि यस्य सः विन...र्श्वः (બહુ.) तम्. विनत ને पृष्ठ સાથે લેવાનું છે અને उन्नत ને कुक्षिपार्श्व સાથે લેવાનું છે. विपुल–વિસ્તૃત, વિશાળ. प्रोथः–म्–નાક અથવા નસકોરું. ललाटं–કપાળ. कटिः–कटी–કમર કેડ. उरस्–છાતી. विपुलाः प्रोथं ललाटं च कटिः च उरः च यस्य सः विपु...कः (બહુ.) तम्- उरस्, सर्पिस्, उपानह वि. શબ્દો બહુવ્રીહિ સમાસને છેડે આવે ત્યારે તેમાં क ઉમેરાય છે. तम्–તે ઘોડાને ध्वजाः सन्ति अस्यां सा ध्वजिनी–સેના, સૈન્ય. मध्यम्–મધ્ય ભાગ. प्रवेष्टुं कामः यस्य सः प्रवेष्टुकामः (બહુ.) દાખલ થવાની ઇચ્છાવાળો. હેત્વર્થ રૂપનો काम અથવા मनस् સાથે સમાસ થાય ત્યારે હેત્વર્થના म् નો લોપ થાય છે. સરખાવો:–गन्तुकामः, उपगुह्य––ભેટીને, આલિંગન દઈને. आभाः–કાન્તિ. कमलस्य इव आभा यस्य सः कमलाभः (બહુ.) तेन કમલ જેવી કાન્તિવાળા. सान्त्वयन्–પંપાળતો, मधुराणि अक्षराणि यस्यां सा मधुराक्षरा (બહુ.) तया મધુર શબ્દોવાળી गिरा–વાણી. शशास–शास् ગ. ૨. પ. નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. હુકમ કર્યો કહ્યું.

૯. અન્વય : हे तुरगश्रेष्ठ त्वाम् अधिरुह्य समरे पार्थिवेन बहुशः शत्रवः निरस्ताः किल । यथावत् अहम् अपि अमृतं पदं लभेय तत् कुरुष्व ।

समरे–લડાઈમાં पार्थिवेन– રાજાએ, શત્રુઓને–बहुशः–ઘણાયે. निरस्ताः હરાવાયા છે, જીત્યા છે. यथावत् યોગ્ય રીતે अमृतं पदं–અમર પદ, મોક્ષ. लभेय–लभ् ગ. ૧. આ. નું. વિધ્યર્થ ૧ પુ. એ. વ. મેળવું. तत्–તે પ્રમાણે कुरुष्व કર.

૧૦. અન્વયઃ–संयुगे विषयावप्तसुखे धनार्जने वा सहायाः खलु सुलभाः । तु आपदि पतितस्य पुरुषस्य धर्मसंश्रये वा दुर्लभाः सहायाः ।

संयुगः–લડાઈ, યુદ્ધ. अवाप्त–મેળવેલ. विषयेभ्यः अवाप्तं सुखं तद् विषयावाप्तसुखम् (કર્મ) तस्मिन् વિષયના ઉપભોગમાંથી મેળવેલ સુખમાં धनस्य अर्जनं धनार्जनं (ષ. ત.) तस्मिन् ધન મેળવવામાં सह अयते एति वा सहायः–મિત્ર, મદદ કરનાર सुखेन लभ्याः सुलभाः–સહેલાઈથી મેળવી શકાય તેવા. आपदि पतितस्य–દુઃખમાં આવી પડેલ. धर्मस्य संश्रयः धर्मसंश्रयः (ષ. ત.) तस्मिन् ધર્મના આચરણમાં. दुःखेन लब्धुं शक्याः दुर्लभाः

૧૧. અન્વય :– यथा मे अन्तरात्मा अवगच्छति इह कलुषे कर्मणि धर्मसंश्रये वा ये जनाः सहायाः भवन्ति ते अपि नियतं तदंशभाजः ।

अन्तरात्मा–અન્તરાત્મા. इह–આ લોકમાં. कलुषे–પાપી, અધર્મ-વાળું, ખરાબ. नियतं–ચોક્કસ. अंशं भजति ते अंशभाजाः (ઉપ. ત.) भज् નામ કે ઉપસર્ગવાળા ઉપપદ સમાસમાં છેલ્લે આવે ત્યારે તેને બદલે भाज् મૂકાય છે. तयोः अंशभाजः तदंशभाजः (ષ. ત.) તે તે કાર્યમાં ભાગ પડાવનારા. ખરાબ કાર્યમાં સહાય કરનાર ખરાબ કાર્યના પરિણામના ભાગી થાય છે, જ્યારે ધર્મકાર્યમાં સહાય કરનાર ધર્મ-કાર્યના પરિણામના ભાગીદાર થાય છે.

૧૨. અન્વય :– हे तुरगोत्तम, तद् इतः इदं मम निर्याणं धर्मयुक्तं जगद्धिताय परिगम्य, आत्महिते जगद्धिते च वेगविक्रमाभ्यां प्रयतस्व ।

तद्–તેથી. इतः–અહીંથી. निर्याणम्–બહાર જવું તે, અભિનિષ્ક્રમણ. धर्मेण युक्तं धर्मयुक्तं (તૃ. ત.) ધર્મયુક્ત, ધર્મવાળું. जगतः हिताय–जगद्धिताय (ષ. ત.) દુનિયાના હિત માટે. परिगम्य–જાણીને. आत्मनः हिते–आत्महिते (ષ. ત.) પોતાના ભલા માટે, તારા ભલા માટે. वेगः– વેગ, ઝડપ. विक्रमः– પરાક્રમ, શક્તિ. वेगः च विक्रमः च वेगविक्रमौ (द्वन्द्व) ताभ्याम्. प्रयतस्व–પ્રયત્ન કર.

૧૩. અન્વય:– इति वनं यियासुः असितगतिद्युतिः वपुष्मान् नृवरः तुरगवरं सुहृदं इव कृत्ये अनुशिष्य, रविः सितं शारदम् अभ्रम् इव, आरुरोह ।

इति–એ પ્રમાણે. यियासुः–या–નું ઇચ્છાદર્શક નામ. જવાની ઇચ્છાવાળો. असिता=(धूमः) गतिः यस्य सः असितगतिः (બહુ.) (અગ્નિ. સરખાવો:–कृष्णवर्त्मा.) यस्य इव द्युतिः (=તેજ) यस्य सः असि–तिः. वपुष्मान्–દેખાવડા શરીરવાળો. वपुष्मान् रविः ના વિશેષણ તરીકે પણ લઈ શકાય. अनुशिष्य–अनु+शास् ગ. ૨. પ. નું સંબંધક ભૂ. કૃ. ઉપદેશીને. सितम्–શ્વેત, સફેદ. शरदि भवं शारदम्–શરદ ઋતુનું. अभ्रम् વાદળું. आरुरोह–आ+रुहनुं પરોક્ષભૂત. ત્રી. પુ. એ. વ. સવાર થયો.

૧૪. અન્વય:–अथ परिजनबोधकरं निशीथचरांड ध्वनिं परिहरन् सः सदश्वः विगतहनुरवः प्रशा...जगाम । करोति इति करः. बोधस्य करः बोधकरः (ષ. ત.) જગાડનાર परिजनानां बोधकरः परिजनबोधकरः (ષ. ત.) નોકરોને જગાડનાર. રાત્રે કાંઈપણ અવાજ થાય તો નોકરો તુરત જ જાગી જાય. निशेरते जनाः अस्मिन् निशीथः–મધ્યરાત્રિ.

निशीथे चण्डः निशीथचण्डः (સ. ત.) મધ્યરાત્રિને લીધે પ્રચંડ. રાત્રિની નીરવ શાંતિમાં ધીમો અવાજ પણ તુરત જ સાંભળી શકાય છે. परिहरन्–परि+हृનું વ. કૃ. ત્યજીને, છોડીને शोभनः अश्वः सदश्वः (કર્મ) સારો ઘોડો. हनुः–હડપચી, જડબાં विगतः हनोः रवः यस्य सः विगतहनुरवः (બહુ.) જડબાંનો અવાજ કર્યા વગર. हेषा–હેષારવ, હણહણાટી. प्रकृष्टेन शान्ता हेषा यस्य सः प्रशान्तहेषः (બહુ) चकित–ગભરાયેલ. चकितं विमुक्तः पदानां क्रमः येन सः चकित...मः (બહુ.) જે ગભરાઈને પગલાં મૂકતો હતો તે. ઘોડો એટલો બધો સમજુ હતો કે જરા પણ અવાજ ન થાય તેટલા માટે તે ધીમે ધીમે સંભાળ-પૂર્વક પગલાં મૂકતો હતો; હણહણવાનું તેણે બંધ રાખ્યું હતું; અને પોતાના જડબાંનો અવાજ પણ તે થવા દેતો ન હતો.

૧૫. અન્વય: ततः अवनततनवः यक्षाः, कमलानि च प्रविध्य, कनकवलयभूषितप्रकोष्ठैः कमलनिभैः चकितगतैः कराग्रैः अस्य खुरान् दधिरे ।

ततः–પછી. अवनताः तनवाः येषां ते अवनततनवः (બહુ.) જેમનાં શરીર નીચે નમેલ છે તે, નીચા વળીને. यक्षा–यक्षाः; કુબેરના નોકરો. યક્ષો અર્ધ મનુષ્ય અને અર્ધ દેવ જેવા ગણાય છે. તેઓ હમેશાં હાથમાં કમળ રાખીને ફરે છે એમ કહેવાય છે. प्रविध्य–प्र + व्यध् નું સંબંધક ભૂ. કૃ. છૂટાં પાડીને, ફેંકી દઈને. कमलानि प्रविध्य–કમળો ફેંકી દઈને. પાઠ્યપુસ્તકમાં कमलानिव प्रविध्य પાઠ છે. આ પાઠ લઈએ તો બરાબર અર્થ નીકળી શકે તેમ નથી. એટલે બીજી આવૃત્તિ-ઓમાં આપેલ પાઠ कमलानि च प्रविध्य લીધેલ છે. કદાચ પાઠ્યપુસ્ત-કમાં આપેલ પાઠ મુદ્રણદોષને આભારી પણ હોય કારણ કે આ વખતે પાઠ્યપુસ્તકમાં ઘણી ભૂલો રહી ગયેલ છે. તે જોતાં कमलानि च ને બદલે कमलानिव છપાઈ ગયું હોય તે સંભવિત છે. प्रकोष्ठः–હાથનો કાંડા ઉપરનો ભાગ. कनकस्य वलयैः भूषिताः प्रकोष्ठाः येषां ते कनक...

श्राः (બહુ.) तैः જેના હાથના કાંડા ઉપરના ભાગ સોનાના કંકણથી શોભતા હતા. कमलैः निभाः कमलनिभाः (તૃ. ત.) तैः કમળના જેવા. चकितं गतं येषां ते चकितगताः (બહુ.) तैः ધ્રૂજતા. કેટલાક चकितगतैः પાઠ આપે છે ને તેને अस्य (ઘોડાની) સાથે લે છે. આ પાઠ આપણા પાઠ કરતાં સારો અને સુગમ છે. कराग्रैः-હાથના અગ્ર ભાગવડે, હથેળીઓ વડે. अस्य खुरान् दधिरे-આ (ઘોડાના) દાબડા ઝીલી લીધા દધિરે-ધા ગ. ૩. ઉ.ના આત્મને.નું પરોક્ષભૂત ત્રી. પુ. બ. વ. ઝીલી લીધા. અવાજ ન થાય તેટલા માટે યક્ષોએ ઘોડાના પગલાં પોતાની હથેળીમાં ઝીલ્યાં.

૧૬ અન્વય:-गुरुपरिघकपाटसंवृता याः द्विरदैः अपि सुखं न अपाव्रियन्ते ताः पुरः प्रतोल्यः नृपसुते व्रजति गतस्वनाः स्वयं विवृताः अभवन् ।

परिघ-આગળિયો, લોઢાનો સળિયો कपाट-બારણું. गुरव : परिघाः येषां ते गुरुपरिघाः (બહુ.) तादृशैः कपाटैः संवृताः गुरु...संवृताः (બહુ.) મોટા (અથવા વજનદાર) લોઢાના સળિયાઓવાળાં બારણાંથી ઢંકાયેલ. द्वौ रदौ यस्य सः द्विरदः (બહુ.) બે દાંત (દંતશૂળ) વાળો, હાથી. सुखं-સહેલાઈથી. न अपाव्रियन्ते-ઉઘાડી શકાતી ન હતી. अपाव्रियन्ते-अप + आ + वृ ના કર્મણિનું વર્તમાન ત્રી. પુ. બ. વ. पुरः प्रतोल्यः-શહેરની શેરીઓ नृपसुते व्रजति-જ્યારે રાજાનો કુંવર (સિદ્ધાર્થ) બહાર નીકળ્યો ત્યારે. गतः स्वनः यासां ताः गतस्वनाः (બહુ.) અવાજ કર્યા વિના. स्वयं-પોતાની મેળે જ. विवृताः अभवन्-ઉઘડી ગઈ. શેરીઓ લોઢાના મજબૂત બારણાંથી બંધ કરાયેલ હતી પણ બુદ્ધ બહાર નીકળ્યા ત્યારે આ શેરીઓ એની મેળે જ ઉઘડી ગઈ અને બુદ્ધને બહાર જવા માટે રસ્તો કરી આપ્યો.

૧૭. અન્વય:-ततः कृतमतिः निर्व्यपेक्षः सः अभिमुखं पितरं, बालं

सुतं च, अनुरक्तं जनं, अनुत्तमां च लक्ष्मीम् अपहाय पितृनगरात् विनिर्जगाम ।

कृता मतिः येन सः कृतमतिः (બહુ.) નિશ્ચય કરીને, નક્કી કરીને. निर्गता व्यपेक्षा यस्य सः निर्व्यपेक्षः (બહુ.) તૃષ્ણા વગરનો अभिमुखं-અનુકૂળ, પ્રેમાળ. पितरं-પિતાને, રાજા શુદ્ધોદનને बालं सुतं-બાળક પુત્રને, રાહુલને. अनुरक्तं जनं-સ્નેહી સંબંધીઓને. जनं નો અર્થ સ્ત્રી-જન પણ લઈ શકાય. नास्ति उत्तमा यस्याः सा अनुत्तमा (બહુ.) ताम् અનુત્તમ, અપ્રતિમ, અનુપમ लक्ष्मीं-સંપત્તિને. अपहाय-છોડી દઈને, ત્યાગ કરીને. पितृनगरात्-પિતાના નગરમાંથી. विनिर्जगाम-બહાર નીકળ્યો.

૧૮. અન્વય :- अथ विमलपंकजायताक्षः सः पुरं अवलोक्य सिंहनादं ननाद "जननमरणयोः अदृष्टपारः अहं कपिलाह्वयं पुरं पुनः न प्रवेष्टा ।

विमले (સ્વચ્છ) पंकजे इव आयते अक्षिणी यस्य सः विम...क्षः (બહુ.) સ્વચ્છ કમળ જેવી દીર્ઘ આંખોવાળા पुरं अवलोक्य-નગરને જોઈને. सिंहनादं ननाद-સિંહના જેવી ગર્જના કરીને બોલ્યો. ननाद -नद् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. ત્રાડ પાડી. पारः-म् અંત, આરો. न दृष्टः पारः येन सः अदृष्टपारः (બહુ) અંત જોયા વિના, પાર કેતર્યા વિના, कपिलस्य आह्वयः (નામ) यस्य सः कपिलाह्वयः (બહુ) म् કપિલના નામવાળું, કપિલવસ્તુ. प्रवेष्टा प्र+विश् ઉપરથી બનેલ નામ प्रवेष्टृ નું પુ. પ્ર. એ. વ. દાખલ થનાર न प्रवेष्टा-દાખલ થનાર થી, દાખલ થઈશ નહિ.

૧૯. અન્વય:-इति तस्य इदं वचनं निशम्य द्रविणपतेः परिषद्गणाः नन्दुः । प्रमुदितमनसः देवसंघाः च अस्मै व्यवसितपारणाम् आशशंसिरे ।

निशम्य સાંભળીને द्रविणस्य (ધનનો) पतिः द्रविणपतिः (ષ. ત.) स्य કુબેરના परिषदः गणाः परिषद्गणाः (ષ. ત.) સભાના સભ્યો

ननन्दुः–नन्द् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. આનંદ પામ્યા. प्रमुदितानि मनांसि येषां ते प्रमुदिकमनसः (બહુ) જેમનાં મન આનંદ પામ્યાં છે તે, મનમાં ખુશી થઈને देवानां संघाः देवसंघाः (ष. त.) દેવગણો. व्यवसित–નિશ્ચય पारणम् સિદ્ધિ. आशंसिरे–आ+शंस् ગ. ૧. આ. નું પરોક્ષ ભૂત ત્રી. પુ. બ. વ. ઇચ્છયું.

૨૦ અન્વય :– हुतवहवपुषः अन्ये दिवौकसः अस्य व्यवसितं सुदुष्करं विदित्वा तुहिने पथि घनविवरप्रसृताः इन्दुपादाः इव प्रकाशं अकृषत ।

वहति इति वहः हुतस्य वहः हुतवहः (ष. त.) અગ્નિ हुतवहस्य इव वपुः (શરીર) येषां ते हुतवहवपुषः (બહુ.) અગ્નિ જેવા શરીરવાળા, આને अस्य સાથે પણ લઈ શકાય. दिवं (સ્વર્ગ) ओकः (રહેઠાણ) येषां ते दिवौकसः (બહુ.) સ્વર્ગમાં રહેનાર, દેવો सुदुष्करं विदित्वा–દુષ્કર છે એમ ધારીને तुहिने पथि– ઝુમ્મસવાળા માર્ગમાં घनानां विवरेभ्यः प्रसृताः घनविवरप्रसृताः (પં. ત.) વાદળાંઓની બખોલોમાંથી પસાર થતા. इन्दोः पादाः इन्दुपादाः (ष. त.) ચન્દ્રના કિરણો. प्रकाशं अकृषत–પ્રકાશ કર્યો. अकृषत–कृष् ગ. ૧. નું આત્મને હ્યસ્તન ભૂત. ત્રી. પુ. એ. વ. ખરી રીતે कृष् પરસ્મૈ. છે અને અહીં બહુવચનમાં આવવું જોઈએ.

૨૧.:–तु मनसि चोद्यमानः इव हरितुरगतुरंगवत् तुरंगः सः विचरन् अरूणपरूषतारम् अन्तरिक्षं सुबहूनि योजनानि जगाम ।

मनसि चोद्यमानः इव–શ્લોક ૫ જુઓ. हरिः तुरगः यस्य सः हरितुरगः (બહુ.) ઇન્દ્ર. ઇન્દ્રના ઘોડાનું નામ हरि છે. हरितुरगस्य तुरंगवत्–हरितुरगतुरंगवत्–ઇન્દ્રના ઘોડાઓની જેમ. विचरन् ચાલતો. अरुणे (પ્રાતઃકાળે) परुषाः ताराः यस्मिन् तद् अरू...रम् (બહુ.) तद्

પ્રાતઃકાળને લીધે જેમાં ચિત્રવિચિત્ર તારાઓ આવેલ છે તેવું. **अन्तरिक्षम्**–આકાશ. **सुबहूनि योजनानि**–ઘણાયે યોજનો. **योजन**=આઠ માઇલ. **जगाम**–ચાલ્યો ગયો.

Questions:–

(1) Solve: निर्विशंक:, अभिमुख:, विदितार्थ:, हेमखलीनपूर्णवक्त्रं, लघु...ष्टम्, बल...पत्नं, प्रतत...पार्ष्णि, निभृत...कर्णम्, विन...श्वं, विपु...स्कम्, विशालवक्षा:, प्रवेष्टुकाम:, तदंशभाज:, असितगतिद्युति:, परिजनबोधकरं, विगतहनुरव:, प्रशान्तहेष:, चकितविमुक्तपदक्रम:, कनकवलयभूषितप्रकोष्ठै:, अवनततनव:, गुरुपरिघकपाटसंवृता:, द्विरदै:, गतस्वना:, अनुत्तमां, निर्व्यपेक्ष:, विमलपंकजायताक्ष:, अदृष्टपार:, कपिलाह्वयं, प्रमुदितमनस:, हुतवहवपुष:, दिवौकस:, घनविवरप्रसृता:, हरिसुरगतुरंग:, अरुणपरुषतारम्.

(2) Recognise:–अवततार, विगर्हमाणः, विनिर्जगाम, बोधयित्वा, यियासा, उपानिनाय, सान्त्वयन्, लभेय, अनुशिष्य, यियासुः, दधिरे, अपाव्रियन्ते, प्रवेष्टा, ननन्दुः, आशशंसिरे ।

(3) Explain the verses 10, 11, 14, 15, and 20.

(4) Translate into Sanskrit:– On account of his good policy, righteousness, self-interest and pleasure did not encroach upon the province of each other; on the contrary, in the excellent kingdom of that great sovereign of great prowess and valour, they grew brighter and brighter as if vying wrih each other.

(5) Translate into English:—

स तथा विषयैर्विलोभ्यमानः परमोहैरपि शाक्यराजसूनुः ।
न जगाम रतिं न शर्म लेभे हृदये सिंह इवातिदिग्धविद्धः ॥

अथ मंत्रिसुतैः क्षमैः कदाचित्सखिभिश्चित्रकथैः कृतानुयात्रः ।
वन भूमिदिदृक्षया शमेप्सुर्नरदेवानुमतो बहिः प्रतस्थे ॥

नवरुक्मखलीनकिंकिणीकं प्रचलच्चामरचारुहेमभांडं ।
अभिरुह्य कंथकं सदश्वं प्रययौ केतुमिव द्रुमाब्जकेतुः ॥

૧૧

अन्योक्तयः

આ પાઠ મહાકવિ શ્રી જગન્નાથના ભામિનીવિલાસમાંના અન્યોક્તિ-વિલાસમાંથી લીધેલ છે.

જગન્નાથ સંસ્કૃત ભાષાનો છેલ્લો મહાન લેખક છે. તેને થઈ ગયા હજુ પૂરાં ત્રણસો વરસ પણ નથી થયાં. તે મોગલ સમ્રાટ શાહજહાં (૧૬૨૮–૧૬૫૮)નો રાજકવિ હતો તેમ જણાય છે.

તેના પિતાનું નામ પેરમભટ્ટ કે પેરુભટ્ટ હતું અને માતાનું નામ લક્ષ્મી હતું. મૂળ તો તેઓ દાક્ષિણાત્ય હતા પણ પાછળથી તેઓ બનારસમાં રહેવા આવ્યા હશે તેમ જણાય છે. આ પેરમભટ્ટ ઘણા-જ વિદ્વાન પુરુષ હતા તેથી જગન્નાથને પિતા તરફથી જ સારી કેળ-વણી મળી હતી.

વળી શાહજહાંએ જગન્નાથને પંડિતરાજની પદવી આપી હતી. તેણે પણ શાહજહાંની પ્રશસ્તિરૂપ ઘણું લખેલ છે. તેના સમકાલીન અપ્પય દીક્ષિત અને વ્યાકરણ ઉપરના અદ્વિતીય ગ્રંથ સિદ્ધાંતકૌમુદીના

કર્તા ભટ્ટોજિ દીક્ષિત સાથે તેને જરા પણ બનતું નહિ. આથી પોતાના ગ્રંથમાં ઠેકઠેકાણે તેણે તેમને ઉતારી પાડવા પ્રયાસ કર્યો છે.

જગન્નાથ વિષે ઘણી દંતકથાઓ ચાલે છે. તેમાંની એક તેની યવન સ્ત્રી વિષેની છે. એમ કહેવાય છે કે એક દિવસ તે શાહજહાં સાથે બેઠો હતો ત્યારે ત્યાંથી નદીએથી પાણીનું બેડું ભરીને આવતી એક યવન કન્યા પસાર થઈ. શાહજહાંએ જગન્નાથને તેનું વર્ણન કરવા કહ્યું. આથી શીઘ્રકવિ જગન્નાથે તેનું સચોટ વર્ણન કર્યું જેથી રાજા ખુશ થઈ ગયો અને જગન્નાથને વરદાન માગવા કહ્યું. જગન્નાથે તે કન્યાને જ માગી અને તેને પરણ્યો. આ યવન પત્ની સાથે જ્યારે તે પોતાની વૃદ્ધાવસ્થામાં બનારસમાં રહેતો હતો ત્યારે ત્યાંના બ્રાહ્મણો તેને ન્યાત બહાર મૂકીને હેરાન કરવા લાગ્યા. આથી એક દિવસ તે પોતાની પત્ની સાથે ગંગાના એક બાવન પગથિયાંવાળા ઘાટ ઉપરના સૌથી ઉપલા પગથિયે જઈને બેઠો અને ગંગાને પોતાના પાપ ધોવા કહ્યું. તે એક એક શ્લોક બોલતો ગયો અને ગંગાજી એક એક પગથિયું ઉપર આવતાં ગયાં. આ રીતે ૫૨ મો શ્લોક બોલાયો ત્યારે ગંગાજી તેમને ઉપર આવીને પવિત્ર કરી ગયાં. આ બનાવ પછી બ્રાહ્મણોએ તેમને પાછા ન્યાતમાં લીધા. આ વાતમાં કાંઈ વજૂદ હોય કે ન હોય પણ એટલું તો ચોક્કસ છે કે ગંગાની પ્રશસ્તિરૂપ આ ૫૨ શ્લોકનું બનેલ કાવ્ય–ગંગાલહરી–એક સુંદરમાં સુંદર કાવ્ય છે.

જગન્નાથની સૌથી ઉત્તમ કૃતિ રસગંગાધર છે. આ ઉપરાંત તેણે અલંકારશાસ્ત્ર ઉપર ચિત્રમીમાંસાખંડન તથા વ્યાકરણ ઉપર મનોરમાકુચમર્દન નામના ગ્રન્થ લખ્યા છે. તેના ઉત્તમ કાવ્યગ્રંથોમાં ભામિનીવિલાસ તથા ગંગાલહરી સુવિખ્યાત છે.

જગન્નાથ એક મહાન કવિ હોવા ઉપરાંત મહાન પંડિત તેમજ પ્રખર વિવેચક હતો. વિચારસ્વાતંત્ર્ય તેનો મુદ્રાલેખ હતો. તેણે

સાહિત્યશાસ્ત્રમાં ઘણાયે મૌલિક વિચારો આપ્યા છે. સાથે સાથે તેને પોતાની શક્તિનું અભિમાન પણ હતું.

જગન્નાથની શૈલી સરળ, પ્રાસાદિક, ઓજસવાળી છે. પોતેજ કહે છે તેમ તેની કવિતા દોષ વિનાની, પ્રસાદ, ઓજસ વિ. ગુણવાળી, રસ અને ભાવથી ભરપૂર, અલંકારવાળી, કર્ણને પ્રિય થઈ પડે તેવા મૃદુ શબ્દોવાળી અને મનને આનંદ આપનારી છે.

ભામિનીવિલાસ ભર્તૃહરિના શતકત્રયની જેમ છૂટા છૂટા શ્લોકોનો સંગ્રહ છે; સળંગ કાવ્ય નથી. તેના ચાર ભાગ છે:- અન્યોક્તિ (અથવા પ્રાસ્તાવિક) વિલાસ, શૃંગારવિલાસ, કરુણવિલાસ, અને શાન્તવિલાસ અન્યોક્તિવિલાસમાં લગભગ ૧૦૦ શ્લોક છે તેમાંથી આપણા પાઠમાં ૨૫ શ્લોક લીધેલ છે. આમાંનો દરેક શ્લોક જૂદો જૂદો વિચાર જણાવે છે. કોઈપણ બે શ્લોક વચ્ચે કોઈ જાતનો સંબંધ નથી.

અનુવાદ :

(૧) દેવતાઈ વૃક્ષના પુષ્પની સુગંધના સેવનથી જેની બધી કામનાઓ પૂર્ણ થઈ છે તેવા ભમરાને માટે આ બીજા પુષ્પનું સેવન ઘણુંજ દુઃખદાયી અથવા (અયોગ્ય) છે.

(૨) ખરેખર કોયલોને પૂછી જોયું. અને ચારે બાજુના બધાં વૃક્ષો જોઈ લીધાં (પણ) હે આમ્રવૃક્ષ, આ જગતમાં ભમરાને તારા જેવું કોઈ મળ્યું નહિ.

(૩) હે માળી, પ્રચંડ સૂર્યવાળા ઉનાળામાં કરુણાને લીધે થોડા પાણીથી પણ તેં આ વૃક્ષનું જે પોષણ કર્યું છે તે શું અહીં ચારે બાજુએ પાણીની ધાર અને ઝાપટાં વરસાવતા વર્ષાઋતુના વાદળાંથી થઈ શકે તેમ છે ?

(૪) વિવેકશક્તિ વિનાનો ઉદ્યાનનો માલિક, ખરેખર રસ (-પાણી] વિનાની પૃથ્વી, વંટોળિયાથી ઘેરાયેલ દશે દિશાઓ, અને સહન ન કરી શકાય તેવો તીવ્ર તડકો,—આ પ્રમાણે મરુભૂમિમાં ચમ્પકનો નાશ કરનાર બધી સામગ્રી હતી ત્યારે, હે અમૃત (-પાણી) વરસાવતા વાદળાં, તને ક્યાંથી વિધાતાએ પ્રકટ કર્યું.

(૫) અતિશય મદ ઝરતો હોવાને લીધે જેની આજુબાજુ ભમરાઓનાં ટોળાં ફરે છે તેવા હાથીઓ (પણ) જ્યાં ઘણા જ ભેદથી ચકિત થયેલ આંખોવાળા થઈને ઉભા રહી શકતા ન હતા તે સિંહની ગુફામાં—જ્યાં મોતીઓનો સમૂહ રઝળ્યા કરે છે—આજે સિંહ મરી ગયો છે તેથી, હરિ, હરિ, શિયાળવાંનો કલકલ અવાજ (સંભળાય છે.)

(૬) (બધા) વૃક્ષો ઉપર સમભાવથી (સરખો) પ્રેમ રાખનાર આ માળીએ નાના બકુલના વૃક્ષ ઉપર વધારે કરુણા દાખવી નહિ; છતાં પણ એકદમ ઉગી નીકળેલ પુષ્પના સમૂહની સુગંધથી આણે (બકુલ વૃક્ષે) ભમરાના વૃન્દના ગુંજારવથી વ્યાપ્ત થયેલ દિશાઓ ભરી દીધી.

(૭) હે વૃક્ષરાજ, (તારું) મૂળ ઘણું જ મોટું તથા દૃઢતાથી (જમીન સાથે) સંકળાયેલ છે; (તારી) સેંકડો ડાળીઓ પુષ્ટ થયેલી છે; (તારું) રહેઠાણ દુર્ગમ પર્વત ઉપર છે;- (આમ હોવાથી) તને બીક ક્યાંથી હોય ? તો પણ જેની જ્વાળાઓની હાર વર્તુલાકારમાં પ્રવર્તે છે તેવો નિર્દય દાવાનળ સર્વભક્ષી (घस्मरः) છે એ એક વાત મારા અંતઃકરણમાં સ્હેજ ચિંતા ઉપજાવે છે.

(૮) ગ્રીષ્મઋતુમાં સૂર્યના અત્યંત ભયંકર કિરણોથી બળી જવા છતાં પણ જે ચાતકે, હે વાદળાં, તારું ધ્યાન ધરીને લાંબા દિવસો માંડમાંડ પસાર કર્યા; તેના ઉપર દૈવથી (=નસીબજોગે) પ્રત્યક્ષ થયેલ તેં હવે કરાના વરસાદરૂપી કૃપા કરી છે તે કોને કહેવું ?

(૯) જ્યારે દાવાનલની પ્રચંડ જ્વાળાઓના સમૂહથી હેરાન થયેલાં, જેમના ઉપરની લતાઓ તૂટી ગઈ છે તેવાં, વૃક્ષો સુકાઈ (બળી) જાય છે ત્યારે હે વાદળાં, તું પર્વતમાળાના શિખરો ઉપર ખૂબ વરસાદ વરસાવે છે! તારું આ (જલ) સંપત્તિનું અભિમાન કઈ જાતનું છે?

(૧૦) પ્રથમ આની પ્રચંડ ગર્જના સાંભળીને, અરે મુસાફર, મનમાં જરા પણ વિહ્વળ થઈશ નહિ; વિશ્વનું દુઃખ હરવા માટે જેણે પોતાના જીવનનું (પાણીનું) સમર્પણ કર્યું છે તેવા વાદળા વિષે, હે મિત્ર, શું તેં સાંભળ્યું નથી?

(૧૧) હે ચન્દન વૃક્ષ, (તારી) સુગંધ ત્રણેય લોકમાં પ્રખ્યાત છે, (તારી) ઠંડક અસાધારણ છે; વળી (તારી) કીર્તિ દિશાઓના આંગણા સુધી પહોંચેલ છે; તો પણ આ એક વાત સાંભળી લે: બખોલોમાં ઝેરી જ્વાળાઓ ફેંકતી આ સર્પની હાર તારા બધા સુંદર ગુણોને ઢાંકી દે છે.

(૧૨) અપેક્ષા, દાક્ષિણ્ય, પ્રીતિ કે સંગતિ ન હોવા છતાં પણ આ ઊંચે રહેલ વાદળું દુનિયાનો તાપ હરે છે.

(૧૩) હે કમળ, (તું) સ્વચ્છ સરોવરમાં ઉત્પન્ન થયેલ છે, (તારું) નિવાસસ્થાન વિષ્ણુનો હાથ છે; (તું) લક્ષ્મીનું રહેઠાણ છે; (તારી) સુગંધ દેવતાઓના હૃદયને (પણ) હરી લેનાર છે; આ અને આવા બીજા ગુણોથી શોભી રહેલ તું પક્ષીઓમાં શ્રેષ્ઠ હંસ ઉપર પ્રીતિ રાખે તો તારી ઘણી ઉન્નતિ થાય.

(૧૪) (તારા) કાંઠા ઉપર પત્થરના ઢગલા સાથે સૂર્યના બિમ્બ જેવા મણિઓ વેરાયલ પડ્યા હોય છે; (તારા) પાણીમાં તે નારાયણ ભગવાન જલચર પ્રાણીઓ સાથે સુતા હોય છે; આમ તારો અવિવેક તેમજ ઉત્કૃષ્ટ ઉન્નતિની સંપૂર્ણતા જોઈને તારી નિન્દા કરું કે સ્તુતિ તે હે ક્ષીરસાગર, (મને) કહે.

(૧૫) હે સાગર, તારું પાણી પણ તૃષાતુર લોકોના મુખમાં જઈ શકતું નથી (પી શકાતું નથી), તો પછી તારાં આ રત્નો અને વાદળાં જેવા તારા (નીલ) શરીરનો ખરેખર શો ઉપયોગ છે ?

(૧૬) હમણાં, હે સરોવર, તારી પાસે પાણીની આટલી બધી સંપત્તિ છે ત્યારે જો તું દુઃખીલોકોની તૃષા નહિ શમાવે તો પછી ઉનાળામાં જ્યારે સૂર્ય ચારે બાજુ અંગારા (જેવાં કિરણો)ના સમૂહ ફેંકતો હોય છે ત્યારે સુકાઈ ગયેલ તું—અરેરે, કોની તૃષ્ણા શમાવીશ ?

(૧૭) હે સમુદ્ર, જો મનમાં ખોટું ન લગાડ તો તને કાંઈક કહેવું છેઃ—મહાન (હોવા છતાં પણ) તું તારી પાસે યાચના કરનાર વાદળાંએ વરસાવેલ પાણી પણ છોડતો નથી.

(૧૮) હે વર્ષાનદી, ગંગાના પ્રવાહમાં મળી જતી તને અમે અટકાવતા નથી; પણ તેની હાજરીમાં તેના મોજાંનો ભંગ કરવો તે ઉચિત નથી.

(૧૯) જે ભમરાથી સુંઘીને છોડી દેવાયલાં નન્દનવનમાં શોભતાં દૈવી વૃક્ષોના કુસુમો દેવો (પણ) સૂંઘતા, તે ભમરાને જ્યારે આજે દૈવને લીધે મધ પીવાની આકાંક્ષા થઈ છે ત્યારે હે કમળ તું લોભ કરીશ તો તને અમારે શું કહેવું ?

(૨૦) અરે રાજહંસ, જ્યાં તેં કમળની દાંડીઓ ખાધી, પાણી પીધું, અને કમળોનું સેવન કર્યું, તે સરોવરનો તું કયા કૃત્યથી બદલો વાળી શકીશ તે કહે.

(૨૧) વસંતઋતુની શરૂઆતમાં જ્યારે જેની મંજરીનો સમૂહ ખીલી રહ્યો હતો ત્યારે મનોહર (મધુર) ગુંજારવ કરીને તેં ને તે ઉત્સવો માણ્યા હતા તે રસથી ભરેલ શાખાવાળો (આંબો) આજે

ભાગ્યવશાત્ આ કૃશ દશાને પામ્યો છે ત્યારે હે ભ્રમર, જો તું વિનય છોડી દઈશ તો તારા જેવો નીચ બીજો કોણ હોઈ શકે ?

(૨૨) હે કૃષ્ણસાર, અત્યન્ત ગર્વને લીધે આંખો માંચીને આ વનમાં નિશ્ચિંત રીતે (खलु) હરિણીઓ સાથે વિહાર કરવાનો શો અર્થ છે ? ગજેન્દ્રોના લમણાં તૂટવાથી મોતીવાળી બની ગયેલ આ–સિંહને વિહાર કરવાની–જમીનની હદ નજીક આવતાં જા.

(૨૩) હાથીઓનો દુશ્મન સિંહ જઠરાગ્નિથી બળી જતો હોય (ભૂખ્યો હોય) તો પણ મૃગનાં ટોળાંનો—ભય વગર સામે આવેલ હોય છતાં પણ–કેવી રીતે નાશ કરે !

(૨૪) જેણે છેદી નાખેલ હાથીના લમણામાંથી ખરતાં મોતીઓની હારોથી પૃથ્વીને શણગારી છે તે સિંહ આજે મૃગની પાસે (પોતાનું) પરાક્રમ કેવી રીતે વર્ણવે ?

(૨૫) હે મદથી અન્ધ થયેલ ચક્ષુવાળા, હાથીના ટોળાંના સરદાર મિત્ર, આ જટિલ વનપ્રદેશમાં તું ક્ષણમાત્ર પણ રહેતો નહિ; (કારણકે) આ હાથી છે એવી ભ્રાન્તિથી જેણે પોતાના તીક્ષ્ણ નખથી અત્યંત મજબૂત પત્થરનો સમૂહ તોડી નાખ્યો છે તે સિંહ આ ગુફામાં સુતો છે.

ભામિની વિલાસમાં આવેલ અન્યોક્તિવિલાસના શ્લોક ૨૬–૫૦

(1) This resorting to another flower of a bee, all whose desires are fulfilled by the enjoyment of the fragrance of the flower of the celestial tree, is greatly distressing (or improper).

(2) Indeed the cuckoos were asked and all the trees all around were observed; yet O

mango-tree, in this world the bee did not get anything similar to you.

(3) O gardener, can an autumnal cloud, showering showers of water here in all directions, provide maintenance to this tree, as you maintained it with little water in the summer, possessing fierce heat, through compassion ?

(4) The reckless owner of the garden, certainly dry soil, all the ten directions overpowered with hurricanes, irresistible fierce heat,—thus when all the means of destroying the champaka flower in the barren soil were ready, you, O nectar (water)-sprinkling cloud, were manifested by the creator from somewhere.

(5) Where (even) the elephants, followed by the bees flocked there on account of the abundance of oozing rut, were not able to stand, their eyes being frightened by the great fear; there at the door, where a number of pearls are scattered, of the lion, alas ! (is heard) the harsh sound of the jackals today now that he is dead.

(6) On account of his impartiality, bestowing (uniform) love on all trees, this gardener did not show more compassion towards (this) young Bakula tree; yet by the fragrance of bunches of

flowers grown suddenly, it filled up the directions, covered with the humming of the swarm of bees.

(7) O best of the trees, (your) root is plump to a great extent and firmly rooted (in the ground; (your) hundreds of branches are thick; (your) residence is on the impassable mountain;-(thus) whence there can be any fear for you ? Still the only fact that the cruel conflagration, with its encircling line of flames, is voracious, creates a slight worry in my heart.

(8) O cloud, if you- come within the range of (its) sight by chance,-now showed compassion in the form of the falling of hails to that chataka bird, that, though burnt by the sun with very fierce rays in the summer, had passed somehow long long days meditating upon you (thinking of you); to whom shall we say (this) ?

(9) When the trees which are struck by the mass (जाल) of fierce flames of the conflagration, and whose creepers are being destroyed, are (now) being burnt; O could, you are showering much water on the tops of the line of the mountains ! what sort of pride of wealth (of water) of yours is this ?

(10) O traveller, let not your mind be (even) slightly agitated by first hearing the fierce roaring of this (cloud); have you, O friend, (never) heard of this cloud, that has sacrificed its life (water) for the removal of the pain (heat) of the universe ?

(11) O sandal-tree, (your) fragrance is well-known (even) in the three worlds, (your) coolness is extraordinary; moreover, (your) fame has reached the doors of the quarters, yet hear but this one thing; this line of serpents, in the hollows, indeed spreading poisonous flashes, conceals all your good merits.

(12) Though (it has) neither the desire, nor courtesy, nor affection, nor association, this raised-up cloud removes the heat of the worlds.

(13) (You are) born in a pure lake: (your) abode is the hand of visnu; (you are) the abode of Laxmi; (your) fragrance captivates the heart of (even) gods-adorned by these and other merits, O lotus, if you can be inclined to the swan, the best of the birds, it will be for your great prosperity.

(14) On (your) shore are scattered the jewels, resembling the orb of the sun, with the heaps of stones; in (your) water that revered Narayana

is sleeping along with the water-animals; thus seeing your immodesty as well as the perfection of (your) great prosperity, O milky ocean, tell me whether I shall condemn or praise you.

(15) O ocean, what indeed is the use of these your jewels and your body, resembling the cloud, since even your water does not allay the thirsty people ? (Lit. does not enter the mouth of the thirsty.)

(16) Oh lake, if you will not suddenly remove the thirst of the distressed, when you are now possessed of great wealth of water; of whom will you, Oh, remove it when you will be lean (i. e. parched up) in the summer by the fierce-rayed one (i. e. sun), which scatters all around a number of fire-like rays ?

(17) O sea, if you will not take it ill in your mind, we will tell you something-though great, you do not give up even the waters released by the cloud, which is your suppliant.

(18) O autumnal river, we do not stop you from entering the stream of the Ganges; but (the fact) that you manifest the destruction of its waves in (its) presence, is not proper.

(19) When by chance that bee; who after smelling them gave up the flowers, of the celestial trees adorning the garden of Indra, for the gods to smell, has been desirous of having honey; O lotus, if you will be miserly, what shall we say to you ?

(20) Oh royal swan, tell me by which act you will be able to reward the lake, where you have eaten a number of lotus-shoots, drunk water and used lotuses.

(21) In the beginning of spring, when this (mango-tree) put forth abundance of blossoms, you had celebrated the various festivities, producing your sweet humming; now when that mango-tree (lit possessor of juicy branches) has by chance been reduced to a lean condition, O bee, if you give up courtesy, who else is as low as you ?

(22) O black deer, what is the use of sporting fearlessly (खलु) in this forest among the crowd of she-deer, with your eyes closed through great pride; just approach this boundary, abounding in pearls (let loose) from the shattered temples of the kings of elephants, of the sporting-ground of the lion.

(23) How can a lion, the enemy of the elephant through burning within by the fire of the stomach, kill the row of deer, though come in front fearlessly ?

(24) How can a lion, by whom the earth was adorned with the rows of pearls dropping from the shattered temples of the elephants, now narrate (his) adventures before the deer ?

(25) O friend lord of the crowd of elephants with eyes, blinded by the rut, do not stay even for a moment here in this dense forest-ground; (for) in the cave is sleeping that lion, who has rent asunder the heap of extremely strong stones by his sharp claws, mistaking it for an elephant.

૧. અન્વયઃ—अमर...स्य अमरस्य इयं पुष्पान्तसेवा महती विडम्बना (अस्ति ।)

अमरतरु—દેવતાઈ વૃક્ષ, સ્વર્ગમાં ઊગતું વૃક્ષ દા. ત. પારિજાત. सौरभ—સુગંધ अमरतरोः कुसुमानां सौरभस्य सेवनेन संपूर्णाः सकलाः कामाः यस्य सः अमर...कामः (બહુ.) तस्य अन्यत् पुष्पं पुष्पान्तरम् (કર્મ. અથવા નિત્ય-સમાસ) तस्य सेवा पुष्पान्तरसेवा (ષ. ત.)બીજા પુષ્પનું સેવન. महती—મોટી विडम्बना—અડચણ, હેરાનગતિ, महती विडम्बना—અત્યંત દુઃખદાયી; અત્યંત અયોગ્ય. આ શ્લોક સાથે સરખાવો: अपनीतपरिमलांतरकथे पदं न्यस्य देवतरुकुसुमे । पुष्पांतरेऽपि गन्तुं वांछसि चेत् भ्रमर धन्योऽसि ॥

૨. અન્વયઃ— खलु परपुष्टाः पुष्टाः, परितः सर्वे विटपिनः च हृष्टाः; (किंतु हे) माकन्द मधुपेन जगति तव उपमा न प्रपेदे।

परपुष्टा=परभृताः=કોયલ જુઓ ગદ્યવિભાગ પાનું ૧૫૧. परितः ચારે બાજુ. विटपिनः—વૃક્ષો. माकन्द—આમ્રવૃક્ષ, આંબાનું ઝાડ. मधु पिबति असौ मधुपः (ઉપ. ત.) तेन ભમરાથી. जगति—जगत् નું સ. એ. વ. આ જગતમાં, આ દુનિયામાં उपमा—સરખામણી, तव उपमा न प्रपेदे—તારા જેવું કોઈ મળ્યું નહિ. प्रपेदे—प्र+पद् નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. સરખાવો:—गाहितमखिलं गहनं परितो दृष्टाश्च विटपिनः सर्वे। सहकार न प्रपेदे मधुपेन भवत्समं जगति।

૩. અન્વયઃ—(हे) मालाकार, भीमभानौ निदाघे अल्पैः तोयैः अपि भवता करुणया अस्य तरोः या पुष्टिः व्यरचि सा विश्वतः वारां धारासारान् अपि विकिरता प्रावृषेण्येन वारिदेन इह जनयितुं किं शक्या।

मालाः करोति असौ मालाकारः (ઉપ. ત.) तत्संबोधनम् માળી. भीमः—પ્રચંડ, ભયંકર. भीमः भानुः यस्मिन् सः भीमभानुः (બહુ.) तस्मिन्—પ્રચંડ સૂર્યવાળા. निदाघे—ઉનાળામાં. अल्पैः तोयैः अपि—થોડા પાણીથી પણ. ઉનાળામાં વરસાદ હોતો નથી અને સરોવર વિ. સૂકાઈ જાય છે એટલે કુવામાંથી લઈને થોડા પાણી વડે ઝાડનું પોષણ કરવું પડે છે. करुणया—કરુણાને લીધે, દયાને લીધે. पुष्टिः—પોષણ. व्यरचि—वि+रच् ગ. ૧૦ ઉ.નું કર્મણિ અદ્યતન ભૂત ત્રી. પુ. એ. વ. કર્યું. विश्वतः=सर्वतः=ચારે બાજુ वारां—પાણીના. धाराः च आसाराः च धारासाराः (દ્વન્દ્વ) तान् ધાર અને ઝાપટાં. विकिरता वि+कृ ગ. ૬. પ.નું વર્તમાન કૃ. પુ. તૃ. એ. વ. વેરતા, વરસાવતા प्रावृष्—વર્ષાકાળ, ચોમાસું. प्रावृषि भवः प्रावृषेण्यः तेन—વર્ષાઋતુના વાદળાંથી. वारि ददाति असौ वारिदः

(ઉપ. ત.) तेन વાદળાંથી. किं-પ્રશ્નાર્થમાં વપરાયું છે. किंजनयितुं शक्या-શું થઈ શકે તેમ છે? जनयितु-जन् ગ. ૪-૫.ના હેત્વર્થ.

૪. અન્વય :- विवेकविकलः आरामाधिपतिः, नूनं नीरसा रसा, वात्याभिः परुषीकृताः दशदिशः, दुःसहः चंडातापः च, एवं धन्वनि चम्पकस्य सकले संहारहेतौ (सति) अपि (हे) तोयद, अमृतेन सिंचन् त्वं वेधसा कुतः अपि आविष्कृतः।

विवेक-વિવેકશક્તિ, સાચું ખોટું પારખવાની શક્તિ. विवेकविकलः-વિવેક વિનાનો, વિચારહીન. आरामः-બગીચો, ઉપવન आरामाधिपतिः-બગીચાનો માલિક. निर्गताः रसाः (પાણી) यस्याः सा नीरसा (બહુ.) પાણી વિનાની, સુકાઈ ગયેલ. रसा-પૃથ્વી. वात्याभिः-वात्या સ્ત્રી.નું. તૃ. બ. વ. વંટોળિયાથી परुषीकृताः (च्वि રૂપ છે) ઘેરાયેલ, કઠોર બનાવાયેલ. दशदिशः દશે દિશાઓ; ચાર દિશા, ચાર ખૂણા, આકાશ ને પાતાળ. दुःखेन सह्यते इति दुःसहः સહન ન કરી શકાય તેવો. चण्ड आतपः चंडातापः (કર્મ.) તીવ્ર તડકો. एवं-આ પ્રમાણે, ઉપર ગણાવ્યા પ્રમાણે धन्वनि-धन्वन् નું સ. એ. વ. મરુભૂમિમાં. चम्पकस्य-ચંપક નામના ફૂલનો सकले संहारहेतौ (सति)-सति સપ્તમી-જ્યારે વિનાશની (संहार) બધી (सकल) સામગ્રી (हेतु) તૈયાર હતી ત્યારે तोयद=वारिद=વાદળું अमृतेनसिंचन्-અમૃત વરસાવતા, પાણી વરસાવતા वेधसा-વિધાતાએ कुतःअपि-ક્યાંકથી, ગમે ત્યાંથી आविष्कृतः-आविः+कृनું કર્મ. ભૂ. કૃ. પ્રકટ કર્યું, બહાર કાઢ્યું.

૫. અન્વયઃ-यत्र गल...दम्बाः करटिनः (अपि) अतिभयभ्रान्तनयनाः (सन्तः) स्थेमानं न दधुः (तत्र) अद्य परलोकं गतवतः हरेः लुठन्मुक्ता भारे द्वारे शिवानां कलकलः भवति, शिव शिव।

दान-મદ, उद्रेकः અતિશય कदम्ब-ટોળું. गलद् दानं (કર્મ.) तस्य उद्रेकेण भ्रमन्तः अलीनां कदम्बानि येषु ते गल...दम्बाः (બહુ.)-

करटिनः નું વિશેષણ છે—અતિશય મદ ઝરતો (गलदा) હોવાને લીધે જેની આજુબાજુ ભમરાઓનાં ટોળાં ફરે છે (भ्रमत्) તેવા. करटिनः હાથીઓ, अतिभयेन भ्रान्ते (ચકિત થયેલ) नयने येषां ते अति...नाः (બહુ.) અતિશય ભયથી ચકિત થયેલ આંખોવાળા મોટા મોટા હાથીઓ પણ સિંહની ગુફા પાસે આવી ભયભીત થઈ જતા અને ઉભા ન રહી શકતા (न स्थेमानं दधुः) स्थेमानं—સ્થિરતા. दधुः धा નું પરોક્ષભૂત ત્રી. પુ. બ. વ. परलोकं गतवतः—સ્વર્ગમાં જવાથી ગુજરી જવાથી गतवतः —गम्‌ના કર્તરિ ભૂત કૃ. નું ૫. એ. વ. हरेः— સિંહના लुठन्तः मुक्तानां भाराः यस्मिन् तत् लुठन्मुक्ताभारम् (બહુ.) तस्मिन् જ્યાં મોતીઓનો સમૂહ રઝળ્યા કરે છે તે સિંહ હાથીઓને મારી નાખે છે; આ હાથીઓના ગંડસ્થળમાંથી મોતી નીકળે છે. એટલે જ્યારે સિંહ હાથીઓને મારે ત્યારે આ મોતીઓ નીચે પડે છે અને સિંહની ગુફા પાસે રઝળતા પડયાં રહે છે. लुठन् लुट् ગ. ૬. પ. નું. વ. કૃ. शिवानां— શિયાળવાંનો. कलकलः—કલકલ અવાજ; કોલાહલ शिव शिव—હરિ, હરિ; શિવ, શિવ; ખેદ દર્શાવે છે. જ્યાં હાથીઓ પણ જઈ શકતા નહિ ત્યાં આજે શિયાળો અવાજ કરે છે; દશાનું કેવું પરિવર્તન !

૬. અન્વય:—तरुषु समभावेन प्रेमाणं दधानः असौ मालाकारः बालबकुले विपुलां करुणां न अकृत; अयं (बालबकुलः) नु द्राक् उद्यत्कुसुमनिकराणां परिमलैः मधुपकुलझंकारभरितान् दिगन्तान् आतेने ।

तरुषु समभावेन प्रेमाणं दधान :— (પોતાના બધા) વૃક્ષો ઉપર સમદૃષ્ટિથી પ્રેમ રાખનાર; બધા વૃક્ષો ઉપર સરખો જ પ્રેમ રાખનાર, दधानः— धा ગ. ૩. ઉ.ના આત્મનેનું વર્ત. કૃ. પુ. પ્ર. એ. વ. बालबकुल તાજેતરમાંની ઉગેલ બકુલવૃક્ષ बकुल બોસલ્લીનું ઝાડ. विपुलां करुणां न अकृत—ખૂબ કરુણા દાખવી નહિ. માળી બધા વૃક્ષો ઉપર સરખો જ પ્રેમ રાખતો; એટલે આ બકુલવૃક્ષ ઉપર તેણે બીજા કરતાં વધારે

પ્રેમ દાખવ્યો નહિ. अकृत-कृ ગ. ૮. ઉ. ના આત્મનેનું અદ્યતન ભૂત ત્રી પુ. એ. વ. द्राक्-એકદમ उद्यतां कुसुमानां निकराः उद्यत्कुसुम-निकराः (ષ. ત.) तेषाम् ઉગી નીકળેલ (ખીલેલ) પુષ્પના સમૂહની. परिमलैः– સુગંધથી मधुमानां कुलानां झंकारैः; भरिताः मधुप....ता. (તૃ. ત.) ભમરાઓના સમૂહના ગુંજારવથી વ્યાપ્ત થયલ. भरित-भृના પ્રેરકનું કર્મણિ ભૂ. કૃ. दिगन्तान्–દિશાઓને. आतेने–आ+तन्નું પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. ભરી દીધી. બકુલવૃક્ષની સુગંધ બધી દિશાઓમાં પ્રસરી ગઈ.

૭. અન્વયઃ–(हे)तरुपते, (तव) मूलं अतीव स्थुलं बन्धनदृढं (च अस्ति), शतं शाखाः मांसलाः (सन्ति), वासः दुर्गमहीधरे अस्ति); तव भीतिःकुत्र अस्ति। किंतु 'ज्वालालीवलयीभवन् अकरुणः दावानलः घस्मरः (अस्ति)' (इति) अयं एकः मम स्वान्ते मनाक् आधिज्वरं जनयति.

तरूणां पतिः तरुपतिः (ષ. ત.) તત્સંબુદ્ધૌ હે વૃક્ષરાજ, अतीव-ઘણુંજ स्थल-મોટું. बन्धनेन दृढं बन्धनदृढं (તૃ. ત.) (જમીન સાથેના) બન્ધનથી દૃઢ થયેલ; દૃઢતાથી જમીન સાથે સંકળાયેલ. शतं-સેંકડો. मांसलाः–પુષ્ટ થયેલી, મજબૂત. दुःखेन गन्तुं शक्यः दुर्गः–દુર્ગમ. महीधरः–પર્વત. दुर्गः महीधरः दुर्गमहीधरः (કર્મ.) तस्मिन् દુર્ગમ પર્વત ઉપર આવાં વૃક્ષને ક્યાંયથી પણ બીક (भीतिः) આવી શકે જ નહિ. તો પણ દાવાનલની બીક રહેવાની જ. ज्वाळा–જ્વાળાઓ. आली–હાર वलयीभवन्=वलयीभवति (च्वि ૩૫) નુ વર્ત. કૃ. વર્તુળાકારમાં પ્રવર્તતા. ज्वालानाम् आली (ષ. ત.) तया वलयीभवन् ज्वालालीवलयी भवन् (તૃ. ત.) अकरुणः– નિર્દય, કરુણા વિનાનો घस्मरः–સર્વભક્ષી स्वान्ते–પોતાના અંતઃકરણમાં मनाक्–સ્હેજ, જરા आधिज्वरः–માનસિક ચિન્તા. દુઃખ ત્રણ જાતનાં હોય છેઃ– आधि, व्याधि ને उपाधि. जनयति–ઉત્પન્ન કરે છે.

૮. અન્વય:– ग्रीष्मे दिनकृता भीष्मतरैः करैः दग्धः अपि यः चातकः त्वां ध्यायन् कथम् अपि द्राघीयसः वासरान् नीतवान्, तस्मिन् इदानीं दैवात् लोचनगोचरेण भवता यदि करकानपातनकृपा स्वीचक्रे, तत् कं प्रति ब्रूमहे ।

गीष्मे–ગ્રીષ્મ ઋતુમાં दिनं करोति सः दिनकृत् (ઉપ. ત.) તેનું તૃ. એ. વ. दिनकृता–સૂર્યથી. भीष्म–ભયંકર. भीष्मतर–भीष्मનું અધિકતાદર્શક રૂપ, અત્યંત ભયંકર. करैः– કિરણોથી दग्धः–दहનું કર્મણિ ભૂ. કૃ. त्वां ध्यायन् તારું ધ્યાન ધરીને; તારો વિચાર કરીને ध्यायन् ध्यै ગ. ૧. પનું વ. કૃ. कथमपि–માંડમાંડ, જેમ તેમ. द्राघीयस : दीर्घना અધિકતાદર્શક રૂપ द्राघीयसનું દ્વિ. બ. વ. બહુ લાંબા. वासरान्–દિવસો नीतवान्–नीનું કર્તરિ ભૂ. કૃ. પુ. પ્ર. એ. વ. પસાર કર્યાં. એમ મનાય છે કે ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના વરસાદનું જ પાણી પીએ છે. ત્યાં સુધી તે તેની રાહ જોઈને તરસ્યું બેઠું રહે છે. तस्मिन्–તેના ઉપર; ચાતક પક્ષી ઉપર. दैवात् ભાગ્યવશાત્–નશીબજોગે. लोचन-गोचरेण–પ્રત્યક્ષ થયેલ, દેખાયેલ. करका–કરા करकानां निपातनं करका-निपातनं (ષ. ત.) तद् एव कृपा कर...पा (કર્મ.) કરાના વરસાદરૂપી કૃપા, स्वीचक्रे–स्वी+कृनું કર્મણિ પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. અંગીકાર કર્યો, સ્વીકાર કર્યો; ब्रूमहे–ब्रू ગ. ૨. ઉ. ના આત્મનેનું વર્તમાન ૧ પુ. બ. વ. કહીએ.

૯. અન્વય::–दव...भूरुहाणाम्, अयि जलधर, शैलश्रेणिशृंगेषु बहु तोयं वितरसि; अयं तावकीनः श्रीमदःकः

दव...भूरुहाणाम्–આ અનાદરાર્થે ષષ્ઠી (Genetive Absolute) નો પ્રયોગ છે. जटाल–જટિલ, એકઠો થયેલ. दवदहन–દાવાનળ–जाल–સમૂહ. दवस्य संबंधी यः दहनः तस्य जटालाः (=जटाः) इव ज्वालाः

(કર્મ.) तेषां जालानि तैः आहताः दव–हता. (तृ. त.) तेषाम् આ भूरुहाणाम् નું વિશેષણ છે.–દાવાનળની જટિલ જ્વાળાઓના સમૂહથી હેરાન થયેલાં परिगलिताः लताः येषां ते परिगलितलताः (બહુ.) तेषाम्– જેમની ડાળીઓ છૂટી પડી ગઈ છે, તે भूरुहाणाम्–વૃક્ષોનો. જમીન ઉપર ઉગે છે માટે વૃક્ષને भूरुह કહે છે. शैलश्रेणिशृंगेषु–પર્વતની હારના શિખરો ઉપર. बहु तोयं वितरसि–ઘણો વરસાદ વરસાવે છે. પર્વતોની ટોચ ઉપર ખૂબ વરસાદ પડે છે તે સુવિદિત છે. तावकीनः તારો. સરખાવો:–मामकीन श्रीमदः–श्रियः मदः (ષ. ત.) સંપત્તિનો ઉન્માદ, સંપત્તિનું અભિમાન. જળની ખરી જરૂર દવાનળથી બળી જતા વૃક્ષોને છે, નહિ કે પર્વતોના શિખરોને. છતાં પણ વાદળું પર્વત ઉપર વરસાદ વરસાવે છે અને વૃક્ષોને તેમ ને તેમ બળવા દે છે. આ કઈ જાતનો મદ !

૧૦. અન્વય:–हन्त, रे पान्थ पुरः अस्य परुषगर्जितं शृण्वन् मनाक् अपि विह्वलमनाः न स्याः । (हे) सखे अयं विश्वा...नः अम्बुवाहः भवता किमु न आकर्णितः ।

पुरः પહેલાં, પ્રથમ. परुषं गर्जितं परुषगर्जितं (કર્મ.) તમ. પ્રચંડ ગર્જના. વરસાદ પહેલાં મેઘગર્જના થાય છે. शृण्वन्–શ્રુનું વ. કૃ. પુ. પ્ર. એ. વ. સાંભળીને. मनाक् अपि–જરા પણ विह्वलं मनः यस्य सः विह्वलमनाः (બહુ.) વિહ્વળ મનવાળો. न स्याः–થતો નહિ. स्याः–अस्– ગ. ૨. પ. નું વિધ્યર્થ બી.પુ. એ વ. आर्तिः–દુઃખ विश्वस्य आर्तिः (ષ. ત.) तस्याः वारणाय समर्पितं जीवनं येन सः विश्वा...नः (બહુ.) વિશ્વના દુઃખ અટકાવવા માટે જેણે પોતાના જીવનનું સમર્પણ કર્યું છે તે. अम्बुं वहति असौ अम्बुवाहः (ઉપ. ત.) વાદળું. किमु પ્રશ્નાર્થમાં વપરાયું છે. आकर्णितः–आ+कर्ण ગ. ૧૦. ઉ. નું કર્મણિ ભૂ. કૃ. સાંભળેલ.

૧૧ અન્વય :–(हे) श्रीखण्ड, (तव) सौरभ्यं भुवनत्रयेऽपि विदितं, शैत्यं तु लोकोत्तरं (अस्ति); किं च कीर्तिः दिगांगनांगणागता; किं तु एतद् एकं शृणु :–कोटरेषु गरलज्वालां उज्झन्ती इयं द्विजिह्वावली ते सर्वान् एव सुन्दरान् गुणान् निगिरति ।

श्रीखण्ड–ચન્દનવૃક્ષ. सौरभ्यं–સુગંધ भुवनानां त्रयम् भुवनत्रयं (ષ. ત.) तस्मिन्–ત્રણે લોકમાં, પૃથ્વી, અન્તરિક્ષ તથા સ્વર્ગમાં. અથવા સ્વર્ગ, પૃથ્વીને પાતાળમાં शैत्यं–ઠંડક, શીતળતા लोकोत्तरं અસાધારણ, અસામાન્ય, લોકોત્તર किं च–વળી, વધારામાં. दिगांगना દિશા दिगांगनानां आंगणानि गता दिगांगनांगणागता (દ્વિ. ત.) દિશાઓના આંગણા સુધી પ્રસરી રહેલ; સર્વ દિશાઓમાં ફેલાયેલ. कोटरेषु બખોલમાં गरला ज्वाला गरलज्वाला (કર્મ) नाम ઝેરી જ્વાળા उज्झन्ती–उज्झ ગ. ૬. પ. નું વ. કૃ. સ્ત્રી. પ્ર. એ. વ. છોડતી, ફેલાવતી, द्वे जिह्वे येषां ते द्विजिह्व : (બહુ.) બે જીભવાળાઃ સર્પો. द्विजिह्वानाम् आवली द्विजिह्वावली (ષ. ત.) સર્પોની હાર ચન્દન વૃક્ષના થડને સર્પો વીંટળાયેલ હોય છે એમ મનાય છે. निगिरति–ગળી નાખે છે, નકામા કરી દે છે.

૧૨ અન્વય :– अपेक्षा न (अस्ति), दाक्षिण्यं च न (अस्ति), प्रीतिः न संगतिः च न; तथापि उन्नतः घनः लोकानां तापं हरते ।

अपेक्षा–બદલો મળવાની આકાંક્ષા उन्नतः (૧) ઊંચે રહેલ. (૨) ઉદાર પ્રકૃતિવાળો. लोकानां तापं हरते–લોકોનું (દુનિયાનું) દુઃખ દૂર કરે છે.

૧૩ અન્વય :–(हे) अम्बुज (तव) समुत्पत्तिः स्वच्छे सरसि (अस्ति), निवसनं हरिहस्ते (अस्ति), (त्वं) पद्मायाः निवासः (असि); (तव) परिमलः सुरहृदयहारी (अस्ति),–एतैः अन्यैः अपि गुणैः ललितस्य तव यदि द्विजोत्तंसे हंसे रतिः (स्यात्–तर्हि) इयम् अतीव उन्नतिः ।

अम्बुज-કમળ समुत्पत्तिः ઉત્પત્તિ. स्वच्छे सरसि-સ્વચ્છ કમળમાં हरिहस्ते निवसनं-વિષ્ણુના હાથમાં (તારૂં) રહેઠાણુ છે. વિષ્ણુ ભગવાનના હાથમાં હમેશાં કમળ હોય છે તેમ મનાય છે. पद्मायाः निवासः (તું) લક્ષ્મીનું રહેઠાણુ છે. લક્ષ્મી કમળમાં વસે છે તે સુવિદિત છે- परिमलः- સુગંધ. सुरः- દેવતા. सुराणां हृदयं हरति असौ सुरहृदयहारी (ઉપ. ત.) દેવોનું હૃદય હરી લે તેવા, દેવોને પણ આનંદ પમાડનાર. ललित-મનોહર, રમ્ય, સુંદર. द्विजोत्तंसे हंसे-પક્ષીઓમાં શ્રેષ્ઠ હંસ ઉપર रतिः- પ્રીતિ. अतीव उन्नतिः- ઘણી જ ઉન્નતિ, ઘણી જ ઉત્કૃષ્ટતા.

૧૪ અન્વય :- (हे) क्षीरार्णव, (तव) तीरे अर्कबिम्बोपमाः मणयः ग्रावगणैः साकं लुठन्ति; (तव) नीरे सः भगवान् नारायणः नीरचरैः समं निद्राति। एवं तव अविवेकं उन्नतेः परां प्रौढिं च अपि वीक्ष्य कथय किं अहं त्वां निन्दानि अथवा स्तवानि।

क्षीरार्णव-ક્ષીરસાગર. દૂધનો સાગર. अर्कस्य बिम्बं उपमा येषां ते अर्कबिम्बोपमा (બહુ) સૂર્યના બિંબ જેવા (તેજવાળા) ग्रावगणैः साकं -પત્થરના સમૂહ સાથે. साकं, सार्धं, समं, सह વિ. શબ્દો તૃતીયા લે છે. लुठन्ति- રઝળે છે. नीरे- પાણીમાં, ખરૂં જોતાં ક્ષીરસાગરમાં પાણી ન હોઈ શકે, દૂધ જ હોય. सः-તે, પ્રખ્યાત. नीरचरैः समं- જળચરો સાથે. निद्राति-સુતા હોય છે. उन्नतेः परां प्रौढिं-ઉન્નતિની પરાકાષ્ટા, સમૃદ્ધિનું પૂર્ણ મહત્ત્વ. वीक्ष्य-वि+ईक्ष् નું સંબંધક ભૂ. કૃ. જોઈને. निन्दानि-निन्द् નું આજ્ઞાર્થ ૧ પુ. એ. વ. નિન્દા કરૂં. स्तवानि -स्तु ગ. ૨. ઉ. ના પ.નું આજ્ઞાર્થ ૧ પુ. એ. વ. સ્તુતિ કરૂં. અવિવેક એકલો હોય તો નિન્દા થાય; ઉન્નતિ એકલી હોય તો સ્તુતિ થાય. પણ બંને હોય ત્યાં શું થાય ?

૧૫ અન્વય :- (हे) अर्णव, ते एतैः रत्नैः खलु किम् ? पुनः

(ते) अभ्रायितेन वपुषा किम् ? यद् तावकं सलिलम् अपि तृषितानां वदनं न प्रयाति ।

ते–તારાં एतैः रत्नैः किम्–આ રત્નોનો ઉપયોગ શો ? अभ्रवत् आचरति इति अभ्रायति (अभ्र ઉપરથી બનેલ નામ–ધાતુ) તેનું કર્મણિ ભૂ. કૃ. अभ्रायित–જેમાંથી વાદળાં બને છે તે. वपुषा किं–તારા શરીરનો ઉપયોગ શો ? यद् જ્યારે, કારણ કે तृषितानां वदनं–તરસ્યાના મોઢામાં. સમુદ્રનું પાણી ખારૂં હોય છે એટલે પી શકાતું નથી.

૧૬ અન્વય :– सलिलानां इयत्यां संपत्तौ अपि, हे कासार, यदि त्वम् अधुना आर्तानां तृष्णा सहसा न हरसि, (तर्हि) निदाघे परितः अंगारनिकरान् किरति चंडांशौ, कृशीभूतः (त्वम्) अहह खलु केषां तां परिहर्तासि ?

इयत्यां–આટલી, આટલી બધી संपत्तौ अपि–સંપત્તિ હોવા છતાં પણ. सति...अपि– સતિ સપ્તમીનો પ્રયોગ છે–આટલું બધું પાણી હોવા છતાં પણ कासार–સરોવર अधुना–હમણાં. શરદ્ઋતુમાં સરોવરો ભરેલાં હોય છે, પણ ઉનાળામાં પ્રચંડ તાપ પડવાથી શોષાઈને સુકાઈ જાય છે. आर्तानां દુઃખી માણસોની, તરસ્યાની. निदाघे–ઉનાળામાં. परितः ચારે બાજુ अंगारनिकरान् किरति चंडांशौ– સતિ સપ્તમી–જ્યારે સૂર્ય અંગારાનો સમૂહ વરસાવતો હોય છે. चंडांशु : चंडाः अंशवः यस्य सः (બહુ) कृशीभूतः (च्वि રૂપ છે) કર્મણિ ભૂ. કૃ. કૃશ થયેલ, સુકાઈ ગયેલ. अहह–અરેરે. तां–તે તૃષ્ણાને. परिहर्तासि– परि+हृ–નું, શ્વસ્તન ભવિષ્ય, બી. પુ. એ. હરીશ, દૂર કરીશ. જે સરોવર શરદ્ઋતુમાં પણ આર્તિ ન હરે તે ઉનાળામાં તો ક્યાંથી જ હરે ?

૧૭ અન્વય : अयि वारिधे त्वं रोषम् उरीकरोषि नो चेत् त्वां प्रति किमपि वदामः । हा तवार्थिना जलदेन विमुक्तानि तोयानि अपि, त्वं महान् (अस्ति तथापि) न जहासि ।

अयि वारिधे–હે સમુદ્ર **त्वं रोषम् उरीकरोषि नो चेत्**–જો તું મનમાં ગુસ્સો ન લાવે તો કારણ કે ગુસ્સે થાય તેવાને ઉપદેશ ન આપી શકાય. **नो चेत्** નો ઉપયોગ ધ્યાનમાં રાખો. **उरीकरोषि**–**उरस्**ને **कृ** સાથે જોડવાથી બનેલ ધાતુનું વર્તમાનઃ બી. પુ. એ. વ. **तवार्थिना जलदेन**–તારી પાસે ભીખ માગનાર વાદળાંએ. વાદળું પોતાનું પાણી સમુદ્રમાંથી લે છે. એટલે વાદળાંને સમુદ્રનું 'અર્થી' કહેલ છે. **त्वं महान्**–તું મહાન (છે તો પણ) **न जहासि**–છોડતો નથી. કહેવાનો આશય એ છે કે તું આ અયોગ્ય આચરે છે. વરસાદનું પાણી સમુદ્રમાં પણ જાય છે.

૧૮. અન્વયઃ–हे वर्षानदि, जह्नुजायाः स्रोतसि विशन्तीं भवतीं न वारयामः । (कि)न्तु यद् पुरः अस्याः तरंगभंगान् प्रकटीकरोषि एतत् न युक्तम् ।

वर्षानदी–વર્ષા ઋતુ સુધીજ જેમાં પાણી રહે તેવી નદી. **जह्नुजायाः** ગંગાના, પૂર્વે જહ્નુ નામના રાજા તપ કરતા હતા તેમને ગંગાના પ્રવાહથી અડચણ થવાથી તેને પી ગયા. પછી દેવોએ વિનતિ કરી તેથી એ પ્રવાહને તેમણે કાનમાંથી વહેતો કર્યો. આ રીતે ગંગા જહ્નુ રાજાથી ઉત્પન્ન થયેલી. માટે તેને जाह्नुजा, जाह्नवी, जह्नुकन्या વિ. નામ આપવામાં આવે છે તેને **भागीरथी, मंदाकिनी** વિ. પણ કહે છે. **स्रोतसि**–પ્રવાહમાં **विशन्तीं**–**विश्** ગ. ૬. પ. નું સ્ત્રી. વ. કૃ. દ્વિ. એ. વ. (विशतीं પણ થાય) દાખલ થતી, મળી જતી **न वारयामः**–અટકાવતા નથી, રોકતા નથી. **तरंग भंगान् प्रकटीकरोषि**–તેના તરંગનો ભંગ પ્રકટ કરે છે. ગંગાના પ્રવાહના તરંગોને તોડી પાડે છે તે. બે નદીઓ મળે ત્યારે આમ બને છે. **प्रकटीकरोषि**–च्वि રૂપ છે. **एतत् न युक्तम्**–તે યોગ્ય નથી. જેનો આશ્રય લેવો હોય તેની સાથે વિરોધ કરવો યોગ્ય નથી.

૧૯ અન્વયઃ–**पौलोमी...तानि निर्जरैः आजघ्निरे तस्मिन् मधुव्रते अथ**

विधिवशात् माध्वीकम् आकांक्षति, (हे) अम्बुज त्वं चेत् लोभं अंचसि तदा त्वां प्रति किं ब्रूमहे ।

पौलोमी–ઈન્દ્રાણી, ઇન્દ્રની પત્ની, पौलोमीपति–ઈન્દ્ર पौलो...कानने–ઇન્દ્રના ઉપવનમાં, નંદનવનમાં. विलसतां–ખીલતાં, ઉગતાં गीर्वाण–દૈવી, સ્વર્ગીય. गीर्वाणभूमीरुहां દૈવી વૃક્ષોના. સ્વર્ગમાં ઉગતાં વૃક્ષોના आदौ आघ्रातानि पश्चाद् समुज्झितानि आ... नि (કર્મ.) સુંઘીને છોડી દીધેલાં निर्जरैः आजघ्रिरे–દેવોથી સુંઘાતા निर्जरः–દેવ. आजघ्रिरे–आ+घ्रा ગ. ૧. પ. કર્મણિ પરોક્ષ ભૂત ત્રી. પુ. બ. વ. સુંઘાતાં मधुव्रत–ભ્રમર. विधिवशात्–ભાગ્યવશાત, નસીબજોગે. माध्वीकम्–મધ. आकांक्षति–आ+कांक्ष् વ. કૃ. પુ. સ. એ. વ. ઇચ્છા રાખતા. लोभं अंचसि–લોભ કરીશ. સ્વર્ગના ભમરો કમળનો રસ ચૂસવા આવે ત્યારે કમળ જો તેને ના પાડે તો મૂર્ખાઈજ ગણાય.

૨૦. અન્વય: यत्र भवता मृणालपटली भुक्ता, अम्बूनि निपीतानि, नलिनानि निषेवितानि, रे राजहंस, तस्य सरोवरस्य केन कृत्येन कृतोपकारः भवितासि (इति) वद ।

मृणालपटली–કમળની દાંડીઓનો સમૂહ. રાજહંસ કમળની દાંડીઓ બહુ ખાય છે. निपीतानि–પીધાં–नि+पा નું કર્મણિ ભૂ. કૃ. ન. પ્ર. બ. વ. नलिनानि–કમળો. निषेवितानि–नि+सेव् ગ. ૧. આ. નું કર્મણિ ભૂ. કૃ. ન. પ્ર. બ. વ. સેવન કર્યું. केन कृत्येन–કયા કાર્યથી, कृतः उपकारः येन स. कृतोपकारः (બહુ.) જેણે બદલો વાળ્યો છે તે. भवितासि–भू ગ. ૧. પ. નું શ્વસ્તન ભવિષ્ય બી. પુ. એ. વ. થઈશ. कृतोपकारः भवितासि–બદલો વાળીશ. કહેવાનો આશય એ છે કે સરોવરના રાજહંસ ઉપર એટલા બધા ઉપકાર છે કે તેનો બદલો કોઈ પણ કૃત્યથી વળી શકે જ નહિ.

૨૧. અન્વય: हे चंचरीक, कुसुमाकरस्य प्रारम्भे यस्य उल्लसन्मंजरीपुंजे मंजुलगुंजितानि रचयन् (त्वं) परितः तान् उत्सवान् आतनोः, तस्मिन् रसालशाखिनि अथ दैवात् कृशां दशां अंचति, त्वं चेत् विनयं मुंचसि, (तदा) त्वदन्यः नीचः कः अस्ति।

चंचरीक–ભ્રમર. कुसुमाकरः– વસન્ત ઋતુ. कुसुमाकरस्य प्रारम्भे–વસન્તની શરૂઆતમાં उल्लसत्–ખીલતા. उल्लसन्मंजरीपुंजे–ખીલતી મંજરીના સમૂહમાં मंजुलगुंजितानि–મનોહર ગુંજારવ. रचयन्–કરતો परितः–ચારે બાજુ. तान् उत्सवान्–તે ઉત્સવો: પ્રખ્યાત ઉત્સવો. आतनोः–आ+तन् ગ. ૮. ઉ. નું પરસ્મૈ. હ્યસ્તન ભૂત બી. પુ. એ વ. કર્યાં, માણ્યા. रसालशाखिनि–જેની ડાળીઓ રસાળ છે તેવો, આંબો कृशां दशां अंचति–કૃશ દશાને પામેલ, સૂકાઈ ગયેલ. त्वदन्यः नीचः कः अस्ति તારાથી બીજો નીચ કોણ હોય. જેની સાથે આનંદ માણ્યો હોય તેની વિપરીત દશા આવતાં તેને છોડી દઈએ તો તો અધમતાની પરાકાષ્ટાજ આવી જાય.

૨૨ અન્વય : हे कृष्णासार, गुरुगर्वनिमीलिताक्षः (सन्) अस्मिन् कानने एणीगणेषु किं खलु खेलसि? हरिविहारवसुंधरायाः भिन्नकरीन्द्रकुम्भमुक्तामयीं इमां सीमां कलय।

कृष्णसार–કાળીયાર મૃગ. गुरुः गर्वः (કર્મ.) तेन् निमीलिते अक्षिणी यस्य सः गुरु...क्ष, (બહુ.) ખૂબ અભિમાનને લીધે જેની આંખો બંધ થયેલ છે તે. एणीगणेषु–હરિણીઓના ટોળામાં. खेलसि–વિહાર કરે છે, રમે છે, ક્રીડા કરે છે, हरेः विहाराय वसुंधरा हरिविहारवसुंधरा (ચ. ત.) तस्याः : સિંહને વિહાર કરવા માટેની જમીનની; સિંહ વિહાર કરે છે તે પ્રદેશની भिन्नाः करीन्द्रकुम्भाः (કર્મ) तेषां मुक्ताः : भिन्नकरीन्द्रकुम्भमुक्ताः (ષ. ત.) तैः प्रचुरा भिन्न...मयी. છેદી નખાયેલ

હાથીઓના લમણાંમાંથી નીકળેલ મોતીથી ભરેલ. શ્લોક ૫ ઉપરની નોટ્સ જુઓ. इमां सीमां कलय—આ ૯૬ પાસે આવી જા; આ હદમાં આવ.

૨૨. અન્વય:—जठरज्वलनज्वलता करिणां अरिणा हरिणा अपगतशंकं पुरः समागता अपि हरिणाली कथं नु हन्यताम् ।

जठरस्य ज्वलनः (अग्नि) (ष. त.) तेन ज्वलत् जठर...लत् (तृ. त). तेन જઠરાગ્નિથી બળી જતા, ખૂબ ક્ષુધાતુર થયેલા. करिणां अरिणा हरिणा—હાથીઓનાં દુશ્મન સિંહથી. अपगता शंका यथा स्यात् तथा अपगतशंकं (અવ્યયી.) નિઃશંક, બીક વગર पुरः समागता अपि—સામે આવેલ હોય છતાં પણ. हरिणाली—મૃગનું ટોળું, कथं नु हन्यताम् કેવી રીતે મારી શકાય? સિંહે મૃગને કદી પણ ન મારવું જોઈએ. તેનું રક્ષણ જ કરવું જોઈએ. हन्यताम्—हन् ગ. ૨. પ. નું કર્મણિ આજ્ઞાર્થ ત્રી. પુ. એ. વ.

૨૪. અન્વય:—येन भिन्न...भिः मही अंचिता तेन हरिणा अद्य हरिणान्तिके कथं नु पराक्रमः कथ्यताम् ।

भिन्नाः करिकुम्भाः (કર્મ.) तेभ्यः विस्खलन्ति (ખરતા, પડતા) मौक्तिकानि (મોતીઓ) (કર્મ.) तेषां आवलिः भिन्न...लिः (ષ. त.) ताभिः તોડી નાખેલ હાથીના લમણામાંથી ખરી પડતા મોતીની હારથી. मही अंचिता—પૃથ્વીને શણગારી. अंचिता—अंच् ગ. ૧૦. ઉ. નું કર્મણિ ભૂ. કૃ. સ્ત્રી. પ્ર. એ. વ. हरिणान्तिके—મૃગ પાસે. कथंनु कथ्यताम्—કેવી રીતે કહી શકાય, કેવી રીતે વર્ણવી શકાય! कथ्यताम्—कथ् નું કર્મણિ, આજ્ઞાર્થ, ત્રી. પુ. એ. વ. पराक्रमः—(પોતાનું) પરાક્રમ. હાથીઓને મારનાર સિંહ પોતાના પરાક્રમની વાત ક્ષુદ્ર મૃગલાં પાસે કદી પણ ન જ કરે.

૨૫ અન્વય :– रे सखे मदान्धेक्षण गजश्रेणीनाथ, त्वम् इह जटिलायां वनभुवि क्षणम् अपि स्थिति नो दध्याः; (यतः) कुम्भिभ्रान्त्या खर...ग्रामः असौ हरिपतिः गिरिगर्भे स्वपिति ।

मदेन अंधे ईक्षणे (આંખો) यस्य सः मदान्धेक्षणः (બહુ.) તત્સંબુદ્ધૌ મદથી જેની આંખો અંધ થઈ ગઈ છે તે. गजश्रेणीनाथ–કરિકુલપતિ, હાથીઓના ટોળાંનો સરદાર. जटिलायां वनभुवि–સંકુલ વનપ્રદેશમાં, ગીચોગીચ વનના ભાગમાં क्षणम् अपि– એક ક્ષણ પણ स्थिति नो दध्याः– ઉભો ન રહેજે, રહીશ નહિ. दध्याः–धा ગ. ૩. ઉ.નું પરસ્મૈ. વિધ્યર્થ બી. પુ. એ. વ. कुम्भिभ्रान्त्या–આ હાથી છે એવી ભ્રાન્તિથી. खर–તીક્ષ્ણ. खराणि नखराणि (કર્મ.) तैः विदलिता (છેદી નખાયેલ. તોડી નખાયેલ) महागुरुग्रावाणां ग्रामाः (સમૂહો) येन सः खर...मः (બહુ.) જેણે પોતાના તીક્ષ્ણ નખોથી મોટા મજબૂત (गुरु) પત્થરોના સમૂહ છેદી નાખ્યા છે તે. हरिपतिः–સિંહોનો સરદાર. गिरिगर्भे–ગુફામાં स्वपिति–स्वप् ગ. ૨. પ.નું વર્તમાન ત્રી. પુ. એ. વ. સૂતો છે.

Questions:—

(1) Solve:–भ्रमर...कामस्य, पुष्पान्तरसेवा, मधुपेन, नीरसा, दुःसहः, अतिभयभ्रान्तनयनाः, गलद्दानोद्रेकभ्रमदलिकदम्बाः, लुठन्मुक्ताभारे, मधुपकुलझंकारभरितान्, ज्वालावलीवलयीभवन्, दिनकृता, करकानिपातनकृपा, दवदहनजटालज्वालजालाहतानां, विह्वलमनाः, विश्वार्तिवारणसमर्पितजीवनः, द्विजिह्वावली, सुरहृदयहारी, अर्कबिम्बोपमाः, गुरुगर्वनिर्मीलिताक्षः, भिन्नकरीन्द्रकुम्भमुक्तामयीं, हरिविहारवसुन्धरायाः, जठरज्वलनज्वलता, अपगतशंकं, भिन्न...वलिभिः, मदान्धेक्षण, खरनखर...ग्रामः.

(2) Recognise:–प्रपेदे, व्यरचि, जनयितुं, विकिरता, परुषीकृता, आविष्कृतः, दधुः, अकृत, आतेने, द्राघीयसः, स्वीचक्रे, म्लायतां, निन्दानि,

स्तवानि, अभ्रायितेन, कृशीभूतः, उरीकरोषि, विशन्तीं, प्रकटीकरोषि, आजघ्रिरे, भवितासि, आतनोः, हन्यतां, कथ्यतां, दध्याः.

(3) Illustrate the uses of:–नु, किं नु, प्रति, कः, किमु, किं च, Locative Absolute, Genetive Absolute, नो चेत्, चेत्, नु.

(4) Change the voice of:–(1) न प्रपेदे मधुपेन तवोपमा जगति । (2) भवता या पुष्टिः व्यरचि । (3) नाकर्णितः किमु सखे भवताम्बुवाहः । (4) तथापि हरते तापं लोकानामुन्नतो घनः । (5) कृशीभूतः केषामहह परिहर्तासि खलु ताम् । (6) येनाघ्रातसमुज्झितानि कुसुमान्याजघ्रिरे निर्जरैः । (7) करिणामरिणा हरिणा हरिणाली हन्यतां नु कथम् ।

(5) Remember:–विडम्बना महती; न प्रपेदे तवोपमा जगति; न यत्र स्थेमानं दधुः; परलोकं गमः; कुत्रास्ति भीतिः तव; लोचन-गोचरेण भवता; कोऽयं श्रीमदस्तायकीनः; किं निन्दाम्यथवा स्तवानि; यस्य वदनं प्रयाति; रोषमुरीकरोषि नो चेत्, त्वं चेदंचसि लोभं; कृत्येन केन भवितासि कृतोपकारः; नीचस्त्वदन्योऽस्तिकः; स्थितिं नो रे दध्याः.

(6) Translate into Sanskrit:—

Here in my friend's houses, many people used to gather together; and talk and jest boisterously. But now that he is no more, his house has become vacant. No one stirs there. There is pin-drop silence, where once it was as if made of sound, as if the whole world put together. Such is the way of this wretched world.

(7) Translate into English:—

(i) वंशभवो गुणवानपि संगविशेषेण पूज्यते पुरुषः ।
न हि तुम्बीफलविकलो वीणादण्डः प्रयाति महिमानम् ॥

(ii) लावण्यमुज्ज्वलमपास्ततुलं च शीलं
लोकोत्तरं विनयमर्थमयं नयं च ।
एतान्गुणानशरणानथ मां च हित्वा ।
हा हन्त सुन्दरि कथं त्रिदिवं गतासि ॥

(iii) तरणोपायमपश्यन्नपि मामक जीव ताम्यसि कुतस्त्वम् ।
चेतः सरणावस्थां किं नागन्ता कदापि नन्दसुतः ॥

૧૯

मेघदूतम्

આ પાઠ કવિકુલગુરુ કાલિદાસના મેઘદૂતના શ્લોક ૫૧–૬૫નો બનેલો છે. કાલિદાસના જીવન, કવન, તથા શૈલી વિષે પાઠ ૬ ઉપરનું અમારું પ્રાસ્તાવિક લખાણ જુઓ.

"સંસ્કૃત ખંડકાવ્યોમાં મેઘદૂતનું સ્થાન પ્રથમ છે. એના વસ્તુની કલ્પના મનોહર છે. એનાં નાયકનાયિકાની પ્રેમભક્તિ ઘણી ઉચ્ચ-ભાવનાવાળી છે. ઉંચા પ્રકારના સંસ્કારવાળી, સર્વાંગસુંદર, મર્યાદાશીલ. તથા મનોહર પદન્યાસવાળી પ્રૌઢાના જેવી—સ્વભાવથીજ ગંભીર, કૈંક વ્યક્ત અને કૈંક પટાન્તરે દેખાતા સૌંદર્યવાળી, કોઈ સ્થળે સ્પષ્ટ તો કોઈ સ્થળે સંવૃત્ત ભાવવાળી, પ્રસન્ન અને ઉચ્ચ પ્રેમભાવનાથી ભરેલી એવી વિશ્વમોહિની વાણી રસિકનાં હૃદયોને વશ કરી પોતાની સાથે ખેંચતી મંદમંદ ચાલી જાય છે. જેમ જેમ એનો વિશેષ પરિચય રાખવામાં આવે, તેમ તેમ એનામાં ક્ષણ ક્ષણ રસમાં, ભાવમાં,

સૌન્દર્યમાં, અને સમગ્ર ગુણોમાં નૂતનતા દૃષ્ટિએ પડે છે. સંસારના સમગ્ર સુખનું નિધાન દામ્પત્ય કેવી ઊંચી પ્રેમભાવનાથી ભરેલું હોવું જોઈએ, એમાં પરસ્પર પ્રત્યે કેવી કોમળતા અને તન્મયતા જોઈએ, તેનું યથાર્થ દર્શન મેઘદૂતમાં થાય છે.

કોઈ એક યક્ષને કુબેરના શાપથી પોતાની સ્ત્રીથી વિરહ થયો છે. અષાડ માસની શુદ એકમે તે એક વાદળાંને (મેઘને) જુએ છે અને તેની સાથે પોતાની પ્રિયતમાને સંદેશો મોકલાવે છે. આ વાત મેઘદૂતમાં આવે છે. જેમાં વાદળાંનો દૂત તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે તે ખંડકાવ્યને કવિએ યથાર્થ મેઘદૂત નામ આપ્યું છે.

અનુવાદ :–

(૧) પછી છાયારૂપે બ્રહ્માવર્ત નામના દેશમાં પેસીને, જ્યાં અર્જુન, જેમ તું કમળો ઉપર (પાણીની) ધારાઓ વરસાવે છે તેમ, ક્ષત્રિયોના મુખ ઉપર સેંકડો તીક્ષ્ણ બાણનો વરસાદ વરસાવ્યો હતો તેવા ક્ષત્રિયોના વધ સૂચવતા (પિશુન) કુરુક્ષેત્રમાં જજે.

(૨) રેવતીની આંખો (ના પ્રતિબિંબ) થી અંકિત થયેલ, ખૂબ ગમતી મદિરાને ત્યાગીને, સંબંધીઓ ઉપરના સ્નેહને લીધે જેને લડાઈ તરફ અરુચિ ઉત્પન્ન થઈ છે તેવા બલરામ જ્યાં રહ્યા હતા તે સરસ્વતીના પાણી મેળવીને (ની પાસે જઈને) હે સૌમ્ય, તારું અંતઃકરણ શુદ્ધ (સફેદ) થશે, ફક્ત તારો વર્ણજ કાળો રહેશે.

(૩) પોતાના ફીણવડે જે ભ્રમર ચડાવેલ (ગુસ્સે થયેલ) પાર્વતીના મુખને હસી કાઢે છે અને જેણે ચંદ્રમાને સ્પર્શતા મોજારૂપી હાથવડે શિવના કેશ ઝાલ્યા છે તેવી, સગર રાજાના પુત્રોનો સ્વર્ગમાં (જવા-માટે) સીડી રૂપ, કનખલ પાસે હિમાલયમાંથી ઉતરી આવતી ગંગાનદી પાસે ત્યાંથી જજે.

(૪) આકાશમાં પીઠ લંબાવીને, નીચો નમીને, જો તું ઇન્દ્રના હાથીની જેમ (ગંગાનું) શુદ્ધ સ્ફટિક જેવું સ્વચ્છ પાણી પીવાની ઇચ્છા કરીશ તો તે (ગંગા) પ્રવાહમાં એકદમ પડતી તારી આ છાયાને લીધે, જાણે કે અનિયત જગાએ યમુનાનો સંગમ થયો હોય તેમ, રમણીય લાગશે.

(૫) (ઉપર) બેઠેલ કસ્તુરી મૃગની કસ્તુરીની સુગંધથી જેની શિલાઓ સુગંધિત થયેલ છે તેવા હિમને લીધે શ્વેત થયેલા, જ્યાંથી તે (ગંગા નદી) નીકળે છે તે પર્વત (હિમાલય) પાસે જઇને, મુસાફરીનો થાક ઉતારવા તેના શિખરે બેઠેલો તું શિવના શ્વેત પોઠિયાએ ખોદી કાઢેલ ગારાના જેવી શોભા ધારણ કરીશ.

(૬) પવન ફૂંકાતો હોય ત્યારે, જો દેવદાર વૃક્ષની ડાળીઓનાં (એક બીજા સાથે) ઘસાવાથી ઉત્પન્ન થયેલ, (અને પોતાની) જ્વાળાઓથી ચમરી મૃગના વાળના ગુચ્છને બાળી નાખતો દાવાગ્નિ તેને (પર્વતને) હેરાન કરે તો તું હજારો ધારાઓ વરસાવીને તેને સંપૂર્ણ રીતે ઠારી નાખજે; કારણ કે ઉત્તમ પુરુષોની સંપત્તિ દુઃખી માણસોનાં દુઃખ શાંત કરવા માટે જ છે.

(૭) ક્રોધને લીધે વેગથી આવતા જે શરભો પોતાના શરીરને ભાંગવા માટે રસ્તો છોડી દીધેલા તને એકદમ ઓળંગવા જાય તેને તું મોટા કરાનો વરસાદ વરસાવીને વિખેરી નાખજે; અથવા નિષ્ફળ કાર્યનો આરંભ કરતાં કોની હાંસી ન થાય?

(૮) ત્યાં સિદ્ધ પુરુષોથી હંમેશ પૂજાતાં, (અને) જેનાં દર્શન કરવાથી શ્રદ્ધાળુઓ, પાપનો સંપૂર્ણ નાશ થવાથી, દેહ છોડયા પછી, શિવના ગણના શાશ્વત પદને પામવાની આશા રાખે છે, તે ત્યાં પત્થર ઉપર સ્પષ્ટ દેખાતાં શિવનાં પગલાંની તું ભક્તિથી નમ્ર થઇને પ્રદક્ષિણા કરજે.

(૯) (ત્યાં) પવનથી પૂરાતા સૂકા વાંસ (कीचका:) મધુર અવાજ કરે છે; મધુરકંઠવાળી કિન્નરીઓ ત્રિપુરજયનાં ગીત ગાય છે; તેમાં તારો તબલાંના અવાજ જેવો અવાજ ભળશે તો ખરેખર ત્યાં શિવનો વાદ્યોનો બધો રંગ જામશે.

(૧૦) હિમાલયના ઢોળાવ ઉપર આવેલ તે તે જોવા જેવી વસ્તુઓને પસાર કરીને, વાંકો થઈને વિચારવાથી શોભતો, (અને) બલિ રાજાને દમવાને તૈયાર થયેલ વિષ્ણુના શ્યામ પગ જેવો તું ભૃગુપતિ (પરશુરામ)ની કીર્તિ સૂચવતા હંસદ્વારરુપી ક્રૌન્ચરન્ધ્રમાં થઈને ઉત્તર દિશામાં જજે,

(૧૧) (ત્યાંથી) આગળ વધીને રાવણને હાથે ખેંચાવાથી ઢીલા થઈ ગયેલ સાંધાવાળા, દેવોની સ્ત્રીઓના દર્પણ જેવા, કુમુદ સરખા ધોળાં ઊંચાં શિખરોથી આકાશને ઘેરી ઊભા રહેલ, શિવના હંમેશના અટ્ટહાસ્યનો જાણે સમૂહ હોય તેવા, કૈલાસ પર્વતનો મહેમાન થજે.

(૧૨) હાથીના તરત કાપેલ દંતશૂળના કટકા જેવા તે પર્વતના ઢોળાવ ઉપર ચીકણા અને ચૂર્ણ કરેલા અંજન જેવો તું જ્યારે બેસીશ ત્યારે, જાણે બળરામ (પોતાના) ખભા ઉપર શ્યામ વસ્ત્ર નાખીને ઊભા હોય તેમ, તે પર્વતની શોભા અનિમિષ આંખોએ જોવા લાયક થશે એમ મને જણાય છે.

(૧૩) ત્યાં સર્પરૂપી કડું છોડી દીધેલ શિવે જેને પોતાનો હાથ (પકડવા) આપ્યો છે એવાં (=શંકરનો હાથ ઝાલી ચાલતાં) પાર્વતી ક્રીડાપર્વત ઉપર પગે ચાલીને ફરતાં હોય તો તારા શરીરને પગથિયાના (भंगी) આકારમાં ગોઠવીને, તારી અંદરના પાણીના સમૂહને થંભાવીને, આગળ થઈને તું (પાર્વતીને) મણિતટ જવા માટે સીડીરૂપ થજે.

(૧૪) ત્યાં દેવતાઈ યુવતીઓ કંકણની ધારના પ્રહારથી તારૂં પાણી

ખેંચીને તને જરૂર સ્નાન માટેના ફુવારા તરીકે વાપરશે. હે મિત્ર, જો ઉનાળામાં મેળવાયેલ તારો (ત્યાંથી) છૂટકારો ન થાય તો તે રમતિયાળ (સ્ત્રીઓને) કાનને ભયંકર ગર્જનાઓથી બીવડાવજે.

(૧૫) સોનાના કમળ ઉત્પન્ન કરનાર માનસ સરોવરનું પાણી લેતો, તારી ઈચ્છા પ્રમાણે (कामं) ઐરાવતના મુખ ઉપર (એકાદ) ક્ષણ વસ્ત્રરૂપે થઈને, (તારા) પવનથી કલ્પવૃક્ષની કુંપળોરૂપી રેશમી વસ્ત્રોને હલાવતો-(આવી) વિવિધ ચેષ્ટાવાળી ક્રીડાઓ કરતો કરતો હે મેઘ, (તું) તે પર્વતરાજનો ઉપભોગ કરજે.

મેઘદૂત, પૂર્વમેઘ ૫૧-૬૫.

(1) Then entering the country of Brahmavarta, by your shadow, resort to the field of kurus, indicative of the war between kshatriyas, where Arjuna showered over the faces of the kings hundreds of sharp arrows like you (pouring water) over the lotuses by the fall of showers.

(2) O gentle one, taking up those waters of the Saraswati, which, the plough-bearer (Batarama) averse to war out of affection for kinsmen leaving wine of agreeable flavour and marked by Revati's eyes, resorted to, you also, will be pure internally remaining black only by colour.

(3) From there, you should go to the daughter of gahnu (the Ganges) the flight of steps (leading) to heaven the sons of sagara, descended

from the Himalaya, near Kankhala, who (Ganges) laughing at the knitting of the eye brows of gauri's face by her foam, grasped the hair of Siva, with his hands (in the form) of waves clinging to the moon.

(4) If you think of drinking, in a slanting manner, its water, clear as pure crystal, like a heavenly elephant with its hinder part hanging on in the sky, she (the Ganges) will look beautiful as though meeting Yamuna at a wrong place, on account of your image suddenly proceeding on the stream.

(5) Having reached the mountain, the source of that (river) itself, with its slabs perfumed by the musk of the deer sitting on them, white with snow, you, sitting on its peak to remove the fatigue of journey, will obtain the beauty, comparable to the white mud dug up by the bull of Siva.

(6) If, when the wind is blowing, the conflagration produced by the striking of the branches of Sarala trees, destroying by its flames the load of hair of Chamaris it behoves you to put it out fully by hundreds of streams of water;

for the prosperity of the good have as their fruit the allaying of the misery of the distressed.

(7) Scatter away with heavy palting of hailstones, the Sharabhas, who, impetuous to jump up in anger, might cross you keeping out of their path, only to break their limbs; or who, attempting fruitless tasks, do not become an abode of defeat ?

(8) There, bowing with devotion, go round the foot-print of Siva, manifested in the stones, (and) to which are brought offerings by Siddhas; (and) seeing which those who have faith, with sins uprosted after cessation of their senses would attain to the eternal status of Ganas (of Siva.)

(9) Bamboes, being filled with wind, produce a sweet noise; the victory over Tripura is sung (there) by sweet-voiced kinnara ladies if your sound in caves, be resounding like a drum, the musical concert of Siva, would indeed be complete.

(10) Having passed by the various objects of note, along the slope of the Kailasa, you, looking beautiful by obliquelength, follow the northern direction by that Krauncha-hole, the entrance

of swans (for the Manasa lake), the path of the glory of Parshurama, like the dark foot of Visnu, raised for restraining Bali.

(11) And going up, be a guest of Kailasa, whose joints in the form of peaks are raised up by the arms of Ravana, (and) who is the mirror for heavenly damsels; (and) who has stood covering the sky with lofty peaks as white as lotuses, like the loud laughters of Siva heaped together day after day.

(12) When you, black like shining pounded collyrium, go on its slopes I foresee, the resulting grace, of the mountain, as white as the piece of freshly cut elephants tusk, worthy to be gazed on with unwinking eyes, like Balarama (lit. Plough-bearer) with his dark garment placed on his shoulder.

(13) And, if on that pleasure mountain, Gauri happen to sport about on foot, Siva offering his arm to her after removing the coils of serpents, be the first to serve as a flight of steps, forming your body into a ladder and stopping the internal mass of water.

(14) There heavenly damsels will surely make of you a shower-bath, making you give out

water by the striking of the edges of bracelets. If you, O friend, obtained in the hot season, cannot escape from them, you must frighten them, bent on sports, by your thunders, harsh to the ear.

(15) Taking the water of Manasa, giving birth to golden lotuses, doing the pleasure of a covering for the trunk for a moment to Airavata, shaking silken garments in the form of sprouts of the desire-giving tree O cloud enjoy that lord of mountains with (such) enjoyments of various movements.

१ અન્વયઃ– अथ ब्रह्मावर्तं जनपदं छायया गाहमानः क्षत्रप्रधनपिशुनं तत् कौरवं क्षेत्रं भजेथाः; यत्र गांडीवधन्वा शितशरशतैः राजन्यानां मुखानि, धारापातैः कमलानि त्वम् इव, अभ्यवर्षत् ।

ब्रह्मावर्तं जनपदं–બ્રહ્માવર્ત નામનો દેશ. હસ્તિનાપુરથી વાયવ્ય ખુણામાં અને કુરુક્ષેત્રની નજીક આવેલ પ્રદેશને બ્રહ્માવર્ત કહે છે. મનુના કહેવા પ્રમાણે આ પ્રદેશ સરસ્વતી અને દૃષદ્વતી નામની નદીઓની વચ્ચે આવેલ હતો. छायया–છાયારૂપે. વાદળાં ઉપર સૂર્યનો તડકો પડતાં તેની છાયા નીચે બ્રહ્માવર્ત ઉપર પડે. આ રૂપે કવિ મેઘને તે પવિત્ર દેશમાં પ્રવેશ કરવાનું કહે છે, ટીકાકાર દક્ષિણાવર્ત કહે છે કે બ્રહ્માવર્ત બહુ પવિત્ર દેશ હોવાથી કવિ મેઘને તેના ઉપરથી બહુ વિનયપૂર્વક પસાર થવાનું કહે છે. (अनेन तस्य पुण्यदेशत्वात् स्वरूपेणाक्रमणं न युक्तमिति सूचितम्) गाहमानः–गाह्नું વર્ત. કૃ. પુ. પ્ર. એ. વ. પેસીને, દાખલ કરીને क्षत्राणां प्रधनस्य पिशुनं क्षत्रप्रधनपिशुनं.

(પ. ત.) तद् ક્ષત્રિયોના વધ સૂચવતાં. કુરુક્ષેત્રમાં ઘણી લડાઈઓ લડાઈ હતી તેથી ત્યાં ઘણા ક્ષત્રિયો મરણ પામ્યા હતા. **कौरवं क्षेत्रं**–કુરુક્ષેત્ર. **भजेथाः–भज्** ગ. ૧. ઉ.ના આ.નું વિધ્યર્થ બી. પુ. એ. વ. જજે. **गांडीवं धनुः यस्य सः गांडीवधन्वा** (બહુ) અર્જુન. તેના ધનુષ્યનું નામ ગાંડીવ હતું. બહુવ્રીહિ સમાસને અંતે **अक्षि** અને **धनुस्** આવે તો તેના બદલે અનુક્રમે **अक्ष** અને **धन्वन्** વપરાય છે. સરખાવો: **कमलाक्षः**, **अधिज्यधन्वा**. **शितशरशतैः** સેંકડો તીક્ષ્ણ બાણો વડે. **राजन्य**–ક્ષત્રિય. **धारापातैः**–ધારાઓનો વરસાદ. **अभ्यवर्षत्–अभि+वृष्** નું હ્યસ્તન ભૂત ત્રી. પુ. એ. વ. વરસાવ્યો. "હે મેઘ, જેમ તું કમળનાં વનોમાં ધારાઓની પરંપરાથી અસાધારણ વૃષ્ટિ કરે છે તેમ અર્જુન રાજાઓનાં કમળ જેવાં મુખો ઉપર હજારો બાણની વૃષ્ટિ કરતો હતો. 'બાણની વૃષ્ટિ' એ શબ્દે અર્જુનનું ધનુર્વિદ્યાનું કૌશલ બતાવ્યું છે."

૨ અન્વય:– **अभिमतरसां रेवतीलोचनांकां हालां हित्वा, बन्धुप्रीत्या समरविमुखः याः (सारस्वतीः अपः) सिषेवे तासां सारस्वतीनाम् अपाम् अभिगमम् कृत्वा (हे) सौम्य, त्वम् अपि अन्तःशुद्धः वर्णमात्रेण कृष्णः भविता ।**

अभिमतः रसः यस्याः सा अभिमतरसा (બહુ.) **ताम्** ખૂબ ગમતી. રેવતી બળરામની સ્ત્રીનું નામ છે. બળરામ કૃષ્ણના મોટા ભાઈ થાય. તેમને મદિરા પીવાનો ઘણો શોખ હતો. તેમની સ્ત્રી રેવતી પણ મદ્યની રસિયણ હતી. તેથી રેવતી હંમેશાં મદિરાપાનમાં બળદેવ સાથે રહેતી. તેથી મદિરામાં તેના નેત્રનું પ્રતિબિંબ પડતું. આથી જ કવિ મદિરાને **रेवती लोचनांकां** (રેવતીની આંખોના પ્રતિબિંબથી અંકિત થયેલી) કહે છે. **रेवत्याः लोचने एव अंकः यस्याः सा रे...का** (બહુ.) **ताम् हालां हित्वा**–મદિરા ત્યાગીને. **बन्धुप्रीत्या समरविमुखः** સંબંધીઓ ઉપરના સ્નેહને લીધે જેને લડાઈ પર અરુચિ ઉત્પન્ન થઈ છે તે.

सिषेवे-सेव्नुं પરોક્ષ ભૂત ત્રી. પુ. એ. વ. સેવન કર્યું. "જ્યારે મહાભારતનું યુદ્ધ થયું ત્યારે કૃષ્ણ પાંડવોના પક્ષમાં રહ્યા હતા. પરંતુ પાંડવો અને કૌરવો બંને મારે તો સમાન છે એમ માની બળરામે બંધુના વધના પાપમાંથી મુક્ત રહેવાને માટે સરસ્વતીના કિનારે જઈ વાસ કર્યો હતો." सारस्वतीनाम् अपाम्-સરસ્વતી નદીના (પવિત્ર) પાણીને. છંદ બેસાડવા માટે सरस्वती ને બદલે सारस्वती વાપરવું પડ્યું છે. સરસ્વતી-" હિમાલયના દક્ષિણ ભાગમાંથી નીકળી કુરુક્ષેત્રની ઉત્તર પશ્ચિમે વહે છે અને ગંગા તથા યમુનાના જેટલી જ પવિત્ર ગણાય છે. આગળ જતાં તે રણમાં પ્રવેશ કરી સમાઈ જાય છે. સમુદ્રને મળતી નથી. अधिगमं कृत्वा-પ્રાપ્ત કરીને, ત્યાં પહોંચીને. सौम्य-ભાઈ, વહાલથી બોલાવવા માટે વપરાય છે. अन्तःशुद्धः-અંદરથી શુદ્ધ,-શુદ્ધ અંતઃકરણવાળો. भविता भू ઉપરથી બનેલ નામ भवितृ નું પ્ર. એ. વ. ભવિષ્યકાળના અર્થમાં વપરાયું છે.

"આજે એ સરસ્વતીનાં જળને સેવતાં હે મેઘ ! તું તારી અંતઃશુદ્ધિ થવાથી-તારાં તમામ પાપનો નાશ થવાથી, માત્ર વર્ણમાં-રંગમાં શ્યામ રહેશે. અર્થાત્ અંતઃકરણ શુદ્ધ થવાથી તારાં તમામ પાપ નાશ થશે. માત્ર તારો કાળો વર્ણ નહિ બદલાય. આમ કહેવાથી સરસ્વતીના જળનું માહાત્મ્ય અને પવિત્રતા દર્શાવ્યાં છે."

૩. અન્વયઃ-तस्मात् अनुकनखलं शैलराजावतीर्णां सगरतनयवर्गसोपानपङ्क्तिं जह्नोः कन्यां गच्छेः या (जह्नोः कन्या) फेनैः गौरीवक्त्रभ्रुकुटिरचनां विहस्य; इन्दुलग्नोर्मिहस्त शंभोः केशग्रहणम् अकरोत् इव ।

આ શ્લોકથી હિમાલયના પ્રદેશનું વર્ણન શરૂ થાય છે. कनखलस्य समीपे अनुकनखलं (અવ્યયી.) કનખલ પાસે. ટીકાકાર મલ્લિનાથ તથા દક્ષિણાવર્તના મત પ્રમાણે કનખલ પર્વતનું નામ વાંચો: 'कनखल इति गंगाद्वारे कोऽपि पर्वतः' પણ એમ લાગે છે કે આ કનખલ

'હરદ્વારની પાસે આવેલું ગંગાના પશ્ચિમ કિનારા ઉપરનું ગામ છે જે અત્યંતપવિત્ર અને યાત્રાનું સ્થાન ગણાય છે. સ્કન્દપુરાણના ગંગા મહાત્મ્યમાં એને માટે આ પ્રમાણે લખેલું છે.

खलः को नात्र मुक्तिं वै भजते तत्र मज्जनात् ।
अतः कनखलं तीर्थं नाम्ना चक्रुर्मुनीश्वरः ॥

કયો ખલ પુરુષ આ સ્થાનમાં સ્નાન કરવાથી મુક્તિ પામતો નથી ? આટલા માટે મુનિઓએ એનું નામ. ક—ન—ખલ એવું આપેલું છે.... હરદ્વારની પાસેના આ સ્થાન આગળથી ગંગાનો પ્રવાહ શિવાલિક પહાડની કઢણોથી બહાર પડે છે તેથી આ સ્થાનને ગંગાદ્વાર કહેવામાં આવે છે. शैलानां राजा शैलराजः (ષ. ત.)–હિમાલય. तस्मात् अवतीर्णा–शैल...र्णां (પં. ત.) तां–હિમાલયમાંથી ઉતરી આવતી. सोपान પગથીયું. सोपानपंक्तिः–સીડી નીસરણી. सगरस्य तनयानां स्वर्गप्राप्त्यर्थं सोपानपंक्तिः सग.. क्तिः (ચ. તુ.) ताम् સગરના પુત્રોને સ્વર્ગમાં જવા માટે સીડી રૂપ.

સગર—"અયોધ્યાના સૂર્યવંશી બાહુ રાજાનો પુત્ર. તેને કશ્યપની પુત્રી સુમતિ અને વિદર્ભ રાજાની પુત્રી કેશિની નામની બે રાણીઓ હતી, જેમાંથી સુમતિથી તેને અસમંજસ નામે પુત્ર થયો અને કેશિનીથી બીજા ૬૦,૦૦૦ પુત્રો થયા. સગર રાજાએ અશ્વમેધ યજ્ઞ કરી તેનો અશ્વ છૂટો મૂકી પોતાના ૬૦,૦૦૦ પુત્રોને તેની રક્ષા કરવા મોકલ્યા. ઇન્દ્રે ઈર્ષાથી ગુપ્ત રીતે આ અશ્વને પાતાળમાં કપિલ મુનિ તપ કરતા હતા ત્યાં લઈ જઈને બાંધ્યો. અશ્વને શોધી કાઢવાને માટે સગરના પુત્રોએ પૃથ્વી ખોદી પાતાળમાં જવાનો માર્ગ કર્યો અને કપિલ મુનિને ચોર સમજી તેમના તપમાં ઉપરોધ કર્યો. આથી મુનિએ કોપીને તે બધા ૬૦,૦૦૦ પુત્રોને બાળી ભસ્મ કરી નાખ્યા. પછી અસમંજસના પુત્ર અંશુમાને તેમની શોધ કરી, તો સઘળાઓની

ભસ્મ પડેલી જોવામાં આવી. સ્વર્ગગંગાના જળથી આ રાખ ધોવાય તો એ સર્વેનો ઉદ્ધાર થાય એવો મુનિએ અનુગ્રહ કર્યો હતો તેથી, અંશુમાનના પૌત્ર અને દિલીપના પુત્ર ભગીરથે હજારો વર્ષ સુધી તપ કરી ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વીપર આણી પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો હતો. ભગીરથ રાજાએ પૃથ્વી પર આણી માટે ગંગા ભાગીરથી નામથી ઓળખાય છે અને એટલા માટેજ તેને આ શ્લોકમાં સગર-પુત્રોને સ્વર્ગનો માર્ગ આપનારી કહી છે." **जह्नो कन्यां**–ગંગા. આ માટે આગલા પાઠના ૧૮મા શ્લોક ઉપરનું અમારૂં ટીપણ જુઓ. **गच्छेः**–गम् નું વિધ્યર્થ બી. પુ. એ. વ. જજે. **फेनैः**– ફીણ વડે. **गौर्याः** (પાર્વતીના) **वक्त्रे भ्रुकुटिरचना** (ભ્રમર ચડાવવી તે, ગુસ્સે થવું તે) **गौरी...**ના (સ. ત.) **ताम्** (ગંગા પોતાની શોક છે એમ માની ગુસ્સે થયેલ.) પાર્વતીનું મુખ ભ્રમર ચડાવેલ થઈ જાય છે પાઠ્યપુસ્તકમાં **गारीवक्त्रभ्रूकुटि**–છાપ્યું છે તે ખોટું છે. **गौरीवक्त्रभ्रुकुटि'**–જોઈએ. સુધારી લો. **विहस्य**–હસી કાઢીને. **इन्दौ लग्ना ऊर्मयः एव हस्तौ यस्याः सा इन्दु लग्नोर्मिहस्ता** (બહુ.) ચંદ્રમાને સ્પર્શતા મોજાંરૂપી હાથ વડે. શંકરના મુકુટ ઉપર ચંદ્રમાનો વાસ છે. 'શંભુની જટા જેવા બરફના શિખરમાંથી ગંગાનો પ્રવાહ નીચે પડે છે. ત્યાં ફીણ સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી. આથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ગંગા જાણે ફીણરૂપી ધવલહાસ્યથી, શંભુના પોતાના ઉપરના અત્યંત પ્રેમથી, પોતાની સપત્ની ગારીની ચઢેલી ભમરને જાણે હસી કાઢતી હોય અને તરંગરૂપી હાથથી શંભુની જટામાંના ચન્દ્રને વિનોદમાં પકડી, ગૌરીને ઈર્ષા કરાવતી હોય તેવી દેખાય છે. ભગીરથ રાજાએ ગંગાને પૃથ્વીપર આણી ત્યારે ગંગાના ધોધનો ભાર પૃથ્વી ઝીલી નહિ શકે તેવા ભયથી શંકરે તેને પોતાની જટામાં ઝીલી લઈ ત્યાંથી પૃથ્વી પર વહેતી કરી, એ પુરાણકથા બહુ પ્રસિદ્ધ છે. આમાં કવિએ ગંગા અને ગૌરીના સ્વામિભાવની ઈર્ષા બતાવી છે."

૪. અન્વય:—व्योम्नि पश्चार्धलम्बी सुरगजः इव अच्छस्फटिकविशदं तस्याः अम्भः तिर्यक् पातुं त्वं तर्कयेः चेत्, सपदि स्रोतसि संसर्पन्त्या भवतः छायया असौ (गंगा) अस्थानोपगतयमुनासंगमा इव अभिरामा स्यात्।

व्योम्नि—व्योमन्‌નું સ. એ. વ. આકાશમાં पश्चाद् अर्धं पश्चार्धं (કર્મ, આ સમાસ पृषोदरादि વર્ગનો છે). तेन लम्बते असौ पश्चार्धलम्बी (ઉપ. ત.) પાછળ લંબાવીને. सुरगजः ઇન્દ્રનો હાથી, અથવા કોઈપણ દિગ્ગજ. अच्छस्फटिकः इव विशदं (કર્મ.) अच्छस्फटिकविशदं—શુદ્ધ સ્ફટિક જેવું સ્વચ્છ. तिर्यक्—નીચો નમીને तर्कयेः—तर्क्‌નું વિધ્યર્થ પરસ્મૈ બી. પુ. એ. વ. વિચાર કરે, ઇચ્છા રાખે. चेत्—જો सपदि—એકદમ संसर्पन्त्या छायया—પડતી છાયાને લીધે. अस्थाने (પ્રયાગથી બીજા સ્થળે) उपगतः यमुनया संगमः यया सा अस्थान...मा (બહુ.) "ગંગા અને યમુનાનો સંગમ પ્રયાગ–અલહાબાદ આગળ થાય છે. પણ મેઘની કાળી છાયાથી અડધું શ્યામ દેખાતું જળ જાણે ગંગા અને યમુનાનો અસ્થાને સંગમ થતો હોય તેવું દેખાશે." ગંગાનું પાણી શ્વેત છે જ્યારે યમુનાનું પાણી શ્યામ છે. अभिरामा—રમણીય, સુંદર.

૫. અન્વય:—आसीनानां मृगाणां नाभिगन्धैः सुरभितशिलं तस्याः (गंगायाः) एव प्रभवं, तुषारैः गौरम् अचलं प्राप्य, अध्वश्रमविनयने तस्य शृंगे निषण्णः (त्वं) शुभ्र...याम् शोभां वक्ष्यसि।

आसीनानां-आस् ગ. ૨. પ.ના વર્તમાન કૃ. નું પ. બ. વ. બેઠેલ मृगाणां—અહીં કસ્તુરી મૃગ લેવાનું છે. કસ્તુરી મૃગ હિમાલયનાં ઊંચાં શિખરો ઉપર ઘણાં મળી આવે છે. नाभिगन्धैः કસ્તુરીની ગન્ધથી. કસ્તુરી કસ્તુરી મૃગોની નાભિ (ડુંટી)માંથી ઉત્પન્ન થાય છે. सुरभिताः शिलाः यस्य सः सुरभितशिलः (બહુ.) तम् જેની શિલાઓ સુગંધિત (અથવા ઠંડી) થઈ છે તે. प्रभवः—ઉદ્‌ગમસ્થાન, મૂળ, तुषारैः—હિમથી, બરફથી, गौरं—શ્વેત

अचलं-પર્વત. **विनयने**-દૂર કરવું **अध्वनि यः श्रमः तस्य विनयनं अध्व-...नम्** (ષ. ત.) **तस्मिन्** મુસાફરીનો થાક ઉતારવા. **निषण्णः**-**नि+सद्** ગ. ૧. ૬. પ. નું કર્મણિ ભૂ. કૃ. પુ. પ્ર. એ. વ. બેઠેલો. **त्रीणि नयनानि यस्य सः त्रिनयनः** (બહુ.) ત્રણ આંખોવાળો; શિવ. **वृषः**-બળદ, શિવનો પોઠીઓ, નન્દી. **शुभ्र**-શ્વેત. **उत्खात**-ખોદી કાઢેલ. **शुभ्रः त्रिनयनस्य वृषः** (કર્મ.) **तेन उत्खातेन पंकेन सह उपमेया शुभ्र...या** (તૃ. ત.) **ताम्** શિવના શ્વેત પોઠીઆએ ખોદી કાઢેલ ગારા જેવી. **शोभां वक्ष्यसि**-શોભા ધારણ કરીશ. "હે મેઘ ! બરફથી ધોળા દેખાતા આ હિમગિરિપર જ્યારે તું વિશ્રામ લઈશ, ત્યારે તારા કાળા રંગને લીધે, એ શિખર ઉપર શંકરના નંદીએ જાણે પગથી ખણી કાળા રંગનો કાદવ ઉખાડ્યો હોય તેવો તું દેખાઈશ." **वक्ष्यसि**-**वह्**નું સામાન્ય ભવિષ્ય બી. પુ. એ. વ. ધારણ કરીશ.

૬. અન્વયઃ- **वायौ सरति (सति) सरलस्कन्धसंघट्टजन्मा उल्काक्षपितचमरीबालभारः दवाग्निः तं (हिमाद्रिं) बाधेत चेत्, एनं (दवाग्निं) वारिधारासहस्रैः अलं शमयितुम् अर्हसि; उत्तमानां संपदः हि आपन्नार्तिप्रशमनफलाः ।**

"આ શ્લોકમાં હિમાલયમાં વાંસ, દેવદાર વગેરે વૃક્ષોના પરસ્પર ઘસાવાથી અનેક વાર સળગી ઊઠતા અને અનેક વનોને બાળી ભસ્મ કરતા દાવાગ્નિનું વર્ણન છે." **वायौ सरति (सति)**-**सति** સપ્તમી-જ્યારે પવન ફૂંકાતો હોય ત્યારે. **सरल**-દેવદારનું વૃક્ષ. **स्कन्ध**-ડાળી. **संघट्ट**-ઘર્ષણ. **सरलानां स्कन्धाः** (ષ. ત.) **तेषां संघट्टेन जन्म यस्य सः सर...मा** (બહુ.) **चमरी**-"એ નામની ગાયો હિમાલયમાં ઘણી થાય છે, જેનાં પૂંછડાંની દેવમંદિરો વગેરેમાં વાપરવાની ચમરીઓ થાય છે. આ ગાયો અથવા જેને એક જાતનાં હરિણ પણ કહેવામાં આવે છે તેના પૂંછડાં ઉપર મોટો વાળનો ભારો હોય છે. તે પૂંછડાં કાપી લઈ

તેનાં ચામર બનાવવામાં આવે છે. ઘણું કરીને આ ટીબેટ તરફનાં યાક પ્રાણી હશે.' उल्का– જ્વાળા. उल्काभिः क्षपिताः (બાળી નખાયેલ) चमरीणां बालभाराः (વાળના ગુચ્છા) येन सः उल्का...रः (બહુ) બાંધેલ ચેત્. હેરાન કરે તો. अलम्–સંપૂર્ણ રીતે, પૂરેપુરો. शमयितुम् अर्हसि–ઠારી નાખજે, ઓલવી નાખજે. उत्तमानां– ઉત્તમ પુરુષોની, મહાત્માઓની. संपदः– સંપત્તિ. आपन्न–દુખી. आपन्नानाम् आर्तिः (ષ. ત.) तस्याः प्रशमनं एव फलं यासां ताः आप...लाः (બહુ) દુઃખી માણસોના દુઃખ શાંત કરવામાં જ જેનું પરિણામ છે તે. આ અર્થાન્તરન્યાસનો દાખલો છે. કોઈ વિશેષ વસ્તુનું સામાન્ય વસ્તુથી સમર્થન કરવામાં આવે ત્યારે અર્થાન્તરન્યાસ નામનો અલંકાર ગણાય છે. દાવાગ્નિ સળગી ઉઠતાં ચમરીઓ ભયભીત થઈને નાસે છે. કારણકે પૂછડાંપર અત્યંત વાળ હોવાથી તણખા ઉડતાં તે સળગી ઉઠે છે, માટે યક્ષ કહે છે કે "હે મેઘ! જો ત્યાં આવો અગ્નિ સળગતો તું દેખે તો તારી હજારો જળની ધારાઓ વર્ષાવી તેને તું શાન્ત કરજે; કારણ કે દુઃખીનું દુઃખ કાપવું એજ મહાત્માની સંપત્તિનું ફળ છે. અર્થાત્ દાવાગ્નિ શમાવી હજારો પશુપક્ષી, તરુ, આદિનો ઉપર ઉપકાર કરવામાં તારી જળરુપી સમૃદ્ધિનો તું ઉપયોગ કરજે." હિમાલયના ભયંકર અગ્નિનું કાલિદાસે પોતાના ઋતુસંહાર નામના કાવ્યમાં ઘણું જ હૃદયદ્રાવક વર્ણન આપેલ છે.

૭. અન્વય:– तस्मिन् (हिमाद्रौ) संरम्भोत्पतनरभसाः ये शरभाः मुक्ताध्वानं भवन्तं सपदि स्वांगभंगाय लंघयेयुः तान् तुमुलकरकावृष्टिपाताविकीर्णान् कुर्वीथाः; निष्फलारम्भयत्नाः के वा परिभवपदं न स्युः ।

संरम्भः–ક્રોધ रभसः–વેગ. संरम्भेण उत्पतने रभसःयेषां ते संर...साः (બહુ.) ક્રોધને લીધે વેગથી આવતા. शरभाः–"એમ કહેવામાં આવે છે કે આ શરભ સિંહના કરતાં પણ વધારે બળવાન આઠ પગનાં

પ્રાણી છે જે હિમાલયમાં ઘણાં થાય છે. તે સિંહની પેઠે મેઘને ગર્જતો દેખી ઈર્ષાથી મોટી છલંગો મારી તેની તરફ કૂદે છે. મલ્લિનાથ આને આઠ પગવાળાં મૃગ જાતિના પ્રાણી કહે છે, પરંતુ એની ખરી હકીકત કોઈ સ્થળે જોવામાં આવતી નથી." કોઈ **शरभ** નો અર્થ 'તીડ' આપે છે. **मुक्तः अध्वा येन सः मुक्ताध्वानः** (બહુ.) **तम्**–માર્ગને વટાવી ગયેલ. **लंघयेयुः–लंघ्** નું વિધ્યર્થ ત્રી. પુ. બ. વ. ઓળંગે **तुमुलाः करकाः** (કરા) **तेषां वृष्टिपातेन अवकीर्णाः तुमु...र्णाः** (તૃ. ત.) **तान्**–મોટા કરાનો વરસાદ પડવાથી વિખરાયેલા **कुर्वीथाः–कृ**નું વિધ્યર્થ બી. પુ. એ. વ. કરજે. "હે મેઘ, જો આ પ્રાણીઓ તને ઉપદ્રવ કરવા માટે આવે તો તેમના ઉપર મોટા મોટા કરાઓનો વરસાદ વરસાવી તું તેમને નસાડી દેજે." **आरम्भेषु यत्नः आरम्भयत्नः** (સ. ત.) **निष्फलः आरम्भयत्नः येषां ते निष्फल...नाः** (બહુ.) જેમનો કાર્યનો પ્રયત્ન નિષ્ફળ છે તે, નિષ્ફળ કાર્યનો આરંભ કરતા. **के परिभवपदं न स्युः** કોની હાંસી ન થાય? કોણ અપમાન ન પામે? " When words like पात्र, आस्पद, स्थान, पद, प्रमाण, भाजन, are used as predicatives, they are always in the singular number and neuter gender, though the subject be of any number of gender, and the verb agrees with the subject, and not with the predicative noun, whatever be its position." Apte. **स्युः–अस्** ગ. ૨. પ. નું વિધ્યર્થ ત્રી. પુ. બ. વ. "આ શ્લોકના ઉત્તરાર્ધમાં એક બોધક અર્થાન્તરન્યાસ અલંકાર છે. મેઘ અત્યંત ઉંચે છે છતાં તેને મારવાને માટે ઠાલા કુદકા મારતાં શરભ પ્રાણીઓ પોતાનાં અંગ ભાંગે છે–તે પ્રમાણે પોતાના ગજા ઉપરાંતના, તથા જેમાં કંઈ જ ફળ થવાનો સંભવ નથી, એવા ઠાલા પ્રયત્નો કરતાં કોણ હાંસીને પાત્ર નથી થતું?"

૮. અન્વય:– तत्र (हिमाद्रौ) दृषदि व्यक्तं शश्वत् सिद्धैः उपचितबलिं अर्धेन्दुमौलेः चरणन्यासं भक्तिनम्रः (सन्) परीयाः, यस्मिन् (चरणन्यासे) दृष्टे उद्धूतपापाः श्रद्दधानाः करणविगमात् ऊर्ध्वं स्थिरगणपदप्राप्तये कल्पिष्यन्ते ।

दृषदि व्यक्तं–પત્થર ઉપર સ્પષ્ટ દેખાતાં. शश्वत्–હંમેશાં सिद्धैः–સિદ્ધ પુરુષોથી, યોગીઓથી. उपचितबलिं=रचितपूजाविधिम्. अर्धश्चासौ इन्दुश्च अर्धेन्दुः (કર્મ.) सः मौलौ यस्य सः अर्धे...लिः (બહુ.) तस्य શંકરના. શંકરના માથા ઉપર અર્ધચંદ્ર હોય છે. चरणन्यासं–પગલાં. "હરદ્વારની પાસે હરકપાયરી નામે સ્થાન છે તે આ હશે. અહીંઆ શંભુનાં પગલાં છે અને તે મહાપવિત્ર સ્થાન ગણાય છે. શંભુરહસ્યમાં આ સ્થાનને શ્રીચરણન્યાસ કહે છે." भक्त्या नम्रः भक्तिनम्रः–ભક્તિથી નમ્ર થઈને. परीयाः– परि+इ નું વિધ્યર્થ બી. પુ. એ. વ. પ્રદક્ષિણા કરજે. उद्धूतपापाः–જેમનાં પાપ નાશ પામ્યા છે ને. श्रद्धानाः–શ્રદ્ધાળુ લોકો. करणस्य (દેહના) निगमात् ऊर्ध्वं–દેહ પડી ગયા પછી, મરણ પામ્યા પછી. स्थिरं गणानां पदं तस्य प्राप्तिः स्थिर...प्ति (ષ. ત.) ગણના શાશ્વત પદને મેળવવા માટે. कल्पिष्यन्ते–कॢप् ગ. ૧. આ.નું સામાન્ય ભવિષ્ય ત્રી. પુ. બ. વ. આશા રાખે છે. कॢप् આ અર્થમાં ચતુર્થી લે છે. "આ પવિત્ર શંભુનાં પગલાંનાં દર્શન કર્યાથી શ્રદ્ધાવાન લોકો દેહમુક્ત થયા પછી મુક્તિ મેળવી શિવના ગણના પદને પામે છે. શ્રદ્ધાયુક્ત ભક્તિ વિના મુક્તિ નથી થતી. માટે હે મેઘ ! તું ભાવથી તેની પ્રદક્ષિણા કરી અભિવંદન કરજે, જેથી તારાં તમામ પાપ નષ્ટ થઈ જશે."

૯. અન્વય: अनिलैः पूर्यमाणाः कीचकाः मधुरं शब्दायन्ते; संरक्ताभिः किन्नरीभिः त्रिपुरविजयः गीयते; कन्दरेषु ते निह्रादः मुरजे ध्वनिः इव स्यात् चेत् तत्र पशुपतेः संगीतार्थः ननु समग्रः भावी ।

"આ શ્લોકમાં ભમરાઓએ કોરેલા સૂકા વાંસમાં પવન ભરા-

વાથી પર્વતોમાં વાંસળીના જેવા ધ્વનિ સંભળાય છે તેનું મનોહર વર્ણન છે. આ વાંસળીના જેવા વાંસના મધુર શબ્દો સાથે મળીને કિંનર લોકની સ્ત્રીઓ, શિવે ત્રિપુરાસુરને જીત્યો હતો તેના વિજયનાં ગીત ગાતી હશે એમ કહેવાનું તાત્પર્ય છે. આ વાંસળીના નાદ સાથે ગવાતાં ગાયનમાં હે મેઘ! ગિરિગુફાઓમાં પડઘા પામતી તારી ગર્જનારૂપી મૃદંગોથી શંભુના યશોગાનનો રંગ બરાબર જામી રહેશે. હિમાલય પર્વતમાં થતા આ કુદરતી સ્વરોનું કાલિદાસે ઘણે સ્થળે વર્ણન કર્યું છે. જુઓ કુમારસંભવ,

य: पूरयन्कीचकरन्ध्रभागान् दरीमुखोत्थेन समीरणेन ।
उद्गास्यतामिच्छति किन्नराणां तानप्रदायित्वमिवोपगन्तुम् ॥"

વળી રઘુવંશમાં પણ-

सकीचकैर्मारुतपूर्णरन्ध्रैः कूजद्भिरापादितवंशकृत्यम् ॥"

पूर्यमाणाः-पूर् ગ. ૧૦. નું કર્મણિ વ. કૃ. પુ. બ. વ. ભરાતા कीचकाः-સૂકા વાંસ. शब्दायन्ते-शब्द ઉપરથી બનેલ નામ-ધાતુનું વર્તમાન ત્રી. પુ. બ. વ. અવાજ કરે છે. संरक्ताभिः-મધુર કંઠવાળી. त्रयाणां पुराणां समाहारः त्रिपुरम् (દ્વિગુ) तस्यः विजयः त्रिपुरविजयः (ષ ત.) આ ત્રણ નગરો ઉપર ત્રિપુરાસુર રાજ્ય કરતો હતો; તેને મારીને શંકરે આ ત્રણેય નગરોને ભસ્મીભૂત કર્યાં હતાં. कन्दरेषु-ગુફાઓમાં निह्लादः- ગર્જના मुरजे-તબલાં ઉપર संगीतार्थः- સંગીત વસ્તુ; જલસો समग्रः- સંપૂર્ણ. संगीतं-गीतं वाद्यं नर्तनं च त्रयं संगीतमुच्यते भावी=भविष्यति-થશે.

૧૦ અન્વય :- प्रालेयाद्रेः उपतटं तान् तान् विशेषान् अतिक्रम्य हंसद्वारं भृगुपतियशोवर्त्म यत् क्रौंचरन्ध्रम् तेन बलि नियमनाभ्युद्यतस्य विष्णोः श्यामः पादः इव तिर्यगायामशोभी (त्वम्) उदीचीं दिशम् अनुसरेः ।

प्रालेयाद्रेः=हिमाद्रेः= હિમાલયના. तटस्य समीपे उपतटम् (અવ્યયી.) ઢોળાવ ઉપર तान् तान्–તે તે; જૂદી જૂદી જાતના. विशेषान्–ખાસ, જોવા લાયક પદાર્થો. अतिक्रम्य–ઓળંગીને प्राले...हंसद्वारं–"હિમાલય પર્વતની આવી અનેક પ્રકારની કુદરતની લીલા જોતો જોતો તું તેને હંસદ્વારમાંથી ઓળંગી જજે." "હંસદ્વાર–કૈલાસથી દક્ષિણ તરફ આવવાને માટે હિમાલયના અગમ્ય પહાડમાંથી એક છિદ્ર પાડેલું છે. જેને હંસદ્વાર અથવા ક્રૌંચરન્ધ્ર કહે છે. એક પુરાણકથા એવી છે કે ભગવાન શિવ પાસે ધનુર્વિદ્યા શીખ્યા પછી કાર્તિકસ્વામીની સાથે સ્પર્ધામાં પરશુરામે એક બાણ મારી હિમાલયના ઉંચા પહાડને માટીના પિંડની પેઠે આરપાર વીંધી નાખ્યો હતો અને ઉત્તરથી દક્ષિણ તરફ આવવાનો માર્ગ કરી આપ્યો હતો આથી તેને પરશુરામના (भृगुपति) યશનો માર્ગ કહેલો છે. પક્ષી પણ ન ઓળંગી શકે એવાં હિમાલયનાં અગમ્ય શિખરોને વટાવી ન શકવાથી માનસ સરોવર પર જનારા હંસો આ દ્વારમાંથી ઉતર તરફ ચાલ્યા જાય છે માટે એને હંસદ્વાર કહે છે. મહાભારતમાં આને ક્રૌંચગિરિ કહે છે જે મેરૂથી ઉત્તર તરફ આવેલો છે એમ કહેવાય છે." हंसाना द्वारम् हंसद्वारम् (ષ. ત.) भृगुपतेः (જમદગ્નિના પુત્ર પરશુરામના) यशसः वर्त्म भृगुपतियशोवर्त्म (ષ. ત.) પરશુરામની કીર્તિ સૂચવતા. बलेः नियमने अभ्युद्यतः बल...तः (સ. ત°) तस्य. "ભગવાન વિષ્ણુએ વામન અવતારમાં બલિ નામના દૈત્યને એક પગથી પાતાળમાં ચાંપી દીધો હતો એ પુરાણવાર્તા સુપ્રસિદ્ધ છે." આ બલિરાજા મહાન વિષ્ણુભક્ત પ્રહ્લાદનો પૌત્ર થતો હતો. તેણે ઈન્દ્રાસન લેવા માટે સો અશ્વમેધ યજ્ઞ કરવાનું નક્કી કર્યું હતું. જ્યારે તે સોમો અશ્વમેધ કરતો હતો ત્યારે વિષ્ણુ ભગવાને વામન રૂપ લઈને તેની પાસે ત્રણ પગલાં પૃથ્વી માગી. તેના ગુરુ શુક્રાચાર્યે આ આપવાની ના પાડી છતાં પણ બલિરાજાએ દાનનો સંકલ્પ કર્યો. સંકલ્પ થતાં વેંત જ વિષ્ણુ ભગવાને વિરાટ સ્વરૂપ

ધારણ કર્યું અને બે પગલામાં આકાશ અને પૃથ્વીને માપી લીધાં. ત્રીજું પગલું તેણે બલિરાજાના શરીર ઉપર મૂક્યું અને તેને પાતાળમાં ઉતારી દીધો. આ વાતનો અહીં ઉલ્લેખ છે. तिर्यगायामशोभी વાંકા થઈને વિચરવાથી શોભતો. उदीचीं दिशम्–ઉત્તર દિશા. अनुसरेः– अनु+सृ નું વિધ્યર્થ બી. પુ. એ. વ. જજો...तेन विष्णोः "હે મેઘ! તું કૈલાસ જવાને માટે વાંકા વળી લાંબો થઈ આ ક્રૌંચ માર્ગમાં પેસી ઉત્તરે જવા માંડીશ ત્યારે બળિદમન વખતે લાંબા કરેલા ભગવાન વિષ્ણુના શ્યામ પગ જેવો શોભાયમાન દેખાઈશ."

૧૧. અન્વયઃ–ऊर्ध्वं च गत्वा दशमुखभुजोच्छ्‌वासितप्रस्थसंधेः त्रिदशवनितादर्पणस्य कैलासस्य अतिथिः स्याः, यः (कैलासः) कुमुदविशदैः शृंगोच्छ्रायैः खं वितत्य प्रतिदिनं राशीभूतः त्र्यम्बकस्य अट्टहासः इव स्थितः।

ऊर्ध्वं च गत्वा–આગળ જઈને, दशमुखस्य (=રાવણની) भुजैः उच्छ्‌वासिता प्रस्थानां (શિખરોના) संधयः यस्य सः दश...संधिः (બહુ.) तस्य–રાવણના હાથેથી જેના શિખરોના સાંધા ઢીલા પડી ગયા છે તે. "પૂર્વે પોતાના ભાઈ કુબેર પાસેથી પુષ્પક વિમાન છિનવી લેવાને માટે રાવણે અલકા ઉપર હુમલો કર્યો હતો. અને કૈલાસને ઊંચકી અલકાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. રાવણના આવા પ્રયત્નથી કૈલાસ હાલી ગયો હતો. આ પુરાણકથાનું કવિએ અત્રે સૂચન કરેલું છે." त्रिः दश परिमाणम् एषां ते त्रिदशाः (સંખ્યા બહુ.) દેવતાઓ. त्रिदशानां वनिताः तासां दर्पणम् त्रिदश...णम् (ષ. ત.) तस्य દેવતાઓની સ્ત્રીઓના દર્પણ જેવા. આ કૈલાસનું વિશેષણ છે. બરફથી અત્યંત ધવલ દેખાતા કૈલાસને દેવસ્ત્રીઓનું દર્પણ કલ્પ્યો છે. દક્ષિણાવર્ત કહે છે કે આ વિશેષણ અયોગ્ય છે કારણ કે "मेघवातस्पर्शाद् दर्पणस्यान्धीभावात्" વળી તે જ કહે છે: "कैलासस्य महत्तया

मालिन्यं न संभवतीति" कुमुदविशदैः કુમુદ જેવા ધોળાં. રાતે ખીલતાં કમળને કુમુદ કહે છે. शृंगोच्छ्रायैः–ઊંચા શિખરોથી. खं=આકાશ वितत्य–ઘેરીને–दिने दिने प्रतिदिनं (અવ્યયો.) હંમેશ. राशीभूतः–च्वि રૂપ છે–ઢગલો થયેલ. त्र्यम्बकस्य = त्रिनेत्रस्य = શિવના अट्टहासः– મોટેથી હસવું તે; "અત્યંત ઊંચાં ગયેલાં અને બરફથી નિરંતર ધોળાં દેખાતાં શિખરોથી આકાશને ઘેરીને ઉભેલો કૈલાસ જાણે શંકરના અટ્ટહાસનો મોટો ઢગલો થયો હોય તેવો દેખાય છે. ધવળદંતની પ્રભાથી હાસ્યને કવિઓ ધવળરૂપે વર્ણવે છે. ઊંચાં, ધોળાં આકાશને ઘેરતાં શિખરો ઇત્યાદિથી કવિએ હિમાલયની ઉંચાઈ અને વિશાળતા દર્શાવી છે."

૧૨ અન્વયઃ–स्निग्धभिन्नांजनाभे त्वयि तटगते (सति) सद्यःकृत्त-द्विरददशानच्छेदगौरस्य तस्य अद्रे मेचके वाससि अंसन्यस्ते सति हलभृतः इव स्तिमितनयनप्रेक्षणीयां शोभां भवित्रीम् उत्पश्यामि। स्निग्ध–ચીકણો भिन्न–ચૂર્ણ કરેલ. स्निग्धं भिन्नं च यद् अंजनं तस्य आभा इव आभा यस्य: सः स्निग्ध...भः (બહુ.)तस्मिन् ચીકણા, ચૂર્ણ કરેલ અંજનના જેવા. कृत्त–કાપેલ. द्विरद–હાથી. दशन–દંતશળ. गौर–શ્વેત. सद्यः कृत्तस्य द्विरदस्य दशनस्य छेदवत् गौरः सद्यः...गौरः (કર્મ.) तस्य. અહીં કવિએ ઊંચે આકાશમાં પ્રસરતા કૈલાસને તાજા વહેરી કાઢેલા હાથીના દાંતની સાથે સરખાવ્યો છે. मेचके वाससि अंसन्यस्ते सति– ખભા ઉપર કાળું (मेचक) વસ્ત્ર ધારણ કર્યું હોય ત્યારે. हलभृतः– બળરામની. કૃષ્ણના મોટા ભાઈ બળરામનું હથિયાર હળ છે. શ્વેતવર્ણના બળરામ કૈલાસ જેવા છે જ્યારે તેમનું શ્યામ વસ્ત્ર અંજન જેવા શ્યામ મેઘ જેવું છે. "હે મેઘ ! એ કૈલાસના શિખર ઉપર મેશ–કાજળના જેવા રંગનો તું બેસીશ ત્યારે જાણે ગૌરવર્ણના હલધર–બળભદ્ર પોતાના ખભા ઉપર શ્યામ વસ્ત્ર ધરીને ઉભા હોય તેવો એ ગિરિ શોભા રહેશે.

આજ વર્ણનની સંપૂર્ણ છાયા ભારવિના કિરાતાર્જુનીયમાં છે. નીચેથી વિસ્તારવાળો અને આકાશમાં ઉંચે જતાં પાતળો પાતળો થતો, હાથીના દાંત જેવો ઉજ્જવળ કૈલાસ અને તેના ઉપર ચઢતો શ્યામ વર્ણનો મેઘ, ઇત્યાદિ કવિની મનોહર કલ્પનાનું ખરું સ્વરુપ, આપણે જાણે એનાથી પણ ઊંચેથી દૃષ્ટિ કરી નીચે જોઈએ છીએ એમ કલ્પીએ ત્યારેજ યથાર્થ રીતે સમજાશે.'' स्तिमित–સ્થિર, અનિમેષ. स्तिमिताभ्यां नयनाभ्यां प्रेक्षणीया स्ति...या (તૃ. ત.) ताम् અનિમેષ આંખોથી જોવા જેવી. प्रेक्षणीय–प्र+ईक्ष् નું વિધ્યર્થ કૃદંત. भवित्रीं=भाविनीं= ભવિષ્યમાં થનારી. भवित्रीं शोभां उत्पश्यामि–(એવી) શોભા થશે એમ મને લાગે છે.

૧૩. અન્વય:–तस्मिन् क्रीडाशैले भुजगवलयं हित्वा शंभुना दत्तहस्ता गौरी पादचारेण च विहरेत् यदि, अग्रयायी स्तम्भितान्तर्जलौघः भंगीभक्त्या विरचितवपुः (त्वं) मणितटारोहणाय सोपानत्वं कुरु ।

क्रीडाशैले–ક્રીડાપર્વત. કૈલાસ ઉપર. भुजगः एव वलयः भुजगवलयः (કર્મ.) સર્પરૂપી કંકણ (અથવા કડું). हित्वा–છોડી દઈને, ત્યાગીને. "શંકર હાથે સર્પનાં આભૂષણ પહેરે છે. પાર્વતીને આ સર્પના આભૂષણોથી ભીતિ લાગે, તે માટે પાર્વતીનો હાથ પકડતાં પહેલાં શંકર તે કાઢી નાખે છે. આથી ગૌરીનું સ્ત્રી–સ્વભાવને યોગ્ય મધુર ભીરુત્વ સૂચવ્યું છે અને શંકરની દેવીસેવાપરાયણતા બતાવી છે. ત્રિભુવન પતિ શંકર જેવા પણ જેની સેવામાં તત્પર રહે છે. એમ જણાવી અહીં કવિએ પાર્વતીનું અત્યંત સૌભાગ્ય દર્શાવ્યું છે.'' दत्तः हस्तः यस्यै सा दत्तहस्ता (બહુ.) (શંભુએ) જેને (પોતાનો) હાથ (પકડવા) આપ્યો છે એવાં (પાર્વતી); શંભુનો હાથ ઝાલી. पादचारेण विहरेत् यदि–જો પગે ચાલતાં જતાં હોય તો. अग्रे याति असौ अग्रयायी (ઉપ. ત.) આગળ ચાલનાર. स्तम्भितः अन्तः जलस्य ओघः

(समूह) यस्यः सः स्त...घः (બહુ.) (તારી) અંદરના પાણીના સમૂહને થંભાવીને. કારણ કે નહિતર પાર્વતીને કદાચ ઠંડી લાગી જાય. भंगीभक्त्या–પગથિયાના આકારમાં. विरचितं वपुः यस्य सः विरचित-वपुः (બહુ.) શરીર ગોઠવીને. मणितटारोहणाय–મણિતટ ઉપર ચડવા માટે. मणितट–"ક્રીડા પર્વત પર બાંધેલા સ્ફટિક, મણિ ઇત્યાદિના જુદા જુદા વિભાગ." सोपानत्वं कुरु–પગથિયાં રૂપ બનજે; "પર્વતમાં ચાલતાં રખેને ઠોકર વાગે એવા ભયથી શંભુએ આપેલા હસ્તનું અવલંબન કરી ગૌરી પગે ચાલતાં હોય, તો તું પગથીયાં રૂપે થજે એમ કહેવાનો ભાવ છે. પર્વત જેવા ઊંચાનીચા પ્રદેશમાં સંભાળવા છતાં પણ સુકુમાર સ્ત્રી–જાતિને સ્ખલન પામવાનો સંભવ રહે છે; તે વખતે તેમને આધાર અને આનંદરૂપ થઇ પડે તેમ પોતાના હાથનું અવલંબન આપવું, એ પુરુષની સ્ત્રી પ્રત્યેની કોમળવૃત્તિ અને ફરજ છે." પ્રીન્સાપાલ કરમરકર दत्तहस्ता ઉપર નોંધ આપે છે:–"Even this peculiarly European custom seems to have an Indian origin after all !" છેલ્લી બે લીટીનો ભાવાર્થ:– "હે મેઘ ! જો તું આ પ્રમાણે ગૌરીને ચાલતાં જુએ, તો તારાં વાદળાંને પાણી ન ઝરી જાય તેમ, પગથીયાંની પેઠે બરાબર ગોઠવીને એમને માર્ગની અનુકળતા કરી આપી એમની સેવા બજાવજે; આમ કરવાથી શંકર પાર્વતીના પગનો સ્પર્શ પામતાં તું તારા જન્મનું સાફલ્ય પામીશ એવો ધ્વનિ છે."

૧૪. અન્વયઃ–तत्र अवश्यं सुरयुवतयः वलयकुलिशोद्घट्टनोद्गीर्णतोयं त्वां यन्त्रधारागृहत्वं नेष्यन्ति । (हे) सखे, घर्मलब्धस्य तव ताभ्यः मोक्षः यदि न स्यात् (तदा) क्रीडालोलाः ताः श्रवणपरुषैः गर्जितैः भाययेः ।

अवश्यं–જરૂર, ચોક્કસ. सुरयुवतयः–દેવતાઈ યુવતીઓ, સ્વર્ગલોકની યુવતીઓ. वलय–કંકણ कुलिश–અણી. उद्घट्टन–ઘસવું તે. उद्गीर्ण–

બહાર કઢાયેલ. **वलयानां कुलिशैः उद्घट्टनानि तैः उद्गीर्णं तोयं येन सः वलय...यः** (બહુ.) तम्. કવિ કહે છે: "હે મેઘ, તું જલપૂર્ણ છે, તેથી પોતાનાં કંકણોની ધારો–અણીઓ અથવા કંકણોમાં જડેલાં રત્નોની અણીઓ તારા અંગ પર ઘસીને અર્થાત્ તે વડે તારા અંગમાં છેદ પાડીને, અંદરથી જળની ધારાઓ કાઢીને સુરયુવતીઓ–શિવપૂજન અર્થે અથવા વિહારાર્થે કૈલાસમાં આવેલી દેવતાઓની યૌવનોન્મત્ત સ્ત્રીઓ–સ્નાન માટે તને ફુવારો બનાવશે અર્થાત્ ગ્રીષ્મના અંતમાં તું ત્યાં જાય છે (**घर्मलब्धस्य**) તેથી પોતાના અંગનો તાપ શમાવવાને માટે તારા અંગમાંથી ઉપર કહ્યા પ્રમાણે ધારાઓ ઉરાડી તેઓ સ્નાન કરશે." **यन्त्रधारागृहम्**–યન્ત્રથી બનાવેલ ફુવારો. અહીં ફુવારો 'Shower-bath'ના અર્થમાં છે. **नेष्यन्ति**–नी નું સામાન્ય ભવિષ્ય ત્રી. પુ. બ. વ. **घर्मे लब्धः घर्मलब्धः** (સ. ત.) **तस्य**. ઉનાળામાં મેળવાયેલ. **मोक्षः**–છૂટકારો: **क्रीडायां लोलाः क्रीडालोलाः** (સ. ત.) ક્રીડાસક્ત, રમતિયાળ. **श्रवणपरुषैः गर्जितैः**–કાન ફાડી નાખે તેવી ગર્જનાઓથી. **भाययेः**–भी ના પ્રેરકનું પરસ્મૈ વિધ્યર્થ બી. પુ. એ. વ. બીવડાવજે. "હે મેઘ! તારી સાથે આમ વિનોદમાં પડે અને તને જવા ન દે, તો તું એમને ભયંકર ગર્જનાઓ કરી બીવડાવી નસાડજે. અહીં ગર્જનાથી ડરી જવારૂપ સ્ત્રીઓના મનની સ્વાભાવિક કોમળતા બતાવી છે."

૧૫. અન્વયઃ–(**हे**) **जलद, मानसस्य हेमाम्भोजप्रसवि सलिलम् आददानः, ऐरावतस्य क्षणमुखपटप्रीतिं कामं कुर्वन्, कल्पद्रुमकिसलयानि अंशुकानि इव वातैः धुन्वन्, नानाचेष्टैः ललितैः तं नगेन्द्रं निर्विशेः।**

मानसस्य–માનસરોવરનું. આ માનસરોવરના પાણીમાં સોનાનાં કમળ ઉગે છે તેમ પરંપરાથી માનવામાં આવે છે. તેથી જ કવિ કહે છે **हेमाम्भोजप्रसवि सलिलम्. हेम्नः अम्भोजानां प्रसवि हेमा...वि**

(પ. ત.) સોનાનાં કમળને ઉત્પન્ન કરનાર. आददानः आ + दा ગ. ૩. આ. નું વ. કૃ. પુ. પ્ર. એ. વ. લઈને. ऐरावत–ઇન્દ્રના હાથીનું નામ છે. क्षणे मुखे पटेन प्रीतिः क्षण...तिः (તૃ. ત.) ताम् એક ક્ષણ માટે મુખ ઉપર લૂગડાં જેવો થઈને (कुर्वन्), ઐરાવતના મુખના ઢાંકણરૂપ થઈને. હાથીઓનેઆ બહુ ગમે છે. कामम्–તારી ઇચ્છા પ્રમાણે. कल्पद्रुम–ઇચ્છા પ્રમાણે ફળ આપનાર વૃક્ષ. कल्पद्रुमस्य किसलयानि कल्प...नि (પ. ત.) કલ્પવૃક્ષની કોમળ કુંપળો. अंशुकानि इव–રેશમી વસ્ત્રની જેમ. धुन्वन् ધુ–ગ. ૫. ઉ. નું પરસ્મૈ વ. કૃ. પુ. પ્ર. એ. વ. ઝુલાવતો, હલાવતો. वातैः–પવનથી. "રેશમની ધ્વજાઓ હોય તેવાં કલ્પવૃક્ષનાં કિસલયો ઝુલી રહેવાથી, અલકામાં પ્રવેશ કરતાં જાણે તારા સન્માનને માટે કુદરતી વાવટાઓ બાંધ્યા હોય તેવી શોભા થઈ રહેશે, એમ કહેવાનું તાત્પર્ય છે." नाना चेष्टा येषु तानि नानाचेष्टानि (બહુ.) तैः વિધવિધ ચેષ્ટાવાળી. ललितैः–ક્રિયાઓથી. तं नगेन्द्रं–તે પર્વતરાજનો. निर्विशेः– निर् +विश् ગ. ૬. પ. નું વિધ્યર્થ બી. પુ. એ. વ. ઉપભોગ કરજે, મ્હાલજે. "હે મેઘ ! આ પ્રમાણે વિવિધ શોભા જોતો અને નાના પ્રકારની ચેષ્ટા કરતો તું એ પર્વતમાં મ્હાલજે–ઇચ્છા પ્રમાણે વિહાર કરતો ફરજે. મિત્રના ઘરમાં ઇચ્છા પ્રમાણે સ્વતંત્રતાથી ફરવું હરવું એ જ મૈત્રીનું ફળ છે. કૈલાસ યક્ષને રહેવાનો પ્રદેશ હોવાથી મિત્રનું સ્થાન ગણાય, અથવા તો મેઘને અને પર્વતને સહજ મૈત્રી હોવાથી પણ મિત્રનું સ્થાન કહેવાય, માટે ઉભયપક્ષે એ સ્થાનમાં તારે યથેચ્છ વિહાર કરવામાં સંકોચ રાખવો નહિ."

Questions:—

(1) Solve:–क्षत्रप्रधनपिशुनं, गांडीबन्धवा, रेवतीलोचनांकां, अभिमतरसां, अनुकनखलं, सगरतनयस्वर्गसोपानपंक्तिम्, गौरीवक्त्रभ्रुकुटिरचनां, इन्दुलग्नोर्मिहस्ता, पश्चार्धलम्बी, सुरभितशीलं, अध्वश्रमविनयने,

शुभ्रत्रिनयनवृषोत्खातपंकोपमेयाम्, सरलस्कन्धसंघट्टजन्मा, उल्काक्षपितचमरीबालभारः, आपन्नार्तिप्रशमनफलाः, मुक्ताध्वानं, तुमुलकरकावृष्टिपातावकीर्णान्, निष्फलारंभयत्नाः, भक्तिनम्रः, उद्धूतपापाः, उपतटम्, भृगुपतियशोवर्त्म, दशमुखभुजोच्छ्वासितप्रस्थसंधेः, त्रिदशाः, प्रतिदिनम्, त्र्यंबकः, स्निग्धभिन्नांजनाभे, सद्यः ... गौरस्य, स्तिमित...यां, विरचितवपुः, स्तंभिः...घः, अग्रयायी, वलय...तोयं, नानाचेष्टेः.

(2) Recognise:–भजेथाः, भविता, तर्कयेः, आसीनानां, निषण्णाः, लंघयेयुः, कुर्वीथाः, परीयाः, कल्पिष्यन्ते, श्रद्दधानाः, शब्दायन्ते, पूर्यमाणाः, अनुसरेः, राशीभूतः, भाययेः, धुन्वन्, निर्विशेः.

(3) Write a short note on the use of the potential tense (विध्यर्थ).

(4) Point out the geographical situation of the following:–ब्रह्मावर्त, कनखल, कैलास.

(5) What do you know about:–चमरी, शरभ, हंसद्वार, किन्नर ?

(6) Explain the allusions in verses 2, 3, 4, 10.

(7) Remember:–आपन्नार्तिप्रशमनफलाः संपदो ह्युत्तमानाम् ।–के वा न स्युः परिभवपदं निष्फलारंभयत्नाः ।

(8) Change into primitive form or *vice versa*: (1) क्रीडालोलाः श्रवणपरुषैर्गर्जितैर्भाययेस्ताः । (2) नानाचेष्टैः ललितैः निर्विशेः तं नगेन्द्रम् । (3) उत्पश्यामि शोभामद्रेः स्तिमितनयनप्रेक्षणीयाम् ।

(9) Translate into Sanskrit:-Having enjoyed every conceivable pleasure in this world, this lord of men has become tired of this deceitful and illusory world. He is now for the renunciation of all worldly pleasures for he says, "After all, pleasures are not positively pleasant; they are in a way nothing but the absence of pain."

(10) Translate into English:—

(i) जातं वंशे भुवनविदिते पुष्कलावर्तकानां
जानामि त्वां प्रकृतिपुरुषं कामरूपं मघोनः ।
तेनार्थित्वं त्वयि विधिवशाद् दूरबन्धुर्गतोऽहं
याञ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ॥

(ii) कच्चित्सौम्य व्यवसितमिदं बन्धुकृत्यं त्वया मे
प्रत्यादेशान्न खलु भवतो धीरतां कल्पयामि ।
निःशब्दोऽपि प्रदिशसि जलं याचितश्चातकेभ्यः
प्रत्युक्तं हि प्रणयिषु सतामीप्सितार्थक्रियैव ॥

૭

वैशम्पायनवृत्तान्तः

આ પાઠ બાણભટ્ટની કાદમ્બરીમાંથી લીધેલ છે. સંસ્કૃત ગદ્ય લેખકોમાં બાણભટ્ટ અગ્રસ્થાને છે. તેનો સમય સદ્ભાગ્યે નિશ્ચિત છે. તે રાજા હર્ષના વખતમાં થઈ ગયેલ છે. હુ–એન–સંગ નામના ચીની મુસાફરના ગ્રન્થ ઉપરથી ખાત્રી થાય છે કે હર્ષ રાજા ઈ. સ. ના સાતમા સૈકાની શરૂઆતમાં થઈ ગયા. આથી બાણભટ્ટ પણ તે જ અરસામાં થયા હોવા જોઈએ. બાણભટ્ટે કાદમ્બરી ઉપરાંત હર્ષચરિત્ર

પણ લખ્યું છે. આ હર્ષચરિત્રમાં તેણે પોતાના જીવનની વિગતો પણ આપી છે. તે ઉપરથી તેના જીવન વિષે તથા રાજા હર્ષ વિષે થોડું ઘણું જાણી શકાય છે. આ બે ગ્રંથો ઉપરાંત 'પાર્વતી પરિણય' નામનું નાટક તથા 'ચંડીશતક' નામનું સ્તોત્ર પણ તેણે લખ્યાં હોય તેમ જણાય છે. કાદંબરી લખવાની શરૂઆત બાણે કરી પણ કમનસીબે તે તેને પૂરી કરી શકયો નહિ. આથી તેના પુત્ર પુલિન્દે (અથવા પુલિન્ધ્ર કે પુલિન. બુલ્હર, કીથ વિ. ભૂષણ બાણ નામ આપે છે તે ખોટું છે.) પિતા તરફની ફરજ અદા કરવા માટે આ ગ્રંથ પુરો કર્યો. બાણભટ્ટના રચેલા ભાગને 'પૂર્વભાગ' કહે છે. જ્યારે તેના પુત્રની કૃતિને 'ઉત્તરભાગ' કહેવામાં આવે છે. આપણો પાઠ ઉત્તરભાગમાંથી લીધેલ છે.

સંસ્કૃત સાહિત્યમાં કાદમ્બરીનું સ્થાન અદ્વિતીય છે. સંસ્કૃત આલંકારિકોના મતમાં ગદ્ય એ કવિની કસોટી છે (गद्यं कवीनां निकषं वदन्ति)ને બાણ આ કસોટીમાં બરાબર પાર ઉતરેલ છે. તેના વખતમાં સમાસના બાહુલ્યથી ઓજસ ને શક્તિ આવે છે એમ મનાતું. આથી તેની કૃતિમાં આપણે જ્યાં ત્યાં લાંબા લાંબા સમાસો દેખીએ છીએ. આ સમાસની પ્રચુરતા ઉપરાંત તેની શૈલી અલંકારથી ભરપૂર છે. શ્લેષ અને પરિસંખ્યા ઉપરાંત તેમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક વિ. અલંકારો ઠેર ઠેર નજરે પડે છે. વળી તેમાં તેની વિદ્વતા, તેનો વિશાળ અનુભવ, તેનું કુદરતનું બારીક નિરીક્ષણ વિ. તરી આવે છે. પણ "વર્ણનને લીધે, તત્ત્વની આલોચનાને લીધે કે અવાન્તર પ્રસંગોને લીધે તેનો વાર્તાપ્રવાહ પદે પદે સ્ખલિત થાય છે." કવિવર ટાગોર લખે છે, "સંસ્કૃત સાહિત્યમાં જે બે કથાઓ છે તેમાં કાદમ્બરીએ સહુથી અધિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે...તેની બાહ્ય શોભાનું બાહુલ્ય થોડું નથી. મેદથી ફુલી ગયેલા વિલાસીની જેમ તેનું સમાસબાહુલ્યવાળું મોટું શરીર જોઈ સહેજે લાગે કે હંમેશાં હરવાફરવાને માટે આ નથી.

મોટા મોટા ટીકાકાર, ભાષ્યકાર, અને પંડિત વાહકો તેને કાંધે લઈને ચાલ્યા ન હોત તો તેને માટે ચાલવું અશક્ય હતું. આમ તે અચળ ભલે હોય, પણ કિરીટથી, કુંડલથી, કંકણથી, કંઠની માળાથી તે રાણીની માફક વિરાજે છે.

તેથી બાણભટ્ટ જો કે સ્પષ્ટ રીતે વાર્તા બનાવવા બેઠા છે, તો પણ ભાષાના વિપુલ ગૌરવને ઓછું કરી કોઈ પણ જગ્યાએ વાર્તાને દોડાવતા નથી. સંસ્કૃત ભાષાને અનુચરથી વીંટળાયેલ સામ્રાજ્ઞીની માફક આગળ કરી દઈને વાર્તા તો તેની પાછળ છુપાતી છુપાતી, છત્રનું વહન કરતી માત્ર ચાલે છે."

[કથાનાયક ચન્દ્રાપીડ તેના મિત્ર વૈશમ્પાયન તથા મોટાં સૈન્યને સાથે લઈ શિકાર કરવા નીકળ્યો હતો. ત્યાં તેણે કિન્નરપક્ષીના જોડાંને જોયું અને સૈન્યને ધીમે ધીમે પાછળ આવવાનું કહી તે આ કિન્નરોની પાછળ પડ્યો. કિન્નરો તો ક્યાંય ચાલ્યા ગયાં અને પોતે થાકીને અચ્છોદ સરોવર પાસે પહોંચ્યો. ત્યાં તેને મહાશ્વેતાદ્વારા કાદમ્બરીની ઓળખાણ થઈ. પછી તે કાદમ્બરી પાસે ગયો પછી સૈન્યને મળ્યો ત્યાં પોતાના પિતાના તેડાવવાથી પિતાની રાજધાનીમાં એકદમ પહોંચ્યો. પાછળથી તેનું સૈન્ય ધીમે ધીમે રાજધાની તરફ પ્રયાણ કરવા લાગ્યું. અને અચ્છોદ સરોવર પાસે પહોંચ્યું અચ્છોદ સરોવર પાસે વૈશમ્પાયનની દશામાં કોઈ વિચિત્ર ફેરફાર થઈ ગયો. આ વાત સૈન્યના સેનાપતિઓ ચન્દ્રાપીડને કરે છે. ત્યાંથી આપણો પાઠ શરૂ થાય છે.]

પેરા ૧:—તે સૈન્ય વૈશમ્પાયનના કહેવાથી પવિત્ર અચ્છોદ સરોવર પાસે જાય છે. ને તેના તટ ઉપર આવેલ લતા મંડપ જુએ છે. આ લતામંડપનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

પેરા ૨:— તે લતામંડપને જોઈને વૈશમ્પાયન સ્તબ્ધ થઈ અધોમુખ

સ્થિર ઉભો રહે છે. સેનાપતિઓ તેને પ્રયાણ કરવા સમજાવે છે પણ તે તો પ્રત્યુત્તર આપ્યા વિના અનિમેષ ચક્ષુથી તે લતામંડપને નીરખ્યા કરે છે.

પેરા ૩ :– સેનાપતિઓ તેને ફરી ફરી સમજાવે છે. છેવટે તે કહી દે છેઃ "હું આવી શકું તેમ નથી. મારી આવવાની ઘણી ઇચ્છા છે પણ કોણ જાણે કેમ હું અહીંથી એક ડગલું પણ ખસી શકું તેમ નથી. માટે તમે જાઓ."

પેરા ૪ :– સૈન્ય પ્રયાણ કરે છે; અને સેનાપતિઓ ચન્દ્રાપીડ પાસે જઈ આ વાત કરે છે. વૈશમ્પાયનની હકીકત પૂરી થાય છે.

પેરા ૫ :– ચન્દ્રાપીડ આ બાબત ઉપર ઊંડી વિચારણા કરે છે.

પેરા ૬ :– થોડી વાર શૂન્યમનસ્ક રહી ચન્દ્રાપીડ એક રમણીય મંડપમાં પ્રવેશે છે. આ મંડપનું વિસ્તૃત વર્ણન કવિએ આપેલ છે.

પેરા ૭ :– ચન્દ્રાપીડ છેવટે વૈશમ્પાયન પાસે જવાનો વિચાર કરે છે. આથી કાદમ્બરીને મળવાની તેની ઇચ્છા પણ સંપૂર્ણ થશે એમ તે ધારે છે.

અનુવાદ:

વૈશમ્પાયનનું વૃતાન્ત

"સૈન્યની સંભાળ રાખી ધીમે ધીમે વૈશમ્પાયનની સાથે પાછળથી (પૃષ્ઠતઃ) તમારે આવવું" એમ આજ્ઞા કરી આપ જે દિવસે ગયા તે દિવસે ઘાસ, ઇન્ધન વિ. સાધન સામગ્રી સારા પ્રમાણમાં લીધેલ હોવાથી સૈન્યે પ્રયાણ (કરવા) દીધું જ નહીં. બીજે દિવસે જ્યારે પ્રયાણભેરી વગાડવામાં આવી (અને) સૈન્ય (બધું) સજ્જ થતું હતું ત્યારે પ્રાતઃકાળમાં જ અમને વૈશમ્પાયને કહ્યું, "અચ્છોદ નામનું

સરોવર ઘણું પવિત્ર છે એમ પુરાણમાં કહ્યું છે. માટે એમાં સ્નાન કરીને, એના જ કાંઠા ઉપર આવેલા દેવાલયમાં ભગવાન પાર્વતિપતિ, જેના મસ્તક ઉપર ચંદ્ર છે, તે મહેશ્વરને પ્રણામ કરીને આપણે જઇએ. દિવ્ય પુરુષોએ સેવેલી આ ભૂમિ કોઈએ સ્વપ્નમાં પણ કદી ફરી જોઈ છે ?"

એ પ્રમાણે કહી પગપાળા જ અચ્છોદ સરોવરને તીરે ગયા. અને ત્યાં અતિ રમણીયતાને લીધે જ સર્વ બાજુ દૃષ્ટિ નાખી ફરતા હતા તેવામાં તટ ઉપર એક લતામંડપ તેમણે જોયો જે, દેવોની સ્ત્રીઓના કાનના ઉપલા ભાગ ઉપર આરોહણ કરવાને યોગ્ય મોજાંઓ (ઉપરથી) આવતા પવનના સ્પર્શવડે ચલાયમાન થએલાં-પલ્લવો વડે, (તથા) પુષ્પોના રસના લોભને લઇને નિરંતર એકઠા થએલા મત્ત ભ્રમરોના મધુર ગુંજારવ વડે દૂરથી જાણે બોલાવતો હતો; જે મરકત મણિના જેવા શ્યામ પોતાના તેજ વડે જાણે કે દશે દિશાઓના પ્રદેશોને સાથે જ લીંપી દેતો હતો; સૂર્યના કિરણોને પ્રવેશ નહિ કરવા દેવાથી દિવસે પણ અંદરથી જે રાત્રિ જેવો દેખાતો હતો; લાંબા સમયના પરિચય વાળા (હોવા છતાં પણ), વાદળાં થયાં છે એવી શંકાથી વારંવાર મધુર કેકારવ કરતા વનના મયૂરો ઉંચી ડોક કરીને જે (લતામંડપ)ને જોઈ રહેતા હતા; વર્ષાસમયનું જે જાણે સ્થાન હતો; સર્વે દુ:ખનો જાણે જે શત્રુ હતો; શીતલતાનું જાણે નિવાસસ્થાન હતો; ચૈત્રમાસનો જાણે નિર્ગમ (બહાર પ્રયાણ કરવાનો) માર્ગ હતો; કામદેવનું જાણે જે આશ્રયસ્થાન હતો. રતિનું જાણે કે (પ્રેમની) ઉત્કંઠામાં વિનોદ કરવાનું સ્થાન હતો; બધી રમણીય (વસ્તુઓ)નું જાણે સ્થાન હતો; (અને) હંમેશાં વાતા સુગંધી અને શીતલ, અચ્છોદ સરોવરના તરંગો (પરથી આવતા) પવન વડે જેની અંદરની શિલાઓ ઠંડી થઈ હતી.

અને તે (લતા મંડપ)ને જોઇને, બહુ લાંબા સમય થયાં નહિ

જોયેલા જાણે કોઈ ભાઈ, પુત્ર કે મિત્રને જોતા હોય તેમ અન્યત્ર દૃષ્ટિ ન ફેરવતા અનિમિષ ચક્ષુઓ વડે જોતા જોતા સ્તબ્ધ થઈ ગયા હોય, ચિત્રેલા હોય કે કોતરાએલા હોય તેમ માટીના પૂતળા (पुस्तमय)ની જેમ ઘણીવાર સુધી ઉભા જ રહીને, અંગો ધારણ કરવાને જાણે અશક્તિમાન હોય, મૂર્છા વડે જાણે (તેના ઉપર) આક્રમણ થતું હોય તેમ, અને ઇંદ્રિયો વડે જાણે તેનો ત્યાગ થતો હોય તેમ, શિથિલ અંગવાળા તે ભૂમિ ઉપર બેસી જઈ, અંતઃકરણમાં કંઈ સ્મરણ કરતા હોય અથવા ધ્યાન ધરતા હોય તેમ નિર્વિકાર વદને, જેની આંખોમાંથી અશ્રુધારાનો પ્રવાહ વહી રહ્યો હતો તેવા તે મૌન રાખી નીચે મ્હોંયે ઉભા રહ્યા. તે પ્રમાણે રહેલા તેમને જોઈને અમારા મનમાં ચિન્તા ઉત્પન્ન થઈ, "વૃદ્ધકાળે જેની ધીર મતિ છે તેવા રસિક હૃદયવાળા (જનો) ગમે તેના વડે આકર્ષાય છે જ, તો પછી કુતૂહલથી પૂર્ણ પહેલી વયમાં રહેલાને એમ થાય તો શું આશ્ચર્ય? માટે ચોક્કસ આ ઘણી મનોહર ભૂમિ જોઈને પ્રસન્ન થએલા (भावयतः) આને હૃદયમાં આવી વિકૃતિ ઉત્પન્ન થઈ છે." પછી થોડા સમયમાં અમે એમને આ પ્રમાણે કહ્યું, "જોવાલાયક વસ્તુઓની આ પરાકાષ્ટા જોઈ, માટે ઊઠો. હવે આપણે સ્નાનવિધિ કરીએ. બહુ પુષ્કળ સમય થઈ ગયો. સૈન્ય સજ્જ થયું છે. પ્રયાણ માટે તૈયાર થયેલ સઘળી સેના તમારી રાહ જોઈ રહી છે. તો હજી સુધી વિલંબ કરવાથી શું (લાભ છે?)" આ પ્રમાણે અમે તેને કહ્યું છતાં, અમારા વચનો સાંભળ્યા નહોય તેમ, જડ બની ગયા હોય તેમ, મૂંગા હોય તેમ કે બોલતાં ન શીખ્યા હોય તેમ (તેમણે) કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. નિમિષ રહિત પાંપણો વાળી, નિશ્ચલ અને સ્તબ્ધ કીકીવાળી, અશ્રુપ્રવાહ વહેવડાવતી, જાણે ચિત્રેલી હોય તેવી આંખ વડે (તેમણે) તે જ લતામંડપને જોયા કર્યો.

ફરી ફરીને અમારાથી આવવાને વિનતિ કરાએલા તેણે ત્યાંની

ત્યાં જ દૃષ્ટિ ચોંટાડીને નિશ્ચયને લઇને કઠોર (શબ્દોમાં) કહ્યું, "મારે આ પ્રદેશમાંથી આવવું જોઈએ નહિ. સૈન્યને લઈને આપ બધા જાઓ. ચન્દ્રાપીડના બાહુબળથી રક્ષાએલ મહાસૈન્યને, તેમના ગયા પછી રાખીને એક ક્ષણ પણ આ ભૂમિમાં રહેઠાણ કરવું તમારે માટે યોગ્ય નથી." આ પ્રમાણે એમણે કહ્યું ત્યારે– અકસ્માત કંઈક આમને દૈવને લીધે જ વૈરાગ્ય માટે કારણ ઉત્પન્ન થયું–એમ શંકા કરીને, આવવાને ફરી ફરી વિનતિપૂર્વક સમજાવવાને, એવા (તેના) અર્થશુન્ય કાર્યથી પીડા પામીને અમે નિષ્ઠુર (શબ્દો) પણ કહેવા લાગ્યા, "અમારે આ પ્રમાણે રહેવું યોગ્ય નથી. વળી તમે મહારાજ તારાપીડથી નિર્વિશેષ આર્ય શુકનાસથી જન્મેલા, દેવી વિલાસવતીના ખોળામાં લાડેલા, દેવ ચંદ્રાપીડની સાથે એક જ સ્થળે ઉછરેલા, તથા વિદ્યાલયમાં મોટા પ્રયત્નથી એ પ્રકારે શીખેલા; તમને શું એ યોગ્ય છે કે મોટા ભાઈ, મિત્ર, વ્હાલા સ્વામી, જગતના નાથ અને ગુણવાન (ચંદ્રાપીડ) તમને બધું સોંપીને ગયા પછી તેનો ત્યાગ કરી અહીં નિવાસ કરવો ! બીજા કોને આવો યોગ્ય અયોગ્યનો વિચાર હોય ? તમારા ઉપરનો અમારો પ્રેમ કે ભક્તિ તો એક બાજુ રહો. પણ આ શુન્ય વનમાં આપને એકલાને છોડીને જઈએ તો ચન્દ્ર જેવી શીતલ પ્રકૃતિવાળા દેવ ચંદ્રાપીડ જ અમને શું કહે ? શું દેવ ચન્દ્રાપીડ અને આપ જુદા છો ? માટે આ મોહ છોડી દો (અને) પ્રયાણ માટે વિચાર કરો." આ પ્રમાણે અમે બોલ્યા ત્યારે તેમણે જરા વિચિત્ર હાસ્યયુક્ત વચન વડે અમને કહ્યું, "શું હું એટલું પણ નથી જાણતો કે આપ મને આવવા માટે સમજાવો છો ? વળી ચન્દ્રા-પીડ વિના હું બીજે એક ક્ષણ પણ રહેવાને શક્તિમાન નથી. એજ મને સમજાવવા માટે સંપૂર્ણ રીતે પૂરતું છે. તો પણ હું શું કરું ? આજ ક્ષણે મારું સર્વત્ર પ્રભુત્વ જતું રહ્યું છે. કારણ કે કંઈ પણ જાણે સાંભરી આવતું હોય તેમ (મારૂં) મન બીજે ક્યાંય પ્રવૃત્ત થતું

નથી. દૃષ્ટિ જાણે કંઈક જોતી હોય તેમ બીજે પ્રસરતી નથી. હૃદય જાણે ક્યાંક આસક્ત થયું હોય તેમ કંઈ પણ સમજતું નથી. સંકળાએલા હોય તેમ ચરણો પણ પગલું ભરવાને તત્પર નથી. અને શરીર જાણે આજ જગ્યાએ જકડાઈ ગયું છે. માટે મારી મેળે તો હું આવવાને અશક્ત છું. હવે બળપૂર્વક આપ મને લઈ જવાને ઈચ્છતા હો તો પણ આ પ્રદેશમાંથી ખસ્યા પછી મારો જીવ ટકે એવો સંભવ મને લાગતો નથી. વળી જો હું અહીં રહીશ તો જે આ હૃદયની અંદર કંઈક ન પારખી શકાય તેવું થાય છે જેનાથી જ હું ગ્રસ્ત થએલ છું—તેને લીધે જ ખરેખર હું પ્રાણ ધારણ કરીશ એમ મારું માનવું છે. માટે વિનતિ કરવી રહેવા દો. આપ જાઓ. અને જીવનપર્યંત ચન્દ્રાપીડના દર્શનથી થતું સુખ તૃપ્તિ થતાં સુધી ભોગવો. અલ્પ પુણ્યવાળા મેં એ પ્રાપ્ત કર્યું, પણ હથેલીમાંથી જ દૈવે આવી રીતે છીનવી લીધું છે." આ પ્રમાણે બોલતા તેમને કુતૂહલથી ફરી ફરીને જ્યારે અમે પૂછ્યું કે "એ શું (કારણ) છે કે જેથી એ પ્રમાણે બોલો છો અને મહારાજ ચન્દ્રાપીડની પાસે આવતા નથી?" ત્યારે તેમણે કહ્યું, "મને એ પ્રમાણે બોલતાં શરમ થાય છે. તો પણ મિત્ર ચન્દ્રાપીડના જીવનના મને સોગંદ છે. જો હું કંઈ પણ જાણતો હોઉં કે કયા કારણથી હું અહીંથી જવાને શક્તિમાન નથી. વળી આ વૃત્તાન્ત આપની હાજરીમાં જ બનેલો છે, માટે આપ પધારો." એ પ્રમાણે કહીને (તેણે) મૌન ધારણ કર્યું.

(એક) ક્ષણ પછી ઊઠીને, એ બધા અત્યંત રમણીય વૃક્ષતલોમાં, લતાગૃહોમાં, સરોવરના કાંઠે અને તે દેવાલયમાં કંઇક જાણે ખોવાએલી વસ્તુ શોધતા હોય તેમ બીજે ક્યાંય દૃષ્ટિ નાખ્યા વિના ફરવા લાગ્યા. અને લાંબા સમય સુધી ફરીને ખિન્ન અન્તઃકરણવાળા તે ખેદપૂર્ણ ઊંચો નિશ્વાસ નાખી તે લતા-મંડપમાં ફરીથી

જઈને બેઠા. અમે પણ (તે) લતાઓ પાસે (શબ્દશઃ તે લતાઓનું સ્થાન કરીને) તેમને સમજાવવાની આશાએ ઉભાજ રહ્યા. અને બે પ્રહરથી વધુ (સમય) જતાં દેહનિર્વાહ કરવાને જ્યારે અમે વિનતિ કરી ત્યારે તેણે જવાબ આપ્યો, 'મિત્ર ચન્દ્રાપીડને આ પ્રાણ પોતાના જીવન કરતાં પણ ખરેખર વધારે વહાલા છે. માટે જો એ (પ્રાણ) મારો બળાત્કારે પણ ત્યાગ કરીને જતા હોય, તો પણ મારે તેને ધારણ કરવાને પ્રયત્ન કરવો જોઈએ. તો પછી જતાજ નથી એટલે શું? મારે ચન્દ્રાપીડના દર્શનની જ આકાંક્ષા છે, મૃત્યુની નહીં. માટે અહીં (તમારી) વિનતિ નિષ્ફળ છે.' એ પ્રમાણે બોલીને, ઉભા થઈ સ્નાન કરી કંદમૂળ અને ફળો વડે વનવાસીઓને યોગ્ય દેહનિર્વાહ કર્યો. એમણે દેહનિર્વાહ કર્યા પછી અમે પણ એ (પ્રમાણે) કર્યું. અને આજ ક્રમ પ્રમાણે રાતદિવસ—'આ શું છે?'—એ પ્રમાણે એમના વૃતાન્તનુંજ ચિન્તન કરતા, વિસ્મય પામેલા હૃદયવાળા અમે ત્રણ દિવસ રહીને, એમના આવવાની કે તેડી લાવવાની આશા ન રહેવાથી ભાથું વિ. સારી રીતે અર્પણ કરી, તેના પરિજનોને ત્યાં રાખીને અમે (અહીં) આવ્યા. અને આગળથી અમે કોઈ દૂત ન મોકલ્યો તેનું એક (કારણ) એ કે આપ માર્ગમાં જતા હો ત્યાં તે પહોંચે જ નહીં. અને બીજું એ કે લાંબા સમયે (નગરમાં) પ્રવેશ કર્યો જ હોય એટલામાં ફરીવાર આવવાની ઉપાધિ થાય નહીં."

સ્વપ્નમાં પણ અનુમાન ન થઈ શકે એવું તે વૈશમ્પાયનનું વૃતાન્ત સંભળીને જેનું હૃદય એક જ સાથે ઉદ્વેગ અને વિસ્મય વડે છલકાઈ ગયું છે તેવા ચન્દ્રાપીડના મનમાં થયું કે,' સર્વ (વસ્તુના) ત્યાગના કારણ રૂપ અને વનવાસનું જ શરણ (પ્રાપ્ત કરાવે) તેવા આ વૈરાગ્યનું શું કારણ હશે? અને મારો પોતાનો કોઈ દોષ હું જાણતો નથી. પિતાની કૃપાથી મારી જેમ તેનું પણ, જેના મુગટના મણિઓ તેના (વૈશમ્પા-

યનના) ચરણ તળને સ્પર્શ કરે છે તેવા સર્વ રાજાઓ પૂજન કરે છે. મારી માફક તેને પણ ઇચ્છાથી અધિક બધા ઉપભોગોમાં કંઈપણ ખામી રહેતી નથી. મારી પેઠે તેની પણ આજ્ઞા ઉલ્લંઘાતી જ નથી. મારી જેમ તે પણ (બીજા પ્રત્યે) કૃપા દર્શાવે છે. અપરાધી મનુષ્યો જેમ મારાથી તેમ તેનાથી પણ ભય પામે છે. મારી જેમ તેમ તેને પણ બધી સંપત્તિઓ છે. મને (જોઈને જેમ લોકોને સ્પૃહા થાય છે), તેમ તેને જોઈને પણ લોકોને સ્પૃહા ઉત્પન્ન થાય છે. શું, આગમન સમયે પિતા, આર્ય શુકનાસે કે માતા મનોરમાએ પુત્રપ્રેમને યોગ્ય સદ્ભાવથી તેનો સત્કાર નહિ કર્યો હોય? અધિક વિનયથી ઇચ્છા રાખતા પિતા શુકનાસે કાંઈ દુઃખકર (વચન) કહ્યું હશે? કે માર્યો હશે? (એમ હોય) તો પણ એ કંઈ એવો સ્નેહ વગરનો, કે દુષ્ટ સ્વભાવવાળો, કે ગુરૂજન પ્રત્યે ભક્તિ વિનાનો, કે ગુણ ગ્રહણ કરવામાં વિમુખ, કે ચંચળ મનનો, કે જે તે કામ કરનાર (બેદરકાર), કે દુર્જન જેવો ક્ષુદ્ર સ્વભાવનો, કે ધનાઢ્યનો પુત્ર હોવાથી ગર્વ પામેલો, કે દુષ્ટ શિક્ષણ પામેલો, કે દુર્વિનીત, કે એકનો એક જ પુત્ર હોવાથી ખોટી રીતે લાડ પામેલો—નથી કે જન્મ—સમયથી સર્વ પ્રકારના ઉપકાર કરનાર ગુરૂજનને ખેદ ઉત્પન્ન કરે કે સંબંધમાંથી મુક્ત થાય. વળી આ પ્રકારના વૈરાગ્યનો પણ આ સમય નથી. હજી તેણે વિદ્વાન મનુષ્યોને યોગ્ય ગૃહસ્થાશ્રમમાં જ નથી પ્રવેશ કર્યો. હજી તેણે દેવો, પિતૃ તેમજ મનુષ્યનું ઋણ ઉતાર્યું નથી. અને ઋણ ઉતાર્યા વિના એ ત્રણે ઋણ લઈને ક્યાં ગયેલ હશે? નથી તેણે પુત્રપૌત્રની સંતતિથી વંશને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવી; નથી તેણે અતીવ દક્ષિણાવાળા મહાયજ્ઞો કર્યા; નથી તેણે ધર્મશાળા, કુવા, વાવ, મહેલો, તળાવ, બગીચા વિ. યશકાર્યો કરીને પૃથ્વીને અલંકૃત કરી; નથી તેણે કલ્પકાળ સુધી રહે તેવો, દિશાઓમાં પ્રસરે તેવો, યશ પ્રાપ્ત કર્યો; નથી તેણે સેવા વડે ગુરુઓને સુખ આપ્યું; નથી તેણે સ્નેહી બંધુજનો ઉપર ઉપકાર કર્યો;

નથી તેણે સ્નેહીજનોને સમાન વૈભવવાળા બનાવ્યા; નથી સાધુઓનું પોષણ કર્યું; નથી તેણે ચાકરોને ઈનામ આપ્યાં; નથી અતિથિઓની તૃષ્ણા શાંત કરી; નથી તેણે યુવતીઓને જોઈ કે સાંભળી; નથી તેણે જન્મીને સંસાર સુખ ભોગવ્યું; નથી તેણે પુરુષાર્થના સાધનો–ધર્મ, અર્થ, કામ—માંથી એક પણ મેળવ્યું. (ત્યારે) તેણે આ શું કર્યું ?''

એમ અંતઃકરણ ઉભરાયાથી વિચાર કરતાં કરતાં ઘણા વખત સુધી તેજ વૃક્ષ નીચે બેસી રહ્યા પછી પોતે શૂન્યહૃદય હતો છતાં પણ યોગ્ય કૃપા, સન્માન તથા સંભાવના કરી સર્વ રાજલોકને વિદાય આપી ઉઠ્યો અને તેજ વખતે રચેલા એક તંબુમાં (મંડપમાં) દાખલ થયો. ત્યાં ઊંચાં ઊંચાં તોરણો ઉપર ચંદન–માળાઓ લટકાવેલી હતી; તેની બંને બાજુએ પાણીથી ભરેલ અને જેના મુખ ઉપર પલ્લવ હતો તેવા સોનાના કળશ મૂકવામાં આવ્યા હતા; દ્વારથી માંડીને બધી જમીન પાણી છાંટીને વાળેલી હતી; તેની અંદર અને બહાર સુગંધી પુષ્પોનો સમૂહ વેરેલો હતો; જ્યાં આમ તેમ ફરતા નોકર લોકોના હાથમાં જુદી જુદી જાતની ઝારીયો હતી; મણિ–ચામર; પંખા, રત્નની ચાખડીઓ વગેરે સાધનો હાથમાં લઈને વારાંગનાઓ ત્યાં ચાલતી હતી; મદની સુવાસથી દિશાઓને સુગંધિ કરતો, રાજ-હસ્તી ગંધમાદન તેની એક બાજુએ ચંદરવાની નીચે ઉભેલો હતો; જ્યારે બીજી બાજુએ ઈન્દ્રાયુધને રહેવાનું સ્થાન બનાવેલ હતું; બહા-રનું આંગણું (રાજાઓને) બેસવાની હાથણીઓથી ભરાયેલ હતું; બધાયે દ્વાર પાસે ઘણા છડીદારો ઉભેલા હતા; તેના મહત્ત્વને લીધે, ગંભીરતાને લીધે, તથા ભેગાં થયેલાં (શરણે આવેલાં) ઘણા પ્રાણીઓને લીધે તે મહાન સમુદ્ર જેવો લાગતો હતોઃ જેમકે, પ્રહરસૂચક અનેક ગજઘટાને લીધે જાણે તટવન યુક્ત હોય, ગન્ધમાદનને લીધે જાણે અંદર આવેલ મહાન પર્વતવાળો હોય, ત્વરાથી ફરતા નોકર લોકની ઊપરા ઉપરી

આવતી જતી હારોને લીધે જાણે તરંગમય હોય, પહેરેગીરોના ટોળાંને લીધે જાણે જળ–ભમરીઓથી ભરેલો હોય, સુંદર સ્ત્રીઓને લીધે જાણે સલક્ષ્મીક હોય, મહાપુરુષોને લીધે જાણે રત્નોવાળો હોય, શ્વેત ધ્વજાઓને લીધે જાણે હંસમાલા યુક્ત હોય, પુષ્પના સમૂહને લીધે જાણે ફીણના ઢગલાથી છવાયેલો હોય,–(તેવો તે લાગતો હતો) (અને) શેષનાગની ફેણ ઉપર સુનારા (अनन्त भोग परिकर) વિષ્ણુની જેમ જ્યાં અસંખ્ય ભોગ રહેલા છે (अनन्त भोग परिकर) એવો તે શોભતો હતો.

તેની અંદર પ્રવેશ કર્યો કે તુરતજ, શરીર–સંસ્કાર કર્યા ન હોવાથી મલિન વેષ વાળી તથા ઉદ્વેગયુક્ત દીન મુખવાળી વારાંગનાઓ, પહેરેગીરો, તથા નોકરો તેને આમ તેમથી પ્રણામ કરવા લાગ્યા (પણ) પોતે તો શાન્ત રહી, છડીદાર (आलोककारक) જેવી મદની સુગંધે સૂચવેલા ગાંધમાદન તરફ શૂન્ય દૃષ્ટિ ફેંકી, ધીમે ધીમે, શયનગૃહ ભણી ચાલ્યો. ત્યાં વસ્ત્રાદિક ઉતારી, શયન ઉપર સૂતો એટલે (સેવકો) પંખાથી પવન નાખવા લાગ્યા, તથા, અંગ ચાંપનારાઓ ધીમે ધીમે માર્ગનો થાક ઉતારવા લાગ્યા; (તો પણ) આખી રાતનો ઉજાગરો થવાથી ખિન્ન થયા છતાં, અત્યંત દુઃખને લીધે નિદ્રાસુખ નહિ મળવાથી ફરીવાર એ અન્ય દુઃખ ઉત્પન્ન કરનાર ચિન્તામાં જ પડ્યો કે:–"જો હું માતા પિતાની અનુજ્ઞા વિના, તેમને મોટા શોકસાગરમાં નાખીને, તથા પુત્રના વિરહના શોકથી વિહ્વલ થયેલ તાત શુકનાસને અને માતા મનોરમાને આશ્વાસન આપ્યા વિના, આજ પ્રદેશમાંથી જતો રહું તો મેં પણ વૈશમ્પાયનના જેવું કર્યું કહેવાય. અહીંથી પાછો ફરીને જઉં તો મને શંકા થાય છે કે જવાની આજ્ઞા મળશે નહિ. માટે (હવે) હું શું કરું? અથવા, એ આજ્ઞા નહિ મળવાની શંકા ખોટી જ છે. પ્રિયમિત્રે પોતાનો તથા મારો ત્યાગ કરતાં પણ, અન્ય પ્રકારે જવાનું ઉત્પન્ન કરી, કાદમ્બરી પાસે

જવાના ઉપાયની ચિન્તામાં આકુલ થયેલા મારા ઉપર ઉપકારજ કર્યો છે. માટે હવે હું વૈશમ્પાયનને પાછો લાવવા જઉં તેમાં પિતા, માતા, કે આર્ય શુકનાસ પણ મને અટકાવી શકે તેમ નથી. અને અહીંથી ચાલ્યો કે વૈશમ્પાયનની સાથે તેજ બાજુએ થઈને હું આગળ જઈશ.' આવો નિશ્ચય કરીને, તે વખતે થયેલા વૈશમ્પાયનના વિયોગના દુઃખને પરિણામે સુખકર ઔષધની પેઠે ખૂબ સારું માની, થોડો સમય વિશ્રામ લઈ, અંગોને સુખ થયું એટલે તૃતીય અર્ધયામનો શંખનાદ થતાં, નિત્ય કર્મ કરવાને પોતે ઉઠ્યો.

—કાદમ્બરીના ઉત્તરભાગમાંથી.

THE STORY OF CHANDRAPIDA

When your Majesty had gone, ordering, "Taking care of the army you must come after me along with Vaishampayana," on that day, the army could not march because means (of subsistence) such as food, fuel, etc had been well stored. On the other day, when the kettle drum indicating starting was struck (and) when the army was being made ready Vaishampayana told us in the morning." Lake Acchoda is mentioned in the Purana as very holy. So, bathing in it, and bowing to the revered Siva having a part of the moon on the head, the lord of Bhavani (Parvati) in the holy (सिद्ध) temple on the bank of it, we shall go. For who will ever, even in a dream, behold again this place haun-

ted by the gods ?" Saying thus, he went to the bank of the lake Acchoda on foot. And there gazing on all sides because of extreme loveliness, (and) moving he saw another bower of creepers which as if called (him) from a distance by the sweet jingling tones of intoxicated bees that were gathered together out of greed for honey in numerous flowers (and) by its tender sprouts which were fit for the favour of being placed on ear-tops of heavenly damsels, which (sprouts) were unsteady in movements as they were struck by the breeze over the waves; that (bower) as if besmeared simultaneously the ten quarters by its lustre as dark as an emerald; that (bower) had night even by day inside it because it allowed no entrance to the rays of the sun; that was being observed often and often by wild percocks with up-raised necks, that, although familiar for a long time, gave out sweet notes thinking it to be the appearance of clouds; that (Bower) was as if the arsode of rainy season; as if it were the very house of coolness; as if it were the way out for the month of spring; as if it were the resort of the god of Love; as if it were Rati's place for diverting her excitement; as if it were the store

house of all charming things; that (bower) had the slabstone in it fanned by the fragrant and cool breezes that were always blowing from over the waves of the Acchoda lake.

Beholding it, with his eyes fixed on it alone, as if on a brother or a son or a friend seen after a very long time; observing it with unwinking eyes as if he were paralysed, as if drawn, as if carved, as if made of clay, remaining for a long time standing; being unable to support (his) limbs, as if attacked by a swoon; as if being left by his senses ? with his limits falling suddenly, sittng down on the ground remembering something indescribable in his inner soul, as if contemplating, he, with his face showing no emotion, from whose eyes a continous flow of tears fell down, stood quietly with a down-cast face. Seeing him in that condition, an anxiety cropped up in our mind, "Men of an appreciative heart are drawn away by anything whatever, even though their thoughts are matured by advanced age; what of those who are in fresh youth which abounds in curiosities, Therefore, certainly, this such excitement of his heart is due to his contemplation upon this exceedingly charming place after seeing it" In a

short time, we said to him thus, "This highest limit of everything that is worthy-to-look at has been seen. So, rise; now let us take our bath. It has become very late (every) material is ready. The whole army, ready to depart, is sitting waiting for you what is the use of tarrying even now ?" Thus addressed, he, too, did not give (us) any reply, as if he hed not heard our worlds, as if he was inanimate or dumb, as if not taught to speak. He only looked at that very bower of creepers, with an eye, the eyelashes of which did not wink, the pupils of which were motionless and paralysed, from which tears were ceaselessly trickling down, that was as if drawn (in a picture).

Importuned again and again by us for coming, he, with his eyes rivetted upon it, said in a decisive and harsh manner, "But I should not depart from this place. May you go, taking away the army. Now that he (Chandrapida) is gone, it is not proper for you to tarry in this place even for a moment, keeping (गृहीत्वा) the great army, protected by the strength of the arms of Chandrapida. When he was thus saying, we, suspecting that perhaps by chance some cause for his dissatisfaction must have arisen,

(and) being grieved by his doing such an absurd act, we said to him, though he was harsh, soothingly, after having roused (pursuaded) him again and again for comming, "Thus, it is not proper for us to stay. But for you, who have taken birth from noble शुकनाश, who is not different from तारापीड, who have been caressed on the lap of the queen विलासवती; brought up in the same place with चन्द्रापीड, in the same way, taught with great effort in the (same) College (विद्यागृह), it is proper to stay here, giving up that (all), when he, (your) elder brother, friend, affectionate master and the lord of world, has gone handing over everything to you, who are meritorious! Who else (but you) possess such a discrimination between what is proper and improper? Let alone our affection and devotion towards you; what will prince चन्द्रापीड, possessing a nature delightful like the moon, himself say to us, if we go away leaving you alone in this deserted forest? Are you and prince चन्द्रापीड different (to us)? So, give up this infatuation Make up your mind for departure." Thus addressed by us, he said to us a few words, full of smiles and embarrassment, "Do I not understand even so much that you pursuade me to

go ? Moreover, I am not able to stay anywhere for even a moment without चन्द्रापीड–this in itself (एव) is the greatest means of rousing me. Yet what can I do ? At this very moment, my control everywhere (over my senses) has vanished. To explain, (my) mind, as if recollecting something indescribable, (किमपि), does not become engaged to anything else; (my) sight, as if seeing something, does not turn to anything else; (my) heart, as though attached somewhere, does not comprehend anything; my feet are not able to move even a step, as if they are chained; my body is as if nailed in this very place. So, I am unable to depart by myself. If (अथ) you desire to take me (from this place) by force, I do not think that my life will continue, (once) I am removed from this place. If, again, I stay here, I think that my life will be certainly supported by that, by which I have been supported (so far) and which, being indescribable and not determined, revolves within my heart. Therefore, away with importunity. Let you depart. May (you) get for the whole life the pleasure of seeing चन्द्रापीड till you are satisfied. Though I, of little merit that I am, had obtained it, it is thus snatched away by fate

from my hands." when he was saying thus, we asked him through curiosity again and again, "What–is this by which you speak thus and do not come to the prince चन्द्रापीड ?" (then) he replied, "I am ashamed to tell thus. Yet I swear by the Life of my friend चन्द्रापीड, that I do not know anything as to by what reson I am not able to move from here. Again, you have also seen this incident with your own eyes. So, let you depart." Saying thus, he became silent. Getting up after a short time, he wandered, with his eyes fixed, as if searching for something lost, in those very charming trees, bowers of creepers, banks of the lake and that temple. Then wandering for a long time, being sad at heart, heaving a deep sigh with despondency, having again entered that bower of creepers, he stood there...we, too, waiting by the side of creepers, stood there from the hope of rousing him. When more than two याम s passed away, he, requested by us to perform (works) to support his life, replied, "To चन्द्रापीड, this life (of mine) is dearer than even his life. Then even if (they) depart leaving me forcibly, I must try to hold them; what to talk of when they do not leave me ? I am desirous of the sight of चन्द्रापीड

himself and not of death. Hence to request in this case is futile." Saying thus, rising up, taking his bath, he performed the maintenance, proper for a forester, of his body by bulbous roots, roots, and fruits. When he had finished his maintenance of the body, we also did (that). By this very routine, wondering within our heart, reflecting day and night upon that incident as to what it was, having stayed (there) for three days, losing all hopes of his coming or being brought, we came (here), having placed there his servants with proper arrangements for their provisions. That we did not send a messenger before (us), one (reason) for it was that he could not have overtaken Your Majesty on the way while travelling; and the other (reason) was that you might not be put to the trouble of returning again the moment you entered (उज्जयिनी) after a long time."

There occured in the mind of चन्द्रापीड, whose heart was simultaneously overwhelmed by dejection and wonder, after hearing (this) story of वैशम्पायन, not to be thought of even in a dream. "What possibly can be the reason of such an asceticism (वैराग्य), the cause of the renouncement of all and in which a forest residence is the sole refuge ? I do not see any mistake on my part.

Through the favour of (my) father, the (vassal) kings, with their crest-jewels rolling on his feet, do worship him, as (they do) me. Nothing is wanting to him also, as to me, as regards all sorts of enjoyments (that he obtains) even more than he can desire. His orders also, as of mine, are not disobeyed. Like myself, he also shows favours (to attendants and dependants). The guilty persons are afraid of him also, as of me. Like myself, he, too, is the master of wealth of every kind. People envy lot, after seeing him, as (they do that of mine after seeing) me. Is it that he was not honoured with the affection worthy of the affection of a son by (my) father, mother, noble शुकनास, or मनोरमा, when he was going to accompany (me) ? Or (is it that), desirous of more modesity, (my) father or शुकनास has told him something painful; or has he been beaten ? Even in this case, he is not without affection nor of wicked disposition, nor not devoted to (his) elders, nor averse to the aquisition of virtues, nor of fickle mind, nor a performer of rash acts, nor of a mean nature like some ordinary person, nor proud by the fact of his being the son of a rich man, nor badly taught, nor impudent or naughty on acco-

unt of his being the only son, that he would thus be disgusted with the elders, who have obliged him since his birth, or would cease to love them. Again, this is not (the proper) time for such a restraint. He has not yet been placed in the order of a householder which is fit for learned men; nor has he yet paid off the debt due to gods, manes and men. Not having disposed off these debts, where has he gone, bound by this three-fold debt? He has not secured the stability of the family by generating sons and grandsons; nor has he performd the great sacrifices in which infinitely great fees are to be paid; nor has he adorned the earth with monumental works such as a place of refuge, wells, places for the distribution of water to travellers (प्रपा=પરબ), temples, lakes, gardens, etc; nor has he spread his fame lasting till the end of a कल्प and going in all directions; nor has he imparted pleasures to the elders by dutiful conduct; nor has he obliged (by serving a good turn to) the affectionate relatives; nor has he made his friends as rich as himself; nor has he honoured (or enriched) the good men (saints); nor has he scattered largesses to the attendants; nor has he made the guests free from

desire; nor has he seen or heard the (beautiful) women; nor has he, after his birth, experienced pleasures of worldly life; nor has he secured even one of the धर्म, अर्थ, and काम, that are the means of obtaining the goal of man (i, e मोक्ष). What a thing has he done ?"

With his mind thus agitated, staying under that very tree for a long time thinking, though his mind was vacant, he dismissed all the assemblage of princes, honouring with respect and with favours shown to them as was proper, Then rising up, he entered the tent (कायमान), erected at that moment, on the high and propped-up gate-way of which was tied a garland of sandal; on either side of which was placed a golden jar full (of water) and having tender leaves placed on its top; the ground of which was sprinkled with water and well swept from the door (to the inside); in the interior and the exterior of which masses of fragrant flowers were strewn about; in which the body of servants moving about here and there had taken golden pitchers of various shapes (in their hands); which was crowded with courtezans carrying in their hands such materials as jewelled chories, fans, and jewelled sandals; one side of which was

occupied by गन्धमादन, the elephant of the king, that (the elephant) stood underneath a canopy, and that made fragrant all the quarters by the perfume of its ichor; on the other side of which was prepared a stable for इन्द्रायुध; the outer court of which was occupied by she–elephants meant for riding; in which there were many vigilant staff–bearers at all the doors; which resembled a great ocean because of its vast proportions, depth and its being the refuge of many beings;– to explain, it seemed as if endowed with a forest on its shores with the cloths on the numerous arrays of elephants that were kept during the period of a watch (याम); it seemed as if a big mountain had entered into it on account of (the elephant) गन्धमादन; it appeared as if full of billows on account of the series of the waves (i. e. crowds) of hurrying servants moving here and there; it seemed as if full of whirl–pools on account of the positions of its watchmen in a circle; it seemed to be possessed of लक्ष्मी because of its charming ladies; it seemed to be full of jewels on account of the great men (it contained); it seemed to be full of rows of swans because of its white banners; and full of lines of foam on account of the masses of flowers;—(and) which

was attended with numerous objects of enjoyments, like विष्णु, whose attendants are the hoods of the serpent शेष.

Entering the tent, being saluted here and there by the attendants, the watchmen and the courtezans, whose faces were dejected and wretched, and whose dress was dirty because they had not put on their toilet casting a vacant glance on गन्धमादन (whose presence) was indicated (to him) by the fragrance of its ichor, which (fragrance) seemed as if it were an attendant that keeps back the crowd of people; he went to his place of residence slowly and silently. There sending away all people, (or from whom were removed all his equipments), laying down his limbs on the couch (i. e. lying down), being fanned with the wind caused by the fans, with his fatigue being removed gradually by those who shampooed his limbs, he did not obtain the pleasure of sleep on account of the piercing pain, though he was (completed) exhausted (खिन्न) by lying awake for the whole of night (and) he again plunged in thought that was the cause of other pain, "If I depart from this place without being permitted by (my) father or mother, having thrown them in the great ocean of dis-

tress, without consoling (his) father शुकनास, who is distressed on account of the pain of separation from his son, and (his) mother मनोरमा, I will be acting just like वैशम्पायन. Again, if I go after returning (to उज्जयिनी), my heart suspects the other alternative, viz. not being permitted (to go in search of वैशम्पायन). Then what shall I do ? or the suspicion of not being permitted is out of question. My dear friend, who though he abandoned himself and me, has in another way led to my going out (in search of him) and thus has indeed obliged me, whose mind is troubled with the thought of finding out a means for going to कादम्बरी; therefore, now neither (my) father, nor mother, nor noble शुकनास, will be able to prevent me, who am going to fetch back वैशम्पायन. Having gone (there), by the same way, I will go further (to कादम्बरी), accompanied by वैशम्पायन." Having resolved thus, thinking highly of the pain of separation from वैशम्पायन, caused at that time, as a (bitter) medicine that gives happiness in the end; taking rest for a while with his limbs delighted; he got up for the performance of actions to maintain the body, when the conch indicating the third haly of a watch was filled (i. e. blown).

ચન્દ્રાપીડના લશ્કરના સેનાપતિઓ ચન્દ્રાપીડની પાસે વૈશમ્પાયનની હકીકત કહે છે. બધી વાત તેમના મુખમાં જ મૂકવામાં આવી છે. पृष्ठतः– પાછળથી. स्कन्धावारः છાવણી, લશ્કર. अनुपालयद्भिः– अनु+पा ગ. ૨. પ. ના પ્રેરકનું વર્ત. કૃ. પુ. તૃ. બ. વ. રક્ષણ કરતા સંભાળ રાખતા. भवद्भिः आगन्तव्यम्–તમારે આવવું. आदिश्य–आ+दिश् નું સંબંધક ભૂ. કૃ. હુકમ કરીને. ચન્દ્રાપીડ ગયો ત્યારે નીચે પ્રમાણે હુકમ કરી ગયો હતો: "सुहृदादिसाधनमक्लेशयता शनैःशनैर्गन्तव्यम्' इत्युक्त्वा वैशम्पायनं स्कन्धावारभरे न्ययुंक्त." गतवति देवे–દેવ (ચન્દ્રાપીડ) ગયા ત્યારે. गतवति–गम्‌ના કર્તરિ ભૂ. કૃ. નું સ. એ. વ. सुगृहीतत्वात्– સારી રીતે સંઘર્યું હતું તેથી. घासश्च इन्धनश्च आदौ यस्य तद् घास...दिकम् (બહુ.) तस्य ઘાસ, લાકડાં વિ. उपकरणजातस्य સાધન સામગ્રી. न दत्तम् एव प्रयाणं–પ્રયાણ કરવા દીધું જ નહિ. अह्नि–अहन् નું સ. એ. વ. દિવસે. अह्नि પણ થાય. आहतायां प्रयाणभेर्यां–જ્યારે પ્રયાણભેરી વગાડવામાં આવી ત્યારે. सज्जीक्रियमाण–सज्जीकरोति (ચ્વિરૂપ છે) નું આ. વ. કૃ. सज्जीक्रियमाणे साधने–જ્યારે લશ્કરને સજ્જ કરવામાં આવ્યું ત્યારે प्रातः एव–સવારમાં જ. अभ्यधात्–अभि+धा ગ. ૩ ઉ.ના પ.નું અદ્યતન ભૂત ત્રી. પુ. એ. વ. કહ્યું. अतिपुण्यं–ઘણું પવિત્ર. अच्छोदं आख्या यस्य तद् अच्छोदाख्यं (બહુ.) અચ્છોદ નામનું. पुराणे–પુરાણમાં. પુરાણો અઢાર છે. પણ અહીં એક જ પુરાણની વાત કરવામાં આવી છે. स्नात्वा–स्ना નું સંબંધક ભૂ. કૃ. સ્નાન કરીને. प्रणम्य–પ્રણામ કરીને. तीरं भजति असौ तीरभाक् (ઉપ. त.) तस्मिन् तीरभाजि–કાંઠા ઉપર આવેલ. सिद्धायतने–પવિત્ર મંદિરમાં. भवानीप्रभुं–પાર્વતીપતિ, શિવ. महा ईश्वरः महेश्वरः (કર્મ.) शशांकस्य शकलः शेखरः यस्य सः शशांकशकलशेखरः (બહુ.) तम् ચંદ્ર (शशांक)નો કટકો જેના માથાનું આભૂષણ છે તે, શંકર. શંકરના માથા ઉપર બીજનો ચંદ્રમા રહે છે. दिव्यैः जनैः सेविता दिव्यजन-

सेविता (તૃ. ત.) દિવ્ય લોકોથી સેવાયેલી: જ્યાં દિવ્ય પુરુષો રહે છે તે. आलोकिता-જોયેલ છે. चरणाभ्याम् एव-પગે ચાલીને જ. अयासीत्-या ગ. ૨. પ.નું અદ્યતન ભૂત. ત્રી. પુ. એ. વ. ગયો. तत्र च... अद्राक्षीत्. આમાં મુખ્ય વાક્ય तत्र च अतिरम्यतया एव सर्वत दत्तदृष्टि: संचरन् अन्यतमं तटलतामंडपम् अद्राक्षीत्-છે. બાકીના બધ દ્વિતીયા વિભક્તિમાં આવેલ સમાસો મંડપનાં વિશેષણ છે. अतिरम्यतया एव-ખૂબ જ રમણીય હોવાને લીધે. सर्वतः-ચારે બાજુ. दत्ता दृष्टिः येन सः दत्तदृष्टिः (બહુ.) દૃષ્ટિ દઈને, નજર કરીને. संचरन्-ચાલતા. अन्य तमं-બીજો. तटलतामंडपम्-કાંઠા ઉપર આવેલ લતામંડપને, अद्राक्षीत्-दृश् ગ. ૧. પ.નું અદ્યતન ભૂત. ત્રી. પુ. એ. વ. જોયો. अमर... चितैः-अमराणां कामिनीनां श्रोत्राणां शिखरेषु आरोहणप्रणयाय (आरोहणं एव प्रणयः-કર્મ.) उचिताः अमर...चिताः (ચ. તૃ.) तैः-આ किसलयैःનું વિશેષણ છે. દેવોની સ્ત્રીઓના કાનના ઉપલા ભાગ ઉપર ચડવા રૂપી કૃપાને યોગ્ય. એટલે કે આ પાનો (किसलयः) દેવની સ્ત્રીઓના કાનના આભૂષણ થવા યોગ્ય હતાં. तरंगानिलैः आहतिः तेन विलोलाः वृत्तिः येषाम् ते तरंगा...वृत्तिः (બહુ.) तैः; (પાણીના) મોજાં ઉપરથી આવતા પવન (अनिल) સાથે અથડાવાથી જેની ગતિ ચલાયમાન (विलोल) થયેલ છે તે પવન આવવાથી પાંદડાઓ હલતાં હતાં. किसलयैः- પાંદડાઓ વડે. विरल-થોડાં. अविरल-ઘણાં. अविरलानां कुसुमानां मकरन्दस्य (મધ) लोभेन पुंजिताः (ભેગા થયેલા) अवि...ताः (તૃ. ત.) तेषाम् ઘણાં જ પુષ્પોનું મધ (ચૂસવા)ના લોભથી ભેગા થયેલા. मधु लेढि इति मधुलिट् (ઉપ. ત.) मत्तः मधुलिट् मत्तमधुलिट् (કર્મ.) तेषाम् મસ્ત બનેલ ભમરાઓના. मंजुलसिंजितरवेण-મંજુલ (મધુર) ગુંજારવના અવાજથી. दूरात्-છેટેથી आह्वयन्तम् इव-જાણે કે બોલાવતો હોય તેવો. मरकत-मणि-એક જાતનો ઘેરા લીલા રંગનો મણિ. मरकतमणिः इव श्यामा मरकतमणिश्यामा (કર્મ.) तया प्रभया-મરકતમણિ જેવા શ્યામ તેજથી.

अनुलिंपन्तमिव—જાણે કે લીંપતો હોય. समं—એકી સાથે दशदिग्भागान्—દશે દિશાઓ. ચાર દિશા, ચાર ખૂણા તથા આકાશ ને પાતાળ મળી દશ દિશાઓ ગણવામાં આવે છે. दिवसं करोति सः दिवसकरः (ઉપ.ત.) સૂર્ય. अदत्तः दिवसकरस्य किरणानां प्रवेशः येन सः अदत्त...प्रवेशः (બહુ.) तस्य भावः अदत्त...ता तया સૂર્યના કિરણો તેમાં પ્રવેશી શકતાં ન હતાં તેથી. આ લતામંડપ એટલો બધો ગાઢ અને ઘીચ હતો કે સૂર્યના કિરણો પણ તેમાં પ્રવેશ કરી શકતાં નહિ. તેથી જ દિવસે પણ ત્યાં રાત્રિ જેવો જ અંધકાર રહેતો. दिवा अपि—દિવસે પણ अन्तः—અંદરના ભાગમાં निशीथिनी—રાત, निशी...गम्—રાત જેવું લાગતું. बिभ्राणम्—भृ ગ. ૩. ઉ. ના આ. નું. વ. કૃ પુ. દ્વિ. એ. વ. લાગતું. ધારણ કરતું. चिरपरिचितैः अपि લાંબા કાળથી પરિચિત હોવા છતાં પણ. मेघस्य उद्गमस्य शंका मेघो...का (ષ.ત.) तया વાદળું આવ્યું છે તેમ માનીને. મોરલાઓ વાદળાંને દેખીને કેકારવ કરવા મંડે છે. આ લતામંડપ વાદળાં જેટલો જ શ્યામ અને ઘન હતો તેથી આ લતામંડપને જોઈને તેમને વાદળાંનો ભાસ થયો અને કેકારવ કરવા લાગ્યા. આ લતામંડપ એટલો તો અંધકારિત લાગતો હતો કે લાંબા-કાળથી ટેવાઈ ગયેલા મોરલાઓને પણ તેમાં વાદળાંની ભ્રાન્તિ થઈ. मुहुर्मुहु—વારંવાર. उन्मुक्ताः मधुराः केकारवाः यैः ते उन्मु....रवाः (બહુ.) तैः જેમણે મધુર કેકારવ માંડ્યો છે તે મોરલાઓથી वनशिखंडिभिः—વનમાં રહેનાર મોરલાઓથી. उन्नता कन्धरा येषां ते उन्नतकन्धराः (બહુ.) तैः ડોક ઊંચી કરીને; જેમણે ડોક ઊંચી કરી છે તે (મોરલાઓથી), अवलोक्यमानम्—अव+लोक् ના પ્રેરકનું આ. વ. કૃ. પુ. દ્વિ. એ. વ. જોવાતું. पदं—સ્થાન. जलदकाल—ચોમાસું. प्रतिपक्ष—શત્રુ. निजावासम् निजः आवासः (કર્મ.) तम्—પોતાનું રહેઠાણ. जडिम्नः—जडिमन् નું ષ. એ. વ. ઠંડકનું, શીતળતાનું. निर्गममार्ग—બહાર નીકળવાનો રસ્તો. सुरभिमासः=मधुमासः=ચૈત્ર મહિનો. मकरः ध्वजे यस्य सः मकर-

ध्वजः (બહુ.) तस्य જેના ધ્વજ ઉપર માછલાંનું નિશાન છે તેનું, કામદેવનું. उत्कंठायाः विनोदस्य स्थानम् उत्कं...मम् (ષ. ત.) દુઃખ દૂર કરવાનું સ્થાન. રતિ કામદેવની સ્ત્રી હતી. જ્યારે શંકરે કામદેવને ભસ્મીભૂત કરી નાખ્યો ત્યારે તે ઘણો જ વિલાપ કરવા લાગી. કવિ કહે છે કે આ મંડપ એટલો બધો સુખકર અને રમણીય હતો કે રતિનું દુઃખ પણ અહીં દૂર થઈ જાય તેમ હતું. आस्पदम्–સ્થાન. अनवरत–સતત, અટક્યા વગર. वलित–વાતા, ફૂંકાતા. सुरभि–સુગંધી. अभ्यन्तर–અંદર આવેલ. अनवरतं वलिताः सुरभयः शीतलाः च अच्छोदसरस्तरंगेभ्यः मारुताः तैः अभिवीजितानि अभ्यन्तरे शिलातलानि यस्य सः अनवरत...तलः (બહુ.) तम् સતત ફૂંકાતા, સુગંધી અને શીતળ અચ્છોદ સરોવરના તરંગ ઉપરથી આવતા પવનોથી જેની અંદરની શિલાઓને પવન નખાય છે તે. तम्=लतामंडपम्. अतिचिरं अन्तरितं दर्शनं यस्य सः अति...नः (બહુ.) तम् ઘણા લાંબા કાળ પછી દેખાયેલ न अन्यस्मिन् दृष्टि यस्य सः अनन्यदृष्टिः (બહુ.) જેની દૃષ્ટિ બીજે ન હતી તે. ત્યાં જ દૃષ્ટિ રાખીને. निमेषः–પલકારો. विस्मृतः निमेषः येन तद् विस्मृतनिमेषम् (બહુ.) तेन પલકારો પણ માર્યા વગર. स्तम्भितः સ્તંભી ગયેલ; उत्कीर्णः–કોતરાયેલ, पुस्तमयः–માટીનો બનાવેલ, પુતળાં જેવો. ऊर्ध्वः एव स्थित्वा–ઉભો જ રહીને. अपारयन् इव अंगानि धारयितुम्–(શરીરના) અંગોને ધારણ કરવાને જાણે અશક્ત હોય તેમ. आक्रम्यमाणा इव मूर्च्छया–મૂર્છાએ જાણે (તેના ઉપર) આક્રમણ કર્યું હોય તેવો; મૂર્છા પામેલો. आक्रम्यमाणः–आ+क्रम् ના કર્મણિનું વ. કૃ. પુ. પ્ર. એ. વ. उन्मुच्यमानः इव इन्द्रियैः–ઇન્દ્રિયો જાણે તેને છોડી ગઈ હોય તેવો. उन्मुच्यमान्–उद्+मुच् નું કર્મણિ વ. કૃ. उन्मुक्तानि अंगानि यस्य सः उन्मुक्तांगः (બહુ.) જેનાં ગાત્રો ઢીલાં પડી ગયાં છે તે. समुपविश्य भूमौ–જમીન ઉપર બેસીને किमपि–કાંઇક, અવર્ણનીય, ન સમજાય તેવું. अन्तरात्मना–અંતરાત્મામાં,

હૃદયની અંદર. अनुध्यायन्–अनु+ध्यै નું વ. કૃ. ધ્યાન ધરતો, વિચારતો. निर्गतः विकारः यस्मात् तद् निर्विकारम् (બહુ.) निर्विकारं वदनं यस्य सः निर्विकारवदनः (બહુ.) જેના મોઢા ઉપર કોઈ પણ જાતનો ભાવ નથી તે. ભાવશૂન્ય મુખવાળો. गलितः लोचनाभ्यां पयसः धारासन्तानः यस्य सः गलि...नः (બહુ.) જેની આંખોમાંથી પાણીની સતત (सन्तानः) ધાર વહે છે તે; આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતો. तूष्णीम्–શાંત, બોલ્યા વગર. अधः मुखं यस्य सः अधोमुखः (બહુ.) નીચું મોં રાખીને, નીચું જોઈને. तस्थौ–स्था નું પરોક્ષ ભૂત. ત્રી પુ. એ. વ. ઊભો રહ્યો. આમ થવાનું કારણ નીચેની વાત ઉપરથી સ્પષ્ટ થશેઃ– મહાશ્વેતા એક વાર અચ્છોદ સરોવરમાં સ્નાન કરવા ગઈ હતી ત્યારે તેણે ત્યાં અતિ રમણીય મુનિકુમાર પુંડરીકને જોયો અને બંને એકબીજાના પ્રેમમાં પડ્યા. મહાશ્વેતા સ્નાન કરીને તેને ઘેર જઈને રાત્રે છાનીમાની પુંડરીકને મળવા આવી તેટલામાં તો પુંડરીક મરણ પામ્યો. વૈશમ્પાયન આ પુંડરીકનો જ અવતાર હતો તેથી અચ્છોદ સરોવર પાસે આવતાં જ તે આકર્ષાયો. उदपादि – उद् + पद् ગ. ૪. આ.નું અદ્યતન ભૂત ત્રી. પુ. એ. વ. થઈ. येन केनचिद्–જે તે વસ્તુથી, ગમે તેનાથી. अपह्रियन्ते – अप + हृ નું કર્મણિ ત્રી. પુ. બ. વ. ખેંચાય છે, આકર્ષાય છે, દૂર લઈ જવાય છે. रसिकं हृदयं येषां ते रसिकहृदयाः (બહુ.) રસિક હૃદયવાળા. परिणामः–વૃદ્ધાવસ્થા, પાકટ વય. परिणामे धीरा मतिः येषां ते परि...यः (બહુ.) પાકટ વયને લીધે જેમની બુદ્ધિ સ્થિર થઈ છે તેવા. किं पुनःના ઉપયોગ માટે પરિશિષ્ટ જુઓ. कुतूहलास्पदम्–કુતૂહલોનું રહેઠાણ. યુવાવસ્થામાં સ્વાભાવિક રીતે જ નવું નવું જાણવાની કુતૂહલતા થાય છે. આથી જ યુવાવસ્થાને કવિએ कुतूहलास्पदम् કહી છે. प्रथमे वयसि–પ્રથમ વય, યૌવન. પાકટ બુદ્ધિ-વાળા માણસો પણ કુતૂહલથી પ્રેરાય છે; ત્યારે યુવાન પુરુષો તો પ્રેરાય જ, એમાં નવાઈ નથી. नियतम्–ચોક્કસ. भावयतः–भू ગ. ૧૦

ઉ. ના પરસ્મૈ.નું વ. કૃ. પુ. પ. એ. વ. વિચાર કરતાં, इयम् ईदशी हृदयविकृतिः जाता—આ આવો હૃદયવિકાર થયો છે. न चिरात्—ટૂંક સમયમાં, તુરત જ. अवदाम—वद्नुं હ્યસ્તન ભૂ. ૧. પુ. બ. વ. કહ્યું. दृष्टा—જોઈ. दर्शनीय—दृश्नुं વિધ્યર્થ કૃદંત—જોવા લાયક. अवधिः—હદ, છેડો, પાર, અંત. અચ્છોદ સરોવર એટલું બધું રમણીય હતું કે તેનાથી વધારે રમણીય વસ્તુ સંભવી શકે જ નહિ. તેથી જ તેને દર્શનીય વસ્તુની હદ કહેલ છે. બાણે પણ આ જ શબ્દોમાં અચ્છોદ સરોવરનું વર્ણન કરેલ છે. વાંચો:—'आलोकितः खलु रमणीयानामन्तः। दृष्ट आह्लादनीयानामवधिः। वीक्षिता मनोहराणां सीमान्तलेखा। प्रत्यक्षीकृता प्रीतिजननानां परिसमाप्तिः। विलोकिता दर्शनीयानामवसानभूमिः।' निर्वर्तयामः—निस् + वृत् ગ. ૧. આ. ના. પ્રેરકનું પરસ્મૈ વર્તમાન ૧ પુ. બ. વ. પૂરું કરીએ, પતાવીએ. अतिमहती वेला—વખત ઘણો થઈ ગયો છે. ઘણું મોડું થયું છે. सज्जीभूतः—सज्जीभवति (च्वि રૂપ છે)નું કર્મણિ ભૂ. કૃ. સજ્જ થયેલ, તૈયાર થયેલ. साधनम्—લશ્કર. मुखं अभि अभिमुखः प्रयाणाय अभिमुखः प्रयाणाभिमुखः (સ. ત.) પ્રયાણ કરવા તૈયાર થયેલ. प्रतिपालयन्—प्रति+पा ના પ્રેરકનું વ. કૃ. રાહ જોતું. आस्ते—રહેલ છે, ઉભું છે. किम् अद्यापि विलम्बितेन—હજુ પણ વિલંબ કરવાનો શો ઉપયોગ છે? अस्मदीय—અમારો. अश्रुतः अस्मदीयः आलापः येन सः अश्रुत...पः (બહુ) જેણે અમારું વચન ન ન સાંભળ્યું હોય તે. अशिक्षितः इव वक्तुं—જેને બોલતાં શીખવવામાં નથી આવ્યું તેના જેમ, જાણે બોલતાં ન આવડતું હોય તેમ. प्रत्युत्तरम्—જવાબ अदात्—दा નું અદ્યતન ભૂત ત્રી. પુ. એ. વ. આપ્યો. तम् एव—તે (મંડપને) જ अविद्यमानः निमेषः यस्य तद् अनिमेषम् (नञ् बहु) अनिमेषं पक्ष्म यस्य तद् अनिमेषपक्ष्मा (બહુ.) तेन પાંપણનો પલકારો માર્યા વિના निश्चला स्तब्धा तारका यस्य तद् निश्चल...कं (બહુ.) तेन જેની કીકી નિશ્ચલ અને સ્તબ્ધ હતી તેવી

(આંખ) વડે. पक्ष्मन्–પાંપણ तारका–કીકી संततः (ચાલુ, સતત) अश्रुस्रोतः यस्य तद् संतताश्रुस्रोतस् (બહુ) तेन જેમાંથી સતત અશ્રુનો પ્રવાહ વહેતો હતો તે (આંખ)થી. आलोकितवान्–आ+लोक् નું કર્તરિ ભૂ. કૃ. જોયા કર્યું.

अनुरुध्यमानः–अनु+रुध् ગ. ૭. ઉ. ના કર્મણિનું વ. કૃ. પુ. પ્ર. એ. વ. સમજાવાતો ग्रथित–ચોંટાડેલ, સ્થિર કરેલ. तस्मिन् ग्रथिता दृष्टिः यस्यः सः तद्ग्रथितदृष्टिः (બહુ) તે (લતા–મંડપ) ઉપર જ દૃષ્ટિ સ્થિર કરીને. परिच्छेदः–નિશ્ચય. परिच्छेदेन निष्ठुरं यथा स्यात् तथा परिच्छेदनिष्ठुरं (અવ્યયી.) નિશ્ચય કરી લીધેલ હોવાથી કઠોરતાથી. आदाय–લઈને. न युक्तं–યોગ્ય નથી. चन्द्रापीडस्य भुजयोः बलेन परिरक्षितं चन्द्रा...तं (તૃ. ત.) ચન્દ્રાપીડના બાહુબળથી રક્ષાયેલ. महासाधनं गृहीत्वा–મહાન લશ્કરને લઈને. अवस्थानं कर्तुम्–રહેવું. उक्तवन्तम्–वच् નું કર્તરિ ભૂ. કૃ. દ્વિ. એ. વ. કહેતા. अकस्मात् नाम–અકસ્માતથી જ; दैवात् एव–ભાગ્યવશાત્, નસીબજોગે. आशंक्य–ધારીને, સંશય લાવીને अनुनयेन सह यथा स्यात् तथा सानुनयम् (અવ્યયી) વિનતિપૂર્વક, સાંત્વનપૂર્વક, प्रतिबोध्य–प्रति+बुध् નું સંબંધક ભૂ. કૃ. સમજાવીને तादृशं असंबद्धं (અયોગ્ય) अनुष्ठानं (કાર્ય) तादृशा...नं (કર્મ.) तेन. जाता पीडा येषां ते जातपीडाः (બહુ.) જેમને દુઃખ થયું છે તે. एवं न... स्थातुम्–આ શબ્દો વ્યંગમાં બોલાયા છે. न विद्यते अन्तरं यस्य सः अनन्तरः (બહુ.)ના જેવો જ. ચન્દ્રાપીડના પિતાનું નામ તારાપીડ હતું જ્યારે વૈશમ્પાયનના પિતાનું નામ શુકનાસ હતું. શુકનાસ તારાપીડ રાજાનો પ્રધાન હતો. लब्धं जन्म येन सः लब्धजन्मा (બહુ.) तस्य. જન્મ લીધો છે તેને. विलासवती–તારાપીડની સ્ત્રીનું નામ છે. વૈશમ્પાયનની માતાનું નામ મનોરમા હતું. अंकलालित–ખોળામાં રમેલો. एकत्र

